# કૃષ્ણએવ તાત્પર્યમ્

વ્યાખ્યાતા :

ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી

**પ્રકાશક :**
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ
કંસારા બજાર, માંડવી, જિ. કચ્છ, ગુજરાત, ૩૭૦ ૪૬૫.
☎ 02834-231463, 224306.
Email : gosharadad1@sancharnet.in

www.pushtimarg.net

**સમ્પાદક** : ગોસ્વામી શરદ્

**અનુવાદક :** શ્રીરમેશભાઈ પંચાસરા(રાજકોટ)

**પ્રથમ સંસ્કરણ :** વિ.સં. ૨૦૬૨ **પ્રતિ :** ૧૦૦૦

**નિ:શુલ્કવિતરણાર્થ**

**રવાનગી ખર્ચ :** પોસ્ટેજ / રૂ. ૫(અનરજિસ્ટર્ડ)

એક વ્યક્તિને માત્ર એક જ પુસ્તક આપવા - મોકલવામાં આવશે.

**મુદ્રક :** શ્રીવલ્લભ બુક મેન્યુફેક્ચરિંગ કું. લિ. અમદાવાદ

## શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી - કચ્છ

▷ **સેમિનાર :**

**આયોજિત :**

૧. શબ્દખણ્ડીયા વિદ્વત્પરિચર્ચા, ગાંધીનગર-ગુજરાત
૨. કાર્યકારણભાવવિચાર, વડોદરા-ગુજરાત
૩. અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સઙ્ગોષ્ઠી, પુણે
૪. પ્રત્યક્ષપ્રમાણ સઙ્ગોષ્ઠી, પુણે
૫. વાર્તાપરિચર્ચા, હાલોલ-ગુજરાત
૬. અધિકારપરિચર્ચા, હાલોલ-ગુજરાત
૭. પુષ્ટિભક્તિમાર્ગીય સાધનાપ્રણાલી, મુમ્બઈ
૮. "કથાયાં વા" / ગુણગાન સાધના, મુમ્બઈ
૯. World Philosophy Conference, Delhi (Cosponsored with Indian Philosophical Congress)
૧૦. International Conference on World Peace, Ahmedabad (Cosponsored with Uni. of Gujarat)
૧૧. અન્યકારવાદ વિદ્વત્પરિચર્ચા, પુણે
૧૨. શરણાગતિ, મુમ્બઈ

**આયોજ્ય :** અનુમાનપ્રમાણ; સેવાસાધના

▷ **આચાર્યવંશજોમાટે અધ્યયનસત્ર**

૧. તર્કામૃતમ્ - ન્યાયસિદ્ધાન્તમુક્તાવલી ૨. વેદાન્તસાર

▷ **ગ્રન્થપ્રકાશન :**

| ગ્રન્થ | પ્રકાશનસહાય |
|---|---|
| ૧. પ્રવેશિકા ( ગુજ. ) | ૧૦ |
| ૨. પ્રવેશિકા ( અંગ્રેજી ) | નિ:શુલ્ક |
| ૩. પ્રમેયરત્નસંગ્રહ ( ગુજ. ) | |

૪. શબ્દખણ્ડીયા વિદ્વત્પરિચર્ચા ( સંસ્કૃત-હિન્દી-અંગ્રેજી ) ૨૦૦
૫. અન્યખ્યાતિવાદીય વિદ્વત્સંગોષ્ઠી ( સંસ્કૃત-હિન્દી-અંગ્રેજી )૧૫૦
૬. તત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત શાસ્ત્રાર્થપ્રકરણમ્
( વ્રજભાષાટીકા) સાધારણસંસ્કરણ / રાજસંસ્કરણ ૫૦/૭૦
૭. તત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત સર્વનિર્ણયપ્રકરણમ્
( વ્રજભાષાટીકા )સાધારણસંસ્કરણ / રાજસંસ્કરણ ૮૦/૧૦૦
૮. વાર્તાપરિચર્ચા ૧૫
૯. પુષ્ટિવિધાનમ્-૧ ( પાઠાવલી, વ્રજભાષા ) અપ્રાપ્ય
૧૦. પુષ્ટિવિધાનમ્-૧ ( પાઠાવલી, ગુજ. ) ૨૫
૧૧. પુષ્ટિવિધાનમ્-૨ ( વ્યાકરણમ્ ) ૧૦૦
૧૨. પુષ્ટિવિધાનમ્-૩ ( વ્રજભાષાવિવૃતિ ) ૫૦
૧૩. અધિકારપરિચર્ચા ( ગુજ.-હિન્દી-વ્રજ ) ૧૦૦
૧૪. શ્રીભાગવત મહાપુરાણ ( ગુર્જરભાષાનુવાદ ) ૩૦૦
૧૫. Manual of the Devotional Path of Pushti 65
૧૬. સેવા ઔર વ્રજલીલા ( વ્રજભાષા ) અપ્રાપ્ય
૧૭. શ્રીગોપીનાથપ્રભુચરણ( ગુજ.-હિન્દી ) ૨૫
૧૮. Computer CD, www.pushtimarg.net 50
૧૯. સાધનાપ્રણાલી( ગુજ.-હિન્દી-અંગ્રેજી ) ૫૦
૨૦. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ( ગુજ.-હિન્દી ) નિ:શુલ્ક
૨૧. રસદષ્ટિની તરફેણમાં ( ગુજ. ) નિ:શુલ્ક
૨૨. કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી(સંસ્કૃત-હિન્દી-અંગ્રેજી) ૨૦૦
૨૩. પુષ્ટિપ્રવેશ - ૧( ગુજરાતી ) ૧૦
૨૪. પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા ૧૦
૨૫. શરણાગતિ વિચારગોષ્ઠી એક પૂરક પ્રશ્નોત્તરી નિ:શુલ્ક
૨૬. Summary of Śuddhādvaita Vāṅgmaya 15



૨૭. સેવા અને વ્રજલીલા (ગુજરાતી) નિ:શુલ્ક
૨૮. કૃષ્ણએવ તાત્પર્યમ્ (ગુજરાતી) નિ:શુલ્ક

**સહયોગ પ્રકાશન**

શ્રીભાગવતસુબોધિની ગુર્જરાનુવાદ( આ પુસ્તકો સેટમાંજ આપવામાં આવશે તેમજ આ શૃંખલામાં આગળ પ્રકાશિત થનારા ભાગો પણ સેટ લેનારે લેવાના રહેશે )

અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી

૨૯. દશમસ્કન્ધ જન્મ પ્રકરણ
૩૦. દશમસ્કન્ધ તામસ પ્રમાણ પ્રકરણ
૩૧. દશમસ્કન્ધ તામસ પ્રમેય પ્રકરણ
૩૨. દશમસ્કન્ધ તામસ સાધન પ્રકરણ
૩૩. દશમસ્કન્ધ તામસ ફલ પ્રકરણ
૩૪. દશમસ્કન્ધ રાજસ પ્રમાણ પ્રકરણ
૩૫. દશમસ્કન્ધ રાજસ પ્રમેય પ્રકરણ
૩૬. દશમસ્કન્ધ રાજસ સાધન પ્રકરણ
૩૭. દશમસ્કન્ધ રાજસ ફલ પ્રકરણ
૩૮. દશમસ્કન્ધ સાત્વિક પ્રમેય-સાધન-ફલ પ્રકરણ
૩૯. દશમસ્કન્ધ ગુણ પ્રકરણ
૪૦. એકાદશસ્કન્ધ
૪૧. તૃતીયસ્કન્ધ અ. ૧-૮
૪૨. તૃતીયસ્કન્ધ અ. ૯-૧૯
૪૩. શ્રીગુસાંઈજી વિરચિત દશમસ્કન્ધ ટિપ્પણી
૪૪. Śrīmad Vallabhācārya, His Philosopohy and Life, Prof. J. G. Shah 100
૪૫. Śrīmad Vallabhācārya, His Philosopohy and Religion, Prof. J. G. Shah 300

૪૬. Śrī Vallabhācārya and His Teachings, Dr. Chimanlal Vaidya 100

૪૭. Doctrines of Vallabhacharya, Ishverbhai S. Amin 100

- **ગોશાળા**
- **સંસ્કૃત માધ્યમથી અધ્યયન કરતા વિદ્યાર્થીઓમાટે છાત્રાલય**
  સંચાલન : શ્રીવલ્લભાચાર્ય વ્રજસંસ્કૃતિ વિકાસ ટ્રસ્ટ સમિતિ, ગોકુલ
- **છાત્રવૃત્તિ**
- **હસ્તપ્રતસંગ્રહ - સંરક્ષણ; પુસ્તકાલય**
- **યાવત્પ્રાપ્ય સામ્પ્રદાયિક શ્લોકોની પાદાનુક્રમણિકા**
- Digitalization of the manuscripts
- Catalogus Catalogorum of the manuscripts of Śuddhādvaita - Puṣṭibhakti - Sampradāya.
- Encyclopedic CD ROM comprising of entire original Sanskrit writings of Acharyas along with Vraj, Hindi, Gujarati & English literature written on the base of such writings.



# પ્રાપ્તિસ્થાન

**પોસ્ટદ્વારા તથા પ્રત્યક્ષ** ( પોસ્ટેજ અતિરિક્ત )
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી - કચ્છ, ગુજરાત, ૩૭૦ ૪૬૫.
ફોન : ૦૨૮૩૪ - ૨૩૧૪૬૩, ૨૨૪૩૦૬

**( નીચેના સ્થળોપરથી અનુકુળ સમય જાણીને પુસ્તકો જાતે જઈને મેળવવા )**

રાજકોટ :
- શ્રીબાલકૃષ્ણ પુસ્તકાલય, દરબારગઢ.
- શ્રીપ્રવીણભાઈ ઠક્કાણીયા, 'પુષ્ટિ', વ્રજવલ્લીકે સામને, જલારામ ૨, યુનિવર્સિટિ રોડ, ફોન : ૦૯૪૨૬૨૬૭૨૬૩

જુનાગઢ :
- પુષ્ટિસાહિત્ય વિક્રય કેન્દ્ર, મોટી હવેલી, પચ્ચ હાટડી.
- શ્રીહર્ષદભાઈ ચાંગેલા, ડી. કાન્તિલાલ એન્ડ કં., હાર્ડવેર મર્ચન્ટ, ચિનાખાના ચોક, ફોન : ઘર - ( ૦૨૮૫ )૨૬૬૦૨૯૭

અમદાવાદ :
- શ્રીજનકભાઈ શાહ, ૩૫, નિકુઞ્જવિહાર, લાડ સોસાઈટી, વસ્ત્રાપુર. ફોન : ૦૭૯ - ૬૮૫૫૭૨૯
- શ્રીમતી નિકિતાબેન ફોન : ૨૬૬૨૧૧૧૯.

વડોદરા :
શ્રીનરેન્દ્રભાઈ શાહ, ૨૩ ઈન્દ્રપુરી સોસાયટી, સંગમ ચાર રસ્તાની બાજુમાં. ફોન : ૨૪૮૨૦૭૧

હાલોલ :
શ્રીભાનુબેન ગોર, ૨૫, આદર્શ સોસાઈટી. ફોન : ૦૨૬૭૬ - ૨૨૧૩૭૨, ૨૨૧૭૪૩.

સુરત :

- શ્રીનિલેશ મહેતા, ૬, ભાગ્યનિધિ રો હાઉસિસ, સહજ સુપરસ્ટોર પાછળ, રાન્દેર. ફોન : ૦૨૬૧ - ૯૩૭૪૭૨૩૯૦૭.
- શ્રીસુનીલભાઈ જાગીરદાર, ૪૪, સંગમ સોસાઈટી, પાર્લે પોઈન્ટકે પાસ, આથવા લાઈન્સ, ફોન : ૦૨૬૧-૨૨૨૭૨૬૩, ૩૩૪૭૨૬૩

ગોકુલ :

પુષ્ટિસાહિત્ય વિક્રય કેન્દ્ર, નન્દચૌક, ગોકુલ, જિ. મથુરા, ઉત્તરપ્રદેશ.

મુમ્બઈ :

કાલબાદેવી : શ્રીઅંશુ ગોપાલભાઈ શાહ, ૧૫ ‘પુરુષોત્તમનિવાસ’, દાદીશેઠ અગિયારી લેન, કાલબાદેવી ફોન : ૦૨૨ - ૨૨૦૮૯૯૨૨

વિલેપાર્લે : શ્રીરસિકભાઈ શાહ, ૪, ‘મથુરાભુવન’, શ. ભગતસિંહ રોડ, બજાજ રોડ, વિલેપાર્લે( પશ્ચિમ ) ફોન : ૦૯૮૧૯૮૨૫૯૩૨

બોરીવલી : શ્રીધર્મેન્દ્રસિંહ ઝાલા, ૮ બી, ‘કૃપાધામ’, કાર્ટર રોડ નં.-૨, બોરીવલી ઈસ્ટ. ફોન : ૦૨૨ - ૨૮૦૬૮૬૨૫

કાન્દીવલી : શ્રીમધુભાઈ શાહ, ‘શિવકૃપા’ પહેલામાળે, રામગલીના નાકાઉપર, મ્યુનિસિપલ ગાર્ડનની સામે, કાન્દીવલી(પ) ફોન : ૦૨૨ - ૨૮૦૭૦૦૪૩

પુષ્ટિસાહિત્ય વિક્રય કેન્દ્ર, શ્રીવલ્લભસુખધામ, ઠઠાઈ ભાટીયા હોલ, એસ. વી. રોડ, કાન્દીવલી, વેસ્ટ.

# ।। કૃષ્ણએવ તાત્પર્યમ્ ।।

**ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી(કિશનગઢ-પાર્લા)**

સામાન્ય રીતે અધ્યક્ષપદીય વક્તવ્ય સમાપનના સમયે કરવામાં આવે છે. પરન્તુ હું મારી મુશ્કેલી તમને બતાવું તો તે આ છે કે હું જે અધ્યક્ષીય વક્તવ્ય આપવા ઈચ્છતો હતો તેનો ૨૫ ટકા ભાગ પ્રતીકે મારા મુખમાંથી છીનવીને પોતાના પેપરમાં આપી દીધો છે (વધુ વિગતમાટે જુઓ શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ દ્વારા પ્રકાશિત પુસ્તક “સાધનાપ્રણાલી”). હવે મારી સમસ્યા આ છે કે હું બોલું તો શું બોલું!

બીજી વાત આ છે કે બાકી રહેલો ભાગ અતિશય વિકટ છે. અને તેની બાબતમાં હું આવતા વર્ષે શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્ય ઉત્સવ ઉપર “અંગીકૃત્યૈવ ગોપીશવલ્લભીકૃતમાનવ:, અઙ્ગિકૃતૌ સમર્યાદો” નામોના વિવેચનના અવસર ઉપર સમજાવવા ઈચ્છતો હતો. તે નામોનું સવિસ્તાર વિવેચન આ નાના સત્રમાં કરી શકાય તેમ નથી અને વળી ન કરું તો અહીંયા હાલમાં જે પ્રશ્નો ઉપર આપણે ચર્ચા કરી રહ્યા છીએ તેના ખુલાસા ન થઈ શકે.

જ્યારથી આ ચર્ચા ઉપસ્થિત થઈ, ખાસ કરીને હું ભૂષણબાવાની તરફ ઈશારો કરવા માગી રહ્યો છું, ત્યારથી મને સફોકેશન (ગુંગણામણ) થઈ રહ્યું છે કે હવે કરવું શું! તે વિષયને અહીંયા ચર્ચું તો વિષયની સાથે ન્યાય નહીં થઈ શકે અને ન ચર્ચું તો પ્રશ્નોના ખુલાસા નથી થઈ શકતા. કાલે રસિકભાઈના પેપર વખતે બધાને એવી અનુભૂતિ થઈ હશે કે મેં તે વિષયને સાઈડ-ટ્રેક (ઉપેક્ષા) કરવા

માટે વચમાં કાંઈક બીજી વાત કહી દીધી. તે એવી કે જે પેપર સાથે જોડાયેલી ન હતી. પરન્તુ ફરીથી હું મારી તકલીફ બતાવું કે જે પ્રશ્નોના સમાધાન એક પુરી ભૂમિકાની અપેક્ષા રાખે છે તે ભૂમિકા જ્યાં સુધી સ્પષ્ટ નહીં કરી લઈએ ત્યાં સુધી આપણે ગમે તેટલી માથા ફોડી કરીએ તો પણ તે બધી વાતોના ખુલાસા નહીં થઈ શકે. અને મારામાં એટલી વાક્ચાતુરિ નથી કે આટલા થોડાક સમયમાં હું તેને સાર રૂપે આપને સમજાવી શકું. કારણ કે જો એ ફન્ડામેન્ટલ પ્રિન્સિપલને (આધારભૂત સિદ્ધાન્તોને) આપણે સમજીએ નહીં તો બે-ચાર દિવસ તો શું પણ ચાર મહિના સુધી પણ ચર્ચા કરતા રહીએ તો પણ આનું સોલ્યુસન (સમાધાન) આવી નહીં શકે. વાતો કડવી હોય કે મીઠી હોય તેનાથી મને કોઈ ફરક નથી પડતો. કેમ કે કારેલાનો સ્વાદ ખૂબ જ સારો હોય છે, કોઈકને નહીં લાગતો હોય પણ મને તો સારો લાગે છે. અને ગળ્યાનો પણ સ્વાદ એટલો જ સારો લાગે છે. આપણે ત્યાં તો નવા વર્ષના દિવસે પ્રિપેરેશન (તૈયારી) જ એવી હોય છે કે કડવો લીમડો અને મીઠી સાકર ખાઈને આપણે આપણી જાતને આવી રહેલા આખા વર્ષની બધી કડવાહટ અને મીઠાશને માટે તૈયાર રાખીએ છીએ. તે કડવાહટ ચાહે તો, અસિતના શબ્દોમાં, અરસિક સાક્ષિતાની હોય કે પછી રસિક અસાક્ષિતાની હોય! જેવી પણ કડવાહટ/મીઠાશ હોય તે પાર્ટ ઓફ ધ ગેમ (રમતનો એક ભાગ) છે. તેને જ્યારે આપણે એક ગેમ (રમત) તરીકે સ્વીકારવા તૈયાર ન હોઈએ તો "પુષ્ટિમાર્ગ તારાથી નભી શકશે નહીં તેથી તને પુષ્ટિમાર્ગમાં નથી લેતો" એમ શ્રીમહાપ્રભુજી કહેવા ઇચ્છશે જ. આ વાત ઉપર આપણે ધ્યાન દેવું જોઈએ.

અંકિતાએ અહન્તા-મમતા (અ.-મ.)નો વિષય માઈક્રો-બાયોલોજી (સૂક્ષ્મ-જીવવિજ્ઞાન)ની દૃષ્ટિથી લીધો છે અને પ્રતીકે



તેનો દાર્શનિક અને ભક્તિમાર્ગીય પક્ષ લીધો છે. બન્નેએ એક બીજાના પૂરક આલેખ લખ્યા છે.

પ્રતીકે પોતાના આલેખમાં અ.-મ.ને ખૂબ જ સારી રીતે અને ડ્રામેટીકલી ઈન્ટ્રોડ્યૂસ્ (નાટ્યાત્મક રજુઆત) કરી છે. પ્રતીક કહી રહ્યો છે કે અ.-મ.ની બાબતમાં કાંઈ પણ બોલતા પહેલા તે પોતે શું છે તે આપણને બતાવવા માગે છે. કેવી રીતે બતાવી રહ્યો છે? "મારું નામ પ્રતીક શાહ છે...." આમ તે કહી રહ્યો છે. તેણે જે પોતાનો પરિચય આપ્યો તેમાં થોડીક તેની અહન્તા છે અને થોડીક તેની મમતા. આપણે સમજી શકીએ છીએ કે ક્યાં અહન્તા છે અને ક્યાં મમતા છે. તે કહે છે કે અહન્તા એ મારી પરિભાષા છે અને મમતા મારી આજુબાજુની વસ્તુઓને પરિભાષિત કરે છે. આ બન્ને નિર્દોષ છે. કોઈ પણ જીવિત પ્રાણીમાં આ પ્રકારની વૃત્તિ રહેશે જ કે તે પોતે પોતાને સમજવા માટે અહન્તાનો આશ્રય લેશે અને પોતાનાથી અલગ-જૂદી વસ્તુઓને સમજાવવા માટે તે મમતાનો આસરો લેશે.

ખૈર, ભગવદ્ગીતામાં **"કામ એષઃ ક્રોધ એષો રજોગુણ સમુદ્ભવો, મહાશનો મહાપાપ્મા વિદ્ધ્યૈનમ્ ઈહ વૈરિણમ્"** વચનમાં ભગવાને બહુ મોટો કાઉન્ટર બોમ્બાર્ડમેન્ટ (વળતો હુમલો) અ.-મ.ના વિસ્ફોટ ઉપર કરી રાખ્યો છે. ભગવાન્ કહે છે કે રજોગુણથી ઉત્પન્ન થતા કામ-ક્રોધ તમારા સૌથી મોટા શત્રુ છે. અહીંયા એક વાત ધ્યાનથી સમજ જો કે શ્રીમહાપ્રભુજીની પદાર્થમીમાંસામાં અહઙ્કાર પોતે રજોગુણસમુદ્ભવ છે. ગીતાના શ્લોકની મજા લેવી હોય તો જુઓ કે ઠાકોરજી પણ ક્યાંથી બધી વાત ઈન્ટ્રોડ્યુસ્ (પ્રસ્તુત) કરી રહ્યા છે. કે "કામ એષઃ ક્રોધ એષો રજોગુણસમુદ્ભવઃ" રજોગુણથી સમુદ્ભવ પણ કામ-ક્રોધ હોય છે. અહીંયા અર્થાપત્તિદ્વારા, એટલે કે બાય

ઇમ્પ્લિકેશન પણ તો સમજમાં આવી શકે છે કે અમુક કામ - ક્રોધ એવા પણ હોઈ શકે છે કે જે રજોગુણસમુદ્ભવ ન હોય અને કેટલાક કામ-ક્રોધ એવા પણ હોઈ શકે છે જે તમોગુણસમુદ્ભવ હોય. અને જ્યારે આપણે આટલું વિચારી શકીએ છીએ તો આ વિચારવામાં પણ કોઈ તકલીફ ન થવી જોઈએ કે કેટલાક કામ - ક્રોધ એવા પણ હોય શકે છે કે જે ગુણસમુદ્ભવ પણ ન હોય એટલે કે નિગુર્ણ કામ - ક્રોધ હોય. ભગવાનની વાક્યાવલીનું ન્યુએન્સ (નાવીન્ય) સમજવાનો પ્રયાસ કરો તો આ વાતની ખૂબસુરતી સમજવામાં આવશે. ભગવાન્ કહી રહ્યા છે કે રજોગુણ સમુદ્ભવ જે કામ ક્રોધ છે તે તમારો સૌથી મોટો દુશ્મન છે. આ જ સૌથી મહાન પાપરૂપ છે. આનાથી તમે સાવધાન રહો.

ભગવાનની આ વ્યાખ્યાથી એ વાત સરળતાથી સમજી શકાય છે કે અ.-મ. આપણને કોઈ વિનાશક વળાંક સુધી પણ પહોંચાડી શકે છે. કેમ કે ભગવાન્ આપણી અ.-મ.થી ઉત્પન્ન થતા કામ-ક્રોધની જ્યારે આટલી કડક નિંદા કરી રહ્યા છે તો આમાં જરૂર આપણા વિનાશના બીજ રહેલા હોવા જોઈએ જ. અ.-મ.ના દોષ થવાની બાબતમાં પ્રતીકે ખૂબ સારો શબ્દ વાપર્યો છે: ''સીમીંગલિ ઈનોસેન્ટ''. એટલે કે અ.-મ. લાગે એવી છે કે જાણે આ બન્ને ખૂબ જ ભોળી હોય. જેમ બાળક ચોકલેટને માટે લલચાતો હોય ત્યારે બાળક પાસે આપણે જે કબુલ કરાવવા ઇચ્છીએ તે ચોકલેટની લાલચ આપીને કબુલ કરાવીએ છીએ. અહીંયા બાળકની લાલસા ખૂબ ભોળી છે. પણ ગવર્મેન્ટ ઓફિસર (સરકારી કર્મચારી) કોઈ કામ કરવા માટે જો ચોકલેટ આપણી પાસે માંગે તો તેમાં તેની જે લાલચ છે તે સમાજને નષ્ટ કરવાવાળી છે. એક વાત સાચી છે કે જો બાળકને ચોકલેટ આપી-આપીને કામ કરાવવાની ટેવ ન પાળી હોત તો તે ગવર્મેન્ટ ઓફિસર બનવા પછી કામ કરવા



માટે આપણી પાસેથી શું કામ પેટી કે ખોખું માગત! હવે આપણે દુઃખી થઈએ કે સરકામાં ભ્રષ્ટાચાર ફેલાઈ ગયો છે. તો જુઓ જે સીમીંગલિ ઈનોસેન્ટ્ અહન્તા - મમતા છે તે અન્તે વ્યવહારમાં જઈને કેવી ભયાનક થઈ ગઈ! તે આપણને આપત્તિજનક થઈ જાય છે, દેશની વિનાશક થઈ જાય છે, અને દુનિયામાં જે કાંઈ કૌભાંડ થઈ રહ્યા છે તે પેલી ભોળી વૃત્તિઓમાંથી જે કુટિલતા પ્રકટ થાય છે તેના જ છે. તો આવી રીતે આપણું ભોળપણ અન્તમાં કુટિલતામાં વિકસિત થઈ જાય છે. આ વાત પ્રતીક પોતાના પેપરમાં કહી રહ્યો છે કે જ્યારે આપણે આપણી અહન્તાને છૂટોદોર દઈને તેનો વિકાસ થવા દઈએ છીએ ત્યારે જ તો તે ક્રોધમાં વિકસિત થાય છે અને છૂટોદોર આપેલી મમતાનો વિકાસ કામમાં થઈ જાય છે. અને આની જ ભગવાન્ નિંદા કરી રહ્યા છે.

અહીંયા એક વાત ધ્યાનથી સમજો કે સારી અથવા ખરાબ કોઈ પણ વસ્તુનો અનિયન્ત્રિત વિકાસ નુકશાન પહોંચાડવાવાળો જ થાય છે. આના ઉપર સાહિર લુધિયાનવીનો એક ખૂબ સારો શેર યાદ આવી રહ્યો છે. ''*યહ જિંદગી જીસ તરહ સે સંવારી ગઈ, જિંદગીકી તલબ હી બઢાઈ ગઈ, આઈનેસે બિગડકે બૈઠ ગયે, જિનકી સૂરત ઉન્હે દિખાઈ ગઈ*''. તે કહે છે કે આપણી જીદંગીનું નિર્માણ યા ઘડતર જ એવા પ્રકારનું છે કે જેમાં જીવનની લલક વધારી દેવાઈ છે. જેમ બાળક જ્યારે નાનું હોય છે ત્યારે તે માનું જે દુધ પીતો હોય છે તે તેને જરૂર મીઠું લાગતું જ હશે. બાળક નાનું હોય છે ત્યારે તે દુધનો સ્વાદ બતાવી શકતો નથી એ બીજી વાત છે અને મોટો થાય ત્યારે તેનો સ્વાદ તેને યાદ પણ નથી રહેતો. પણ નક્કી સમજો કે માંના દુધમાં એક જાતની મીઠાશ હશે જ. શારીરિક વિકાસ માટે બાળકને ખાંડની ખૂબજ જરૂરત હોય છે. એટલા માટે દરેક નાના બાળકને મીઠો સ્વાદ ખૂબજ

ભાવતો હોય છે. જ્યારે માંનુ દૂધ પીવાનું બાળક છોડી દે છે ત્યારે બહારનું દુધ પિવડાવવા આપણે તે દુધમાં ખાંડ નાખી-નાખીને દુધની બાબતમાં તેની ટેવ બગાડી દઈએ છીએ. પછી તેને ખાંડ વગરનું દુધ મોળું લાગવા લાગે છે. અહીં સુધી કંઈ વાંધો નથી. મીઠાસની લલક તો ઈનોસેન્ટ (નિર્દોષ) જ છે. પરન્તુ જ્યારે મીઠાસની લાલચ વધારે વધે અને જ્યારે લે મઠડી! લે બુન્દી! લે મોહનથાલ!... પછી શું થાય? ડાયાબિટીઝ જ થાય. "*યહ જિંદગી જીસ તરહ સે સંવાઈ ગઈ, જિંદગી કી તલબ હી બઢાઈ ગઈ*". આના પરીણામે ડાયાબિટિઝ, અંધાપો, હાર્ટ-એટેક, લકવા વગેરે થાય જ છે. તો જુઓ જિંદગીને સંવારવાના રસ્તા છે તેના ઉપર જ વધારે આગળ વધવાથી વિનાશનો પડાવ પણ આવી જાય છે.

ભગવાને ખૂબ નિંદા કરી છે, બધા શાસ્ત્રો પણ નિંદા કરે છે જિહ્વોપસ્થ-પરાયણતાની. પરન્તુ જો સ્ત્રી-પુરુષ એક બીજાને ઈચ્છતા ન હોત તો આ સૃષ્ટિ ક્યારનીય બંધ થઈ ગઈ હોત. અને આજે એડસ્ જેવી જે બીમારીઓ ફેલાઈ રહી છે તે એનાથી જ તો ફેલાઈ રહી છે! "*યે જિંદગી જિસ તરહ સે સંવારી ગઈ, જિંદગી કી તલબ હી બઢાઈ ગઈ*". હવે આ વાતને આપણે કોઈને સમજાવવા જઈએ તો "*આઈનેસે બિગડકે બૈઠ ગયે, જિનકી સૂરત ઉન્હે દિખાઈ ગઈ*" થઈ જાય! શું કરવું, બધી જ જગ્યાએ આ રીતની તકલીફ છે. કદાચ આપણા ઠાકોરજી સિવાય બીજા કોઈને આરસી જોવી પસંદ નથી આવતી. ગ્રન્થોમાં લખાયેલા સિદ્ધાન્તોની આરસીમાં આપણા કૃત્યોનું પ્રતિબિમ્બ જોવું આપણે આધુનિક પુષ્ટિમાર્ગીયોને કેટલું ખરાબ લાગે છે!

માણસના વશનો આ રોગ નથી કે તે પોતાને અરીસામાં જોઈ શકે. કેમ કે ત્યાં પાછી તે જ વાત આવી રહી છે કે



જે અહન્તા-મમતાથી આપણી જિંદગી સંવારવામાં આવી છે તે આપણો ચહેરો જ્યારે આપણે સિદ્ધાન્તના આરિસામાં જોઈએ છીએ ત્યારે ખૂબ જ વિકૃત દેખાય છે, માથું શરમથી નીચુ થઈ જાય છે. પણ અરીસા ઉપર ગુસ્સો કરવાથી લાભ શું! આપણામાં ઠાકોરજી જેવો ગટ્સ નથી કે આપણે અહન્તા-મમતાના શણગાર પહેરીને આપણી જાતને સિદ્ધાન્તના અરિસામાં ક્યારેક તો જોઈ લઈએ! આ બધા આપણી અ.-મ.ના બેરોકટોક વિકાસના ખરાબ પરિણામ છે. બેરોકટોક વિકાસ પછી ભલે તે ધર્મનો હોય, જ્ઞાનનો હોય, તપનો હોય અથવા વૈરાગ્યનો હોય; સાચી વાત તો એ છે કે બેરોકટોક વિકાસ તો દીનતાનો પણ ખતરનાક હોય છે. હું હંમેશા એક પ્રસિદ્ધ શ્લોક સંભળાવું છું:

**કે યૂયમ્?**

**હરિપાદપદ્મ-નિરત-શ્રીપાદ-પાયૂદકક્લિદ્યન્સૂત્રલુઠન્-પિપીલકવધૂદાસાઃ.**

હવે જુઓ અહન્તા-મમતાના ખેલનો મજેદાર ખિલવાડ. હું આપને બતાવી રહ્યો છું. કોઈએ પુછ્યું કે *તમે કોણ છો?* જવાબ મળ્યો: *હરિના ચરણકમલોની સેવામાં રહેવાવાળા જ્યાં સંડાસ જઈને પગ વગેરે ધોતા હોય ત્યાં આળોટવાવાળી કીડીઓના અમે દાસ છીએ!* આવી દીનતાના ગર્વવાળો જવાબ સંભળતાંજ પૂછનારને ક્રોધ આવી ગયો. મારી સામે મારાથી વધારે દીન બનવાની કોશિષ કેમ સહન કરવી! જ્યારે તેને પુછવામાં આવ્યું:

**ભવન્તશ્ચ કે?** તમે કોણ છો? તો તેણે કહ્યું:

**શ્રીમદ્વૈષ્ણવશિષ્યશિષ્નવિગલન્મૂત્રોત્થદૂર્વાંકુરગ્રાસાસક્તખુરીખુરાગ્રરજસાં દાસાનુદાસોઽસ્મ્યહમ્!**

હવે આવ! તેં એવી દીનતા કેમ દેખાડી? આટલી દીનતા પ્રગટ કરી, શર્મ નથી આવતી. તો હવે હું શું કહું છું તે પણ સામ્ભળીલો - *જ્યાં ભગવદીયજન પેશાબ કરતા હોય ત્યાં ઉગેલા ઘાંસને જે ગધેડી ચરે તેની ખરીમાં લાગેલી રજના દાસનો પર હું દાસ*

છું! આ શું છે? દૈન્યમાં પણ હરિફાઈ!

અહન્તા - મમતા આપણી સાથે આવી રીતે દૈન્યમાં પણ છલના કરી જાય છે. **"કામ એષઃ ક્રોધ એષો રજોગુણસમુદ્ભવો મહાશનો મહાપાપ્મા વિદ્ધયેનમ્ ઈહ વૈરિણમ્"**. અહન્તા - મમતાનો અનિયન્ત્રિત વિકાસ ખરેખર આપણો મહાન શત્રુ છે. આ બધો અહન્તા - મમતાનો ખેલ છે. આપણે અહન્તા - મમતાથી ગામની સાથે રમી રહ્યા છીએ. અને અહન્તા - મમતા આપણી સાથે રમત રમી જાય છે!

આ રમતથી કેટલાક લોકો ગભરાઈ જાય છે. એ ગભરાઈ જવાવાળા ધર્મોમાં મુખ્ય છે બૌદ્ધ ધર્મ. એટલા માટે બુદ્ધ ભગવાને કહ્યું **"આત્મગ્રહો મહામોહઃ"**. તેમણે કહ્યું કે સૌથી પહેલાં અહન્તાને ખતમ કરો. અહન્તા જ્યાં સુધી રહેશે ત્યાં સુધી તમારો નિસ્તાર (ઉદ્ધાર) નથી. આને ખતમ કરવામાટે તેમણે અહન્તાના વિષય આત્માને પણ નકારી દીધો! આત્મા હાય તો અહન્તાનો કોઈ વિષય મળે અને તેના આધારે તમે અહન્તા કરી શકશો ને! અને અહન્તા હશે તો જ તમે ક્યાંક મમતા પણ જોડી શકશો. આ બન્નેની જોડ કાપવા માટે બુદ્ધે કહ્યું કે "આત્મા નથી". દેહની ક્ષણભઙ્ગુરતા જ આપણી હકીકત છે. એક ફિલ્મી ગાયન હતું *"આગેભી જાને ન તુ પીછે ભી જાને ન તુ, જો ભી હૈ બસ યહી એક પલ હૈ"* આવો ભગવાન્ બુદ્ધનો ક્ષણભઙ્ગવાદ હતો. તેના મુજબ તમારા હાથમાં એક પલ છે તેના સિવાય કાંઈ નથી. આત્મા - વાત્મા બધી ખોટી વાત છે. અહન્તાનો આ પ્રકારનો ઈન્કાર આપણને તેના ખરાબ પરિણામોથી બચાવી તો અવશ્ય શકે છે પરન્તુ આમાં સૌથી મોટી તકલીફ આ છે કે જો ભારતીય ધર્મ - દર્શનને જોશો તો જાણવા મળશે કે બુદ્ધ ભગવાન્ દ્વારા અનાત્મવાદનું સ્થાપન પોતાના ધર્મને અનાત્મવાદિતાનો ઝંડો ફરકાવવા માટે એટલે કે



આત્મપ્રસિદ્ધિને માટે થયુ ન હતું. એમની સમસ્યા કોઈ પણ ઉપાયથી અહન્તાના મૂળિયા કાપવાની હતી. આના સમાધાનના રૂપમાં જ એમણે અનાત્મવાદ પ્રસ્તુત કર્યો હતો. પરન્તુ તમો બુદ્ધ ધર્મની સાથે વૈદિક ધર્મના શાસ્ત્રાર્થના ૨૫૦૦ વર્ષનો ઈતિહાસ જોશો તો જાણીને આશ્ચર્ય પામશો કે જે અહન્તાના વિનાશને માટે ભગવાન્ બુદ્ધે અનાત્મવાદ રજૂ કર્યો હતો તે અનાત્મવાદને લઈને બુદ્ધના અનુગામિ વૈદિક મત વાળાઓને નિરન્તર ગાળો ભાંડતા આવ્યા છે કે તમે આત્મવાદી છો, પાખણ્ડી છો, ધૂર્ત છો... તો જુઓ બુદ્ધની સમસ્યા તો અનાત્મવાદ કહ્યા પછી પણ તેની તે જ રહીને! *"જીસ જગહસે લે ચલાથા રાહબર હમ વહીં આયે હૈ ફિર ઘૂમકે"*. વાત પાછી એ જ આવી ગઈ, આગળ ન વધી જ્યાં ભગવાન્ બુદ્ધ વધારવા માગતા હતા.

આગળ પ્રતીક લખી રહ્યો છે આત્માનું અસ્તિત્વ અને આત્મામાં રહેલી ઈચ્છા આપણા જીવનના અનિવાર્ય ઉપાદાન છે અને આનું આપણા જીવનચક્રમાં કોઈ પોઝીટીવ (હકારાત્મક) રોલ પણ છે જેને આપણે નકારી નથી શકતા. પાછળથી વિકૃત થઈને ખરાબ થઈ જવાના ડરથી જેમકે ગર્વમેન્ટ ઓફિસર પેટી અને ખોખુ લેવા મંડી જાય છે તેને કારણે જો આપણે બાળકની ચોકલેટની ઈચ્છાને દબાવવા માંડીએ તો બાળકના શરીરને ખાંડ કે જે ટુ સર્ટન્ એક્સ્ટેન્ટ (એક હદ સુધી) જરૂરી છે તે જરૂરીયાતથી પણ તેને વઞ્ચિત રાખવો પડશે. ત્યારે તો બાળકનો વિકાસ સારી રીતે નહીં થઈ શકે. તો જુઓ કે જેટલી અહન્તા - મમતાની આપણને જરૂરીયાત છે એટલી અહન્તા - મમતાને આપણે વિકૃત અહન્તા - મમતાની તરફ આપણા રોષના કારણે નકારી દીધી તો, અથવા તો આપણે કોઈ ટ્રેપ (શિકંજા)માં ફસાઈ જઈએ તો પછી આપણું જીવનચક્ર જ બંધ થઈ જશે.

આજકાલ આપણા પુષ્ટિમાર્ગમાં અહન્તા - મમતાને જેટલી ગાળો બુદ્ધ ભગવાને નહોતી દીધી એટલી ગાળો દેવામાં આવી રહી છે. પરન્તુ અહન્તા - મમતાનો સમ્પૂર્ણ પણે વિનાશ કરવો એ શ્રીમહાપ્રભુજીનો દ્રષ્ટિકોણ નથી. જો એવું કરવામાં આવશે તો આપણા જીવનના ઉત્કર્ષના જે કાંઈ પણ આધાર છે તેને પણ આપણે ખણ્ડિત કરી દઈશું. એટલા માટે આ બે અતિવાદ ૧. અહન્તા - મમતાને કેન્સરસ્‌ની ગાંઠની જેમ નિયન્ત્રાણ રાખ્યા વગર વધવા દેવાં, તેને કાપવા નહીં, ઉપચાર ન કરવો; અથવા તો ૨. એવા કાપી નાખવા કે તે મૂળમાંથી જ ખતમ થઈ જાય આ બન્ને અતિવાદ ખતરનાક છે.

જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ અહન્તા - મમતાની ચિકિત્સા ( સારવાર ) કેવી રીતે કરે છે તેનું નિરૂપણ હવે આગળ કરવામાં આવ્યું છે. અહન્તાની સારવાર જ્ઞાનમાર્ગ કરે છે અને મમતાની સારવાર કર્મમાર્ગ કરે છે. પરન્તુ અહન્તાની સારવાર કરતી વખતે જ્ઞાનમાર્ગ મમતાની સારવાર કરવાની ઉપેક્ષા કરે છે. ( સંભાળ લેતો નથી ) કેમ કે જ્ઞાનમાર્ગ વિરકત માટે બતાવવા આવ્યો છે. **"નિર્વિણ્ણાનાં જ્ઞાનયોગઃ"**. વિરકતમાં તો આપમેળે જ મમતા રહી જતી નથી. મમતા જ નથી તો પછી તેની સારવાર પણ કયાંથી મળી શકે? રોગ જ નથી તો સારવાર કયાંથી મળી શકે. આજે લોકો એવું કહેવા લાગ્યા છે કે જ્ઞાનમાર્ગ બધાને માટે છે. પરન્તુ આ *"પુરિ એક અંધેરીને ગંડુરાજા ટકે શેર ભજી ટકે શેર ખાજા"* જેવી વાત છે. ખરી રીતે શાસ્ત્રીય વ્યવસ્થામાં જ્ઞાનમાર્ગ વિરકત માટે બતાવવામાં આવ્યો છે. વિરકતમાં મમતા ન હોવાથી તેમાં બાકી રહેલી અહન્તાની સારવાર જ્ઞાનમાર્ગ કરે છે.

આવી જ રીતે કર્મમાર્ગ મમતાની સારવાર કરે છે. કર્મમાર્ગીની વૃત્તિ ( ઇચ્છાઓ )નું વર્ણન એક વેદમન્ત્રમાં ખૂબજ સરસ આપવામાં



આવ્યું છે કર્મમાર્ગી કહે છે **"વિતં ચ મે પશૂં ચ મે, ભાર્યા ચ મે, ગૃહં ચ મે...."**. કર્મમાર્ગીને આ જોઈએ તે જોઈએ, આ કર્મ કરીશ તો તે ફલ મળી જશે. તે કર્મ કરીશ તો આ ફલ મળી જશે આવું જ તેના મનમાં સતત ચાલતું રહે છે. આથી કર્મમાર્ગીમાં મમતા એટલી વધી જાય છે કે તેની અંદર આત્માભિમાન જેવું કાંઈ બચતું નથી. તેથી તેની અહન્તાની સારવાર કર્મમાર્ગને કરવી જ નથી પડતી. કર્મમાર્ગ આથી જ મમતાની સારવાર કરે છે એટલા માટે કર્મમાર્ગ ક્યારે મુકિત સારી રીતે આપવાવાળો થશે? શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાન્ત છે કે નિષ્કામ કર્મ કરો તો મુક્તિપ્રદાયક થશે.

ગીતાને આપણે આ સન્દર્ભમાં સમજીએ તો તે ડીપ્ ઇન્સાઇટ્ (અંતર્દષ્ટિ) આપણને આપે છે. જ્ઞાની જ્યારે ભગવાનને પુછવા જાય છે કે હું શું કરું તો ભગવાન્ તેને કહે છે કે તું કર્મ કર! તું જ્ઞાની થઈ ગયો છે. હવે તારામાં મમતા તો રહી નથી! હવે તું કર્મથી ભાગીશ જ કર્મ હંમેશા બીજાની સાથે કરવામાં આવે છે. બીજાની તને દરકાર નથી. આના કારણે તારી અંદર અહન્તાનો ભયઙ્કર વિસ્ફોટ થઈ જશે. તે વિસ્ફોટ ન થઈ જાય તેના માટે ભગવાનની પાસે જ્યારે જ્ઞાનમાર્ગી જાય છે ત્યારે તેને ભગવાન્ કહેશે તું કર્મ કર! અને કર્મમાર્ગી જ્યારે ભગવાનની પાસે જાય ત્યારે ભગવાન્ તેને કહેશે કે તું નિષ્કામ થઈ જા! આ તો જ્ઞાનમાર્ગનો ટ્રેટ (વલણ) છે. કર્મમાર્ગની જે ટ્રેટ છે તે જ્ઞાનમાર્ગીને બતાવી દે છે. ખરેખર ભગવાનની સ્ટ્રેટેજી (વ્યુહરચના) ગીતામાં કર્મમાર્ગીને નિષ્કામતા બતાવવાની છે. જ્ઞાનમાર્ગીને જો ભગવાનના **"કામ એષઃ ક્રોધ એષઃ"** વચનને લક્ષ્યમાં લઈએ તો નિષ્ક્રોધ થવાના ઉપદેશ દેવાની છે. ભગવાન્ કહેવા માગશે કે જો તું ખરેખર જ્ઞાની છે તો નિષ્ક્રોધ થઈને બતાવ! ત્યારે તો જ્ઞાન છે, નહિતર શેનું જ્ઞાન! કેમ કે, એક વાત સમજો કે, જે માણસને મમતા છે

તેને જલ્દીથી ક્રોધ નથી આવી શકતો. પરન્તુ નિર્મમ (મમતા વગરનો)ને ક્રોધ જલ્દી આવશે. જ્ઞાની નિર્મમ હોય છે એટલા માટે બધા અજ્ઞાનીઓ ઉપર તેને ક્રોધ આવશે. તે વિચારતો રહેશે કે આ બધા પશુ છે, જનાવર છે.

અમે ગોસ્વામીઓને પણ વૈષ્ણવો ઉપર એટલા માટે જ ક્રોધ આવતો હોય છે. કેમ કે અમે બધાએ પોત પોતાની જાતને અમથે અમથા જ્ઞાની માની લીધા.!

નિર્મમતાને કારણે ક્રોધનો અતિશય વિસ્ફોટ થઈ જાય છે. એટલા માટે ભગવાન્ સમજાવી રહ્યા છે કે આ કામ - ક્રોધ નાશ કરવાવાળા છે. કેમ કે જ્ઞાનીએ દરેક વસ્તુને વૈરાગ્યથી જોવાની છે. વિરકત થવા માટે દરેક વસ્તુમાં તેને દોષ જોવા પડશે. અને દોષ જોયા એટલે ક્રોધ આવશેજ. જેવો ક્રોધ આવ્યો તો સમજો કે અહન્તા પાછી તમને છેતરી ગઈ. એટલા માટે ભગવાન્ તેને કહે છે કે કર્મ તું એવી રીતે કર કે જેમ કોઈ કર્મમાર્ગી કર્મ કરતો હોય. ભગવાને ત્યાં થ્રેટનીંગ (ધમકી) પણ કરી છે કે **"યદિ હ્યહં ન વર્તેયં જાતુ કર્મણ્યતન્દ્રિતઃ, મમવર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ, ઉત્સીદેયુરિમે લોકાઃ ન કુર્યાં કર્મ ચેદ્ અહં, સઙ્કરસ્ય ચ કર્તા સ્યામ્ ઉપહન્યામ્ ઈમાઃ પ્રજાઃ"**. તું મારાથી વધારે શું જાણી શકીશ! હું પણ તો કર્મ કરી જ રહ્યો છું. શામાટે કરી રહ્યો છું? કેમ કે હું દુનિયાનો નાશ કરવા નથી માંગતો. જો જે તું તારા જ્ઞાનથી ક્યાંક દુનિયાનો નાશ ન કરી દેતો. જ્ઞાનનો દુરુપયોગ ન કરતો. આથી ભગવાને જ્ઞાનીને કર્મ કરવાની આજ્ઞા કરી છે.

કર્મી ભગવાનની પાસે જશે તો ભગવાન્ તેને કહેશે કે તું નિષ્કામ થઈ જા. પરન્તુ વિચારો કે જ્યારે કોઈને કાંઈ ઈચ્છા જ



ન હોય તો તે કર્મ શા માટે કરશે! છતાં પણ ભગવાન્ કર્મીને કહેશે કે નિષ્કામ થઈને કર્મ કર. ગીતાની સ્ટ્રેટેજી સમજવાનો પ્રયાસ કરો કે ભગવાન્ અહીં અહન્તા - મમતાના અનિયન્ત્રીત વિકાસને કાબુમાં કરવાની વાત કહી રહ્યા છે.

ભક્તિ શું છે! આ અહન્તા - મમતાનો સમનુપાતી (પ્રમાણસરનો) વિનિયોગ. જો તે ભગવાનના સમ્બન્ધમાં છે તો ભક્તિ છે અને જો સંસારમાં છે તો આપણે તેને "સાંસારિક આસક્તિ" કહેશું. **"યા પ્રીતિઃ અવિવેકાનાં વિષયેષુ અનપાયિની, ત્વામ્ અનુસ્મરતઃ સામે હૃદયાન્ મા અપસર્પતુ."** આ વાત એટલા માટે કહેવામાં આવી રહી છે કે આપણા પરિવારજનોની તરફ રહેલા આપણા મનોભાવોને 'ભક્તિ' નથી કહેવાતી પરન્તુ તેના તરફ આપણી અહન્તા - મમતાનું સન્તુલન તો ભક્તિ જેવું જ હોય છે. કેમ કે પરિજનોના તરફ આપણે આપણી અહન્તાને નિભાવતા - નિભાવતા જ મમતા પણ રાખીએ છીએ. અહન્તા પણ આપણી વૈરાગીની જેમ નથી રાખતા કે **"ન મે ભાર્યા ન મે પુત્રો ન મે વિત્તં નમે ગૃહમ્"**. તો જેવી રીતે અહન્તા - મમતાનો સમનુપાતિ વિનિયોગ સંસૃતિ (સંસાર ગતિ) છે એવીજ રીતે અહન્તા - મમતાનો સમનુપાતિ વિનિયોગ ભક્તિ છે. આ બન્નેની વચ્ચેની વિભાજક રેખા આપણી વૃત્તિને કારણે નથી, વિષયને કારણે આવી રહી છે. વિષય જો લૌકિક છે તો સંસૃતિ છે, અને જો આવી વૃત્તિનો વિનિયોગ ભગવાનમાં છે તો તે ભક્તિ જ છે.

આ જ વાત અહીં પ્રતીક કહી રહ્યો છે કે "દાસોહમ્ કૃષ્ણ તવ" કહીને આપણે આપણા અહઙ્કારનો વિનિયોગ ભગવાનમાં કરીએ છીએ. "શ્રીકૃષ્ણઃ શરણં મમ" કહીને આપણી મમતાનો પણ વિનિયોગ ભગવાનમાં કરીએ જ છીએ.

તે દિવસે અંકિતાના પેપરમાં હિતેન્દ્રએ પ્રશ્ન ઉઠાવ્યો હતો તેના વિષયમાં પણ હું કાંઈક કહેવા માગીશ કે "શ્રીકૃષ્ણઃ શરણં મમ" આપણે પહેલા કહીયે છીએ જ્યારે બ્રહ્મસમ્બન્ધમાં "દાસો અહમ્" પછી કેમ કહેવામાં આવે છે? કાંઈક તો તેના ઈમ્પ્લિકેશન્સ્ (અસરો) આપણે માનવા જ પડશે. કેમ કે જો અહન્તા મૌલિક હોય તો અને મમતા એકવાર્યડ (મેળવેલ) હોય તો પહેલાં "દાસો અહમ્" કહેવું જોઈતું હતું અને તેના પછી અષ્ટાક્ષર કહેવો જોઈતો હતો. આપણી પ્રક્રિયા પરન્તુ એવી નથી. આપણે કૃષ્ણને પહેલાં મારો કહી દઈએ છીએ. આપણી ઈન્હિયરેંટ ઈન્ક્લિનેશન્ (અન્તર્નિહિત કામના) મમતાનો વિનિયોગ પહેલાં શ્રીકૃષ્ણમાં કરી દઈએ છીએ. તેના આધારે આપણે કૃષ્ણની સાથે ત્યાર બાદ સમ્બન્ધ બાંધીએ છીએ કે "હું તારો દાસ છું". કૃષ્ણ મારો હોય તો હું કૃષ્ણનો દાસ થઈ શકું છું. જો કૃષ્ણ મારો નથી તો "હું દાસ છું" આ પણ "કે યૂયં હરિપાદપદ્મનિરતા..." વાળી કૃષ્ણની સાથે છેતરપીંડી હોઈ શકે છે.

કેમ કે એક કહેશે હું કૃષ્ણદાસ છું, તો બીજો કહેશે કે હું રાધાદાસ, ત્રીજો કહેશે કે હું જમુનાદાસ, તેના વિરુદ્ધ જઈને બીજો કોઈ કહી દેશે હું તો વલ્લભદાસ છું, તેનાથી પણ આગળ વધીને કોઈ કહેશે કે નહીં હું તો વિઠ્ઠલદાસ છું પછી તો ગોકુલદાસ, ગિરિધરદાસ, ગોવિન્દદાસ, રઘુનાથદાસ આમ ઝઘડો વધતો જ જશે. અન્તમાં *"ધરમના છેતરમાંને કુરુના છેતરમાં ઈ ઘડીકમાં બાજી મરે, મારા છોકરાને મારા ભાઈના છોકરા બેઉ ભેગા થઈને હું કરે હંજયડા? ઈ ભેગા થઈને હું કરે? હાહરોએ મુએ ને હાળોએ મુએને બાઝી બાઝીને મરી જાય.... તું તો તારા તીર દીધે રાખની એમાં તારા બાપનું હું જાય!"* આવી રીતે બધા લોકો પોત-પોતાના તીર છોડવા લાગી જશે.



આ બધું શું ચલાવી રાખ્યું છે! વાત તો કોઈક સમજો! કૃષ્ણમાં આપણી અહન્તા-મમતા જોડવાની વાત હતી એમાં આ બધા લફરા ક્યાંથી ઘુસી ગયા! આ બધો એ જ અહન્તા-મમતાનો ખેલ છે **"કામ એષઃ ક્રોધ એષો રજોગુણ સમુદ્ભવો મહાશનો મહાપાપ્મા...ધુમેનાવ્રિયતે વહ્નિઃ યથાદર્શો મલેન ચ યથોલ્બેનાવૃતો ગર્ભઃ તથા તેનેદમ્ આવૃતમ્"**. આ પરિસ્થિતિને આપણે સમજવી પડશે. જે અહન્તા-મમતા આપણા જીવનનો આધાર છે તેનો આવો અનિયન્ત્રિત વિકાસ જ આ બધી સમસ્યાઓનું મુળ છે. આ વૃત્તિઓની વિરોધાભાસિતાને વિચારતા-વિચારતા માણસ ગભરાઈ જાય છે. જુદી-જુદી ધર્મ સાધનાઓની ફોર્મ્યુલા આમાંથી પેદા થાય અને એનામાં માણસ દિગ્ભ્રાન્ત થઈ જાય છે.

જે લોકોને કૃષ્ણને નથી પકડવો એની તો કથા બીજી જ છે પરન્તુ શ્રીમહાપ્રભુજીની અનુસાર આ સમસ્યાનું સમાધાન આપવાવાળું રહસ્ય કૃષ્ણને જ પકડવાથી સમજમાં આવશે. તે રહસ્ય શું છે? તે રહસ્ય ભગવાન્ પોતે પ્રગટ કર્યું છે -

**ભૂમિરાપોઽનલોવાયુઃ ખં મનોબુદ્ધિરેવ ચ।**
**અહઙ્કાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા॥**
**અપરેયમિતસ્ત્વન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરાં।**
**જીવભૂતાં મહાબાહો! યયેદં ધાર્યતે જગત્॥**

ભગવાનની એક પરાપ્રકૃતિ જીવભૂતા છે. તેમાં હાથ-પગ, આંખ-નાક, કાન, બુદ્ધિ-મન અહઙ્કાર..... વગેરે કાંઈ પણ નથી. તે કાંઈ પણ કામ નથી કરતી. ભગવાન્ કહે છે કે બીજી મારી જે અષ્ટધા પ્રકૃતિ છે તેનથી ઉપર આ મારી પરા પ્રકૃતિ છે. અસિતના શબ્દોમાં તે અરસિક સાક્ષી છે. તે ચેતના જ્યારે "ભૂમિરાપોઽનલોવાયુ...." માં ફસાયેલી હોય છે ત્યારે તો રસિક થઈ જાય છે, અન્યથા નહીં. હવે જે રસ પ્રગટ થઈ રહ્યો છે

તે આવા પ્રકારની મ્યુચ્યુઅલ ટ્રેપીંગ (પારસ્પરિક ફસામણી)માં છે. જડ અહઙ્કાર ચેતનાથી ગ્રસ્ત થઈ જાય છે અને ચેતના જડ અહઙ્કારથી. હવે આપણી અંદર સંસૃતિ, કર્મ, જ્ઞાન કે ભક્તિ વગેરેના જે કાંઈ પણ રસ પ્રગટ થશે તે પરસ્પરોપરક્ત (એક-બીજામાં આસક્ત) ચેતના અને અહઙ્કારના કારણે થઈ રહ્યા છે. શ્રીમહાપ્રભુજી આના ઉપરથી જ સમજાવવા માગે છે કે કાંઈક ઈશારો તો સમજો કે તમારી ગાડી ક્યાં જઈ રહી છે! ન તો ચેતનામાં કોઈ દમ છે ન તો અષ્ટધા પ્રકૃતિમાં કોઈ દમ છે. ત્યારે પ્રશ્ન થાય છે કે આમાં રસ આવ્યો ક્યાંથી? શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે આ બન્ને જેની પ્રકૃતિ છે તેમાં રસરૂપતા હોવી જોઈએ. તે રસરૂપ છે તેથી જ તે એવું રૂપ પ્રગટ કરી રહ્યો છે. પ્રથમ તે પોતાની રસરૂપતા તિરોહિત કરીને જડરૂપ અને ચિદ્રૂપ પ્રકટ કરે છે અને ત્યાર બાદ તેના ઈન્ટરેકશન્ (આપલે)થી તે સંસૃતિનો વિષયરસ પ્રકટ કરી દઈ રહ્યો છે. આ ખેલ આ પ્રકારથી શરૂ થયો છે કે તેનો મૂળ ખેલાડી છુપાઈ ગયો છે.

આ વાતને સમજાવવા આપણી પાસે આ દુનિયાનો કોઈ નમુનો નથી. કેમ કે આપણી પાસેના નમુના દુનિયા પેદા થયા પછીના છે. આને સમજવા થોડો ઘણો તુચ્છ નમુનો આજકાલની ક્રિકેટને કહી શકાય છે. આજકાલ ક્રિકેટ-ટીમ જ્યારે મેચ રમે ત્યારે તેના મેનેજર ખેલાડીઓમાંથી કોઈકને કેપ્ટન, કોઈકને વાઈસ્ કેપ્ટન, કોઈકને બોલર, વિકેટ કીપર.... તો બનાવી દે છે પણ તે મેનેજર પોતે કાંઈ ક્રિકેટ રમતો નથી હોતો. તે તો પેવેલિયનમાં બેસીને ખાલી મજા લેતો રહે. *"નિકલના તુમ ન ચિલ્મનસે કસમ હૈ તુમકો ચિલ્મનકી, લડાઈ આડસે દેખા કરો શેખોબિરહમનકી"*. તો ભગવાન્ પણ ક્યાંક છુપાઈને બેસીને આ રમતની મજા લઈ રહ્યો છે.



વસ્તુતઃ આ ક્રિકેટવાળો નમુનો આ સૃષ્ટિની રમતની સમજુતી નથી આપી શકતી કેમ કે બ્રહ્મ પુરુષોત્તમાત્મના સૃષ્ટિથી સ્વતન્ત્ર રહીને તેની મજા પણ લઈ રહ્યો છે, અક્ષરબ્રહ્માત્મના તે આ લીલાસૃષ્ટિનું સ્ટેજ (રઙ્ગમંચ) પણ બની રહ્યો છે અને જીવાત્મના તે પાત્ર અથવા ખેલાડી પણ બની રહ્યો છે. પણ વાત સમજો કે આ બ્રહ્મ પોતે રસાત્મક છે **"રસો વૈ સઃ. રસં હ્યેવાયં લબ્ધ્વાનન્દી ભવતિ. કો હ્યેવાન્યાત્ કઃ પ્રણ્યાત્ યદેષ આકાશ આનન્દો ન સ્યાત્. એષ હ્યેવાનન્દયાતિ"**. તે રસ પોતાની રસરૂપતાને તિરોહિત કરીને ચેતના અને પ્રકૃતિ રૂપ ધારણ કરે છે. આ બન્ને રસ વગરના છે. પરન્તુ આ બન્નેની ઈતરેતરગ્રસ્તતાને કારણે વિષય અનુભૂતિમાં સંસૃતિ રસ પ્રકટ થઈ જાય છે. આ સંસૃતિરસને આપણે કર્મ, જ્ઞાન અને ભક્તિના પ્રકારથી ડીલ કરી શકીએ છીએ. આમાં કદાચ તે રસ ઉપર ક્યારેક આપણી દ્રષ્ટિ જાય કે જેના કારણથી આ બધી રમત ચાલી રહી છે, તો શ્રીમહાપ્રભુજી કહે છે કે ત્યારે તો પુષ્ટિ પ્રગટ થઈ ગઈ. હવે આપણને ભક્તિરસ કે લીલારસ નો બોધ સહજતયા થઈ શકશે. પરન્તુ આ બોધની શરૂઆત કેવી રીતે કરવી? શ્રીમહાપ્રભુજી કહે છે કે આ રમતમાં જો તમે તે રસને પકડી લીધો તો તમારું કામ થઈ જશે.

મથુરાના એક ગોસ્વામી દીપક રાગનો ખેલ ખેલતા હતા. રાતના જ્યારે સઙ્ગીતની મહેફિલ થતી ત્યારે કોઈકના દ્વારા ફરમાઈસ કરાવવામાં આવતી કે હવે તો દીપક રાગ છેડવો જોઈએ. મહેફિલમાં કોઈ નવો માણસ આવ્યો હોય તો તે સમજતો કે દીપક રાગથી તો દીવા બળશે. તેથી પહેલા દીવા ઠારવા તો પડશે જ. જેવા દીવા ઠરતા કે તુરત જ બે ત્રણ માણસો માર-પીટ શરૂ કરી દેતા. અંધારામાં કોણ કોને મારતો એ તો ખબર જ ન પડતી. બધા માણસો આમાં માર ખાતા પણ આ ખેલના આયોજન કરવાવાળા

ગોસ્વામી ક્યારેય હાથમાં ન આવતાં! એક વખત એક વ્યક્તિના મનમાં થયું કે દર વખતે ગોસ્વામી બચીને નીકળી જાય છે! આ વખતે તો તેમને પકડવા જ છે તો જ દીપકરાગનો રસ હાથમાં આવશે. આવો વિચાર કરીને પેલો માણસ ગોસ્વામીની પાસે બેસી ગયો. જેવી મહેફિલમાં દીપક રાગની ફરમાઈસ થતાં અંધારુ થયું તેવો જ તેણે મહારાજને પકડી લીધા અને મારવાનું શરૂ કરી દીધું. તેને દીપક રાગનો રસ કેટલાય દીવસો પછી હાથ આવી ગયો! જેવી મહારાજની પીટાઈ થઈ તેવા જ મહારાજ રાડો પાડવા લાગ્યા કે આ શું કરી રહ્યા છો! આ તો હું છું.

આવી જ રીતે તે રસ પકડમાં આવવો જોઈએ . ભગવાને પણ પોતાની સૃષ્ટિમાં કાંઈક દીપક રાગનો ખેલ ચલાવી રાખ્યો છે. **"એષ ઉ હ્યેવ સાધુ કર્મ કારયતિ.... એષ ઉ હ્યેવ અસાધુ કર્મ કારયતિ યમ્ અધો નિનીષતિ"**. કોઈને તે ઉપર ઉઠાવે છે કોઈને તે નીચે પટકી દે છે. ક્યારેક તો, યાર! તેને પણ પકડો. શ્રીમહાપ્રભુજી કહે છે કે તે જ સાચો રસ છે. જે તે રસને મેળવીલે છે તે આનન્દી બની જાય છે. એટલા માટે તેને પણ પકડો. શ્રીમહાપ્રભુજી કહે છે કે તે જ સાચો રસ છે. જે તે રસને મેળવીલે છે તે આનન્દી બની જાય છે. એટલા માટે તેને પકડો. પકડશો કેવી રીતે? તેની પાસે જઈને બેસો. તેને પુષ્ટ કરીને પકડીને તમારા ઘરમાં બેસાડો. તેને જગાડો, નવડાવો, શૃઙ્ગાર કરો, આરસી બતાવો અને તેને એ પણ દેખાડો કે તારી સૃષ્ટિમાં દીપક રાગ કેવી રીતે ગવાઈ રહ્યો છે. આ પ્રકારથી તેને તમારા પાપ - પુણ્ય સુખ - દુઃખ બધામાં તેને પણ પકડીને બેસાડી રાખો ત્યારે અસલ રસનો સ્વાદ તમને આવશે. ભક્તિવર્ધિનીમાં શ્રીમહાપ્રભુજી આ જ વાત કહે છે :

**બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ।**
**અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજ્યા શ્રવણાદિભિઃ॥**



**વ્યાવૃત્તોપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ ન્યસેત્ સદા।**

આ દીપક રાગની મહેફિલ જમાવવાવાળાને પકડવાનો આપણો મજેદાર પ્રોગ્રામ છે જેને શ્રીમહાપ્રભુજીએ આપણને આપ્યો છે. શ્રીમહાપ્રભુજી આપણને કહે છે કે જે પ્રકારે તમે સંસારમાં તમારી અહન્તા - મમતાનો સમનુપાતી વિનિયોગ કરો છો તેવી જ રીતે આ પ્રોગ્રામદ્વારા તમે જો તમારી અહન્તા - મમતાનો સમનુપાતિ વિનિયોગ પોતાના ઘરમાં બિરાજતા ઠાકુરજીની ભક્તિમાં કરશો તો દીપક રાગની મહેફિલ જમાવવાવાળાને તમે અહન્તા - મમતાના અંધારામાં જ પકડી લીધો સમજો.

દીપક રાગની મહેફિલ જમાવવાવાળાને પકડવાનો પ્રોગ્રામ બનાવવામાં શ્રીમહાપ્રભુજીએ કેટલી સાવધાની વરતી છે તે તમે એ પરથી વિચારી શકો છો કે શ્રીમહાપ્રભુજી કહે છે **"સેવાકૃતિર્ ગુરોઃ આજ્ઞા બાધનં વા હરિચ્છયા"**. શ્રીમહાપ્રભુજીએ 'સેવાકૃતિ' શબ્દ વાપર્યો છે "સ્નેહકૃતિર્ ગુરોઃ આજ્ઞા" નથી કહ્યું. "ભગવાનની સાથે સ્નેહ ગુરુની આજ્ઞાથી જ કરવો અને હરિની આજ્ઞા હોય તો જ બાધ કરવો" એવું નથી કહ્યું. ચોખ્ખું કહ્યું છે - "સેવાકૃતિઃ ગુરોઃ આજ્ઞા". આ તો આપણે લોકોએ શ્રીમહાપ્રભુજીની વાણીનું અવગાહન નથી કર્યું તે પાપનો દણ્ડ આજે આપણે ભોગવી રહ્યા છીએ.

તેથી કાલે અને પરમ દિવસના સત્રથી ગુરુના સમ્બન્ધમાં આટલી લાંબી ચર્ચા શરૂ થઈ ગઈ. આપણને આપણા ફન્ડામેન્ટલ પ્રિન્સિપલ (મુળભૂત સિદ્ધાન્તો)ની ખબર નથી. તેની જ પીડા આપણા દિવ્ય સમ્પ્રદાયમાં આપણે આજે ભોગવી રહ્યા છીએ. ખોટે-ખોટા જ તુચ્છ તલનો તાળ બનાવતા ફરીએ છીએ અને તાડની જેમ ઉપર ફેલાયેલી વિકરાલ અપસિદ્ધાન્તની સમસ્યાઓનો

ભય તલ બરાબર પણ જાણતા નથી. પરન્તુ શ્રીમહાપ્રભુજી જે વાત સમજાવવા માગી રહ્યા છે તે વાત ઉપર ધ્યાન આપોઃ **''ગુપ્તાનન્દાઃ યતો જીવા નિરાનન્દં જગદ્યતઃ, પૂર્ણાનન્દો હરિસ્તસ્માત્ કૃષ્ણઃ સેવ્યઃ સુખાર્થિભિઃ''**. ભગવાને સૃષ્ટિમાં જે જગત્ પ્રકટ કર્યું છે તે નિરાનન્દ છે, જીવ ગુપ્તાનન્દ છે, અને પૂર્ણાનન્દ તો હરિ જ છે. આ ગુપ્તાનન્દ અને નિરાનન્દની વચમાં દીપક રાગની મહેફિલ જમાવવાવાળો તો તે પૂર્ણાનન્દ હરિ જ છે. પરન્તુ તે પોતે તો છુપાયેલો રહ્યો જ છે. તેથી બધા ઝઘડા ગુપ્તાનન્દ અને નિરાનન્દ ની વચ્ચેના ઈન્ટરેકશન(વ્યવહાર)થી પેદા થઈ રહ્યા છે. આમાં આપણે પૂર્ણાનન્દને શોધવો છે. તેનો ઉપાય શ્રીમહાપ્રભુજી બતાવી રહ્યા છે કે તે ઉપાય ભગવત્સેવા છે. આમાં આપણને ગુરુની જરૂરીયાત છે. ધ્યાન દેજો, ભક્તિની અંદર તો સેવા અને સ્નેહ બન્ને વાતો આવે છે. કેમ કે પ્રેમપૂર્વિકા સેવા=ભક્તિ છે.

શ્રીમહાપ્રભુજીએ ''સ્નેહકૃતિર્ ગુરોરાજ્ઞા'' નથી કહ્યું કેમ કે પ્રભુને સ્નેહ કરવામાં ગુરુની દરકાર નથી. સ્નેહ કરવામાં શ્રીમહાપ્રભુજીની પણ દરકાર નથી, માઈન્ડ ઈટ્ (યાદ રાખો) આ વાત શ્રીમહાપ્રભુજી પોતે કહી રહ્યા છે, મારી વાત સમજો. હું આ વાત શ્રીમહાપ્રભુજીના પ્રત્યે આદરભાવની સાથે કહી રહ્યો છું.

અહીંયા તમે ગુરુનો મતલબ કાંઈ પણ સમજો, ચાહો તો શ્રીમહાપ્રભુજી જ ગુરુ છે એવું માનો, ચાહો તો શ્રીમહાપ્રભુજીના પછી શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજી પણ ગુરુ છે એવું માનો, અથવા તો તેમના પછી સાત લાલજી સુધીને ગુરુ માનો, અથવા આજકાલના અમે ગોસ્વામીઓ પણ ગુરુ છે તેમ માનો, અથવા અમે ગુરુ નથી, અથવો કોઈ પણ ગુરુ હોઈ શકે છે, યા નથી હોઈ શકતા.... આમાંથી કોઈ પણ પક્ષને માનો. એક વાત અચલ



સત્યની જેમ આપણી સામે પડેલી છે કે શ્રીમહાપ્રભુજીનો ઉપદેશ ''સેવાકૃતિર્ ગુરોઃ આજ્ઞા'' નો છે ''સ્નેહકૃતિર્ ગુરોઃ આજ્ઞા'' નો નથી. જ્યાં ભગવાન્ સાથે પ્રેમ કરવાનો પ્રશ્ન આવ્યો ત્યાં ગુરુની જરૂરત જ નથી. કેમ જરૂર નથી? કેમ કે ભગવાનમાં પ્રેમ ગુરુ સિદ્ધ કરાવી નથી શકતો, કોઈ પણ ગુરુ હોય, શ્રીમહાપ્રભુજી પણ કેમ ન હોયઃ તે પણ પ્રેમ સિદ્ધ કરાવી નથી શકતા. કારણ કે જે પેદા કરવામાં આવી રહ્યો છે તે શ્રીમહાપ્રભુજીના અનુસાર પ્રેમ જ નથી!

પ્રેમ તો આપમેળે સિદ્ધ જ હોય છે. શ્રીમહાપ્રભુજીનો આ બાબતમાં સિદ્ધાન્ત સમજો કે જે તમારા હૃદયમાં સર્વ પ્રકારે સિદ્ધ છે તેનું નામ 'પ્રેમ' છે, જે સાધ્ય છે તેનું નામ 'પ્રેમ' નથી. સેવાદ્વારા સિદ્ધ પ્રેમ જ પ્રકટ થઈ શકે છે, સેવાથી પ્રેમને પેદા નથી કરી શકાતો. આને તમે ચાહો તો 'બીજભાવ' કહો, ચાહો તો 'વરણ' કહો, ચાહો તો 'શ્રીમહાપ્રભુજીની કૃપા' કહો, ચાહો તો 'ગુરુકૃપા' કહો કાંઈ પણ કહી દો પરન્તુ એક વાત નક્કિ સમજો કે સ્વયં શ્રીમહાપ્રભુજી પણ એમ નથી કહી શક્તા કે તેઓ ભગવત્પ્રેમ પેદા કરી શકે છે. જો જીવમાં ભગવત્પ્રેમ સિદ્ધ છે તો શ્રીમહાપ્રભુજી તેને પ્રકટ કરવાનો રસ્તો બતાવી શકે છે. જો શ્રીમહાપ્રભુજી જીવમાં ભગવત્પ્રેમ પ્રકટ કરી શકતા હોત તો આજકાલના અમે ગુસાંઈ બાલક જેમ ''ટકે શેર ભાજી ટકે શેર ખાજા'' ની જેમ કોઈ દેખાણો નહીં કે પકડી-પકડીને બ્રહ્મસમ્બન્ધ દેતા ફરીએ છીએ એમ, જીવના ઉદ્ધારની દ્રષ્ટિથી પણ, શ્રીમહાપ્રભુજી પણ બ્રહ્મસમ્બન્ધ શા માટે નહોતા આપી શકતા! કેમ કે શ્રીમહાપ્રભુજીને આ વાતની સારી રીતે ખબર હતી કે જે જીવમાં પ્રભુએ બીજભાવ રૂપી પ્રેમ સ્થાપિત નથી કર્યો તેની અંદર ભગવત્પ્રેમ બ્રહ્મસમ્બન્ધ દેવાથી અને સેવા કરાવી લેવાથી પણ પ્રકટ નહીં થઈ શકે!

વાર્તા વાંચશો તો ખ્યાલ આવશે કે કેટલીક વખત તો શ્રીમહાપ્રભુજીની સામે એવા લોકો પણ આવ્યા હતા કે જેને શ્રીઠાકોરજીનો સાક્ષાત્કાર પહેલા જ થઈ ચુકયો હતો તેને શ્રીમહાપ્રભુજીએ પુછયું કે મારી પાસે શું કામ આવ્યો? તેણે કહ્યું કે ઠાકોરજીના દર્શન તો થઈ ગયા પણ ભક્તિ પ્રકટ ન થઈ એટલા માટે આપની પાસે આવ્યો છું. તો સમજો કે ગુરુની કયાં આવશ્યકતા છે? "સેવાકૃતિર્ ગુરોઃ આજ્ઞા". અને એ ગુરુની આજ્ઞાનો પણ બાધ પ્રભુની ઈચ્છાથી થઈ શકે છે. હવે બતાવો કે મુખ્યતા કોની છે? આજે મુરખા લોકો અલગ - અલગ પંથ ચલાવીને શ્રીમહાપ્રભુજીની પીઠમાં ખંજર હુલાવી રહ્યા છે. પરન્તુ સમજો કે જો શ્રીમહાપ્રભુજીને પોતાની ભજનીયતા અપેક્ષીત હોત (પોતે પુજાવા માગતા હોત) તો "બાધનં વા હરિચ્છયા" એવું શામાટે કહેત? "મારા વચનને બાધ કરવાવાળો કોણ હોઈ શકે છે!" આવું શ્રીમહાપ્રભુજીએ કેમ ન કહ્યું? પણ શ્રીમહાપ્રભુજીએ એવું નથી કહ્યું કારણ કે શ્રીમહાપ્રભુજીનું એકમાત્ર તાત્પર્ય છે - જીવની કૃષ્ણપરાયણતામાં છે, દીપક રાગ ગવડાવવા વાળાને આ અંધારમાં શોધવામાં છે. એટલા માટે શ્રીમહાપ્રભુજી દીપક રાગ ગવડાવાવાળાની બાજુમાં જઈને બિરાજે છે કે પકડ આને! નહિતર તો અંધારામાં એકબીજાને જ આપણે કુટતા રહી જશું, ખબર જ નહીં પડે કે કોણ કોને કુટી રહ્યો છે. **"મમ માયા દુરત્યા"**. શ્રીમહાપ્રભુજી ત્યાં પાસે બિરાજી રહ્યા છે તેથી ભગવાન્ તેના હાથમાં આવી ગયા છે *"લીનો હાથ પકડકે અબ કહાં જાયગો રે!"*

શ્રીમહાપ્રભુજીએ ઠાકોરજીને પકડ્યાં છે અને તે પકડેલા શ્રીહસ્તને શ્રીમહાપ્રભુજી આપણને પણ પકડાવવા માગે છે. પરન્તુ શ્રીમહાપ્રભુજી એવું કયારેય નથી કહેતા કે બધા જ જીવોમાં પ્રેમ પ્રગટ કરી શકાય છે તેથી બધાને બ્રહ્મસમ્બન્ધ આપીદો.



અરે અમારા ગુંસાઈઓમાં જ્યારે પ્રેમ પ્રગટ નથી થઈ શક્યો તો અમારા બ્રહ્મસમ્બન્ધ દેવાથી કોઈમાં પ્રેમ કેવી રીતે પ્રકટ થશે! પોતાની હાલત તો જુઓ કાચમાં. આવી રીતે બ્રહ્મસમ્બન્ધ દેવાથી કોઈમાં પ્રેમ પ્રકટ થવાનો નથી. ખોટા ફાંકામાં ન જીવો. પ્રેમ તો તેનામાં જ પ્રકટ થશે કે જેને પ્રભુએ પોતાના પ્રત્યે પ્રેમ પ્રકટ કરવા માટે પસંદ કર્યો છે. તેવો પસંદ કર્યો હોય તો સેવા એક એવો પ્રકાર જ છે કે જે આજ્ઞાનો વિષય બને છે.

બ્રહ્મનું સ્વરૂપ એકમેવાદ્વિતીય હતું. તે સ્વરૂપમાં ન તો કોઈ પ્રવાહમાર્ગ હતો ન મર્યાદા માર્ગ હતો ન પુષ્ટિમાર્ગ હતો; ન કોઈ જીવાત્મા હતો, ન કોઈ પરમાત્મા હતો. તેવા બ્રહ્મમાંથી આ બધા અલગ - અલગ રૂપો પ્રકટ થયા. આ વિવિધ રૂપો જ્યારે પૈદા થયા ત્યારે વિવિધ માર્ગ પૈદા થયા. આ વિવિધ માર્ગોમાં બ્રહ્મ છુપાઈ ગયો છે. બધી જ દોડ-ભાગ બ્રહ્મના છુપાઈ જવાના કારણે છે. છુપાઈ રહેલા બ્રહ્મને પકડવો કેવી રીતે? શ્રીમહાપ્રભુજી કહે છે **"પ્રેમસંવલિતં ચિત્તં સર્વત્ર વિદ્યમાનં ભગવતં સ્વયમેવ વિષયીકરોતિ"** બ્રહ્મ દરેક જગ્યાએ વિદ્યમાન છે **"કિરાત-હૂણાન્ધ્ર-પુલિન્દ-પુલ્કશા આભીર-કઙ્ગા-યવનાઃ ખસાદયો, યેન્યે ચ પાપા યદુપાશ્રયાશ્રયાઃ શુદ્ધ્યન્તિ તસ્મૈ પ્રભવિષ્ણવે નમઃ"**. પરન્તુ સર્વત્ર વિદ્યમાન બ્રહ્મ-આનન્દને આપણે જોઈ નથી શકતા. નથી જોઈ શકતા તે પ્રિય-બ્રહ્મની મર્યાદા નથી પણ આપણા મનની મર્યાદા છે. આ સીમાને કારણે આપણે સર્વત્ર પ્રેમ નથી કરી શકતા. એટલા માટે શ્રીમહાપ્રભુજી કહે છે કે તેને જો તમારે પકડવો છે તો તેની બાજુમાં બેસો. નહિતર તો તમે અંદરો-અંદર એક-બીજાને કુટતા રહેશો. એટલા માટે શ્રીમહાપ્રભુજી કહે છે કે જો તમારું ચિત્ત પ્રેમસંવલિત છે તો તમારું ચિત્ત પોતે જ ભગવાનને પોતાનો વિષય બનાવી લેશે. તેમાં ગુરુ શું કરશે? ગુરુની તેમાં કોઈ જરૂરીયાત નથી. ગુરુની જરૂરીયાત પ્રેમને માટે

નથી, તેની જરૂરીયાત પ્રેમ પ્રકટ કેવી રીતે થાય તેનો ઉપાય બતાવવા માટે છે.

યાદ રાખો કે સેવા કરવાથી પણ પ્રેમ પ્રગટ થઈ જ જશે એની કોઈ ગેરેન્ટી નથી કેમ કે જો સેવાથી પ્રેમ પ્રગટ થઈ જતો હોય તો ગુંસાઈઓમાં પહેલા પ્રેમ પ્રગટ થઈ જવો જોઈતો હતો, ટ્રસ્ટી-ભ્રષ્ટીઓમાં પણ પહેલાં પ્રેમ પ્રગટ થવો જોઈતો હતો! નથી ગુંસાઈઓમાં પ્રેમ પ્રગટ થતો ન તો ટ્રસ્ટી-ભ્રષ્ટીઓમાં પ્રેમ પ્રગટ થતો. સેવા કરવાથી પ્રેમ પ્રગટ થતો હોત તો લોકો ઠાકોરજીનો ધંધો શા માટે કરત? આજે તો મન્દિરોમાં મુખીયાઓ હડતાલ કરે છે. જેટલી સેવા મુખીયા કરે છે એટલી સેવા તો અમે મહારાજો પણ નથી કરી શકતા. મઙ્ગળાથી લઈને શયન સુધી બિચારા મુખીયા બેજાન મશીનની જેમ સેવા કરતા રહે છે. તો પણ પ્રેમ પ્રગટ ક્યાં થાય છે? અને આ મનોરથી વાણીયાઓ કેટલા-કેટલા રૂપિયા ઠાકોરજીના મનોરથો માટે ફેંકે છે? તેનાથી જો પ્રેમ પ્રગટ થઈ જાતો હોત તો તે વાણીયાઓ પોતાના ઘરમાં ઠાકોરજી પધરાવીને તેની સેવા કેમ નથી કરતા! ગાડી, ટીવી, વિડીયો આ બધામાં એ લોકોનો પ્રેમ પ્રગટ હોય છે. આ બધાને ખરીદી-ખરીદી ઘરમાં પધરાવી લે છે. પરન્તુ ઠાકોરજીને પોતાના ઘરમાં કેમ નથી પધરાવતા! લુચ્ચો શેઠીયો તો ક્યારેય નહીં પધરાવે! તે મનોરથને માટે મન્દિરમાં પૈસા ફેંકી શકે છે. તો સમજો કે આપણામાં પ્રેમ પ્રગટ થવાની કોઈ મર્યાદા છે. આપણે સેવા કરી શકીએ છીએ. પણ પ્રેમ પ્રગટ નથી કરી શકતા. પ્રેમ તો ત્યારે જ પ્રગટ થશે કે જો આપણી અંદર પ્રેમ હશે. ગુજરાતીમાં કહેવત છે કે: *"કુવામાં હોય તો હવાડામાં આવે."* બળદની જેમ કોશ ખેંચતા રહો પણ કુવામાં પાણી જ ન હોય તો અવેડામાં આવશે ક્યાંથી. તો આ રહસ્યને સમજો કે પ્રેમ હશે તો પ્રગટ થશે. નહિતર તો ગમે તેટલા સાધન



કરશો કાંઈ હાથમાં નહીં આવે.

શ્રીમહાપ્રભુજીએ સેવાનો પ્રકાર પ્રકટ કર્યો તે ફક્ત આ હેતુથી કે જો આપણે આપણી અહન્તા-મમતાનો સમનુપાતી વિનિયોગ જો ભગવાનમાં કરી શક્યા તો શું ખબર પ્રેમ પ્રગટ થઈ જાય! આ એક જુગાર છે હોં! જો નંબર લાગી ગયો તો ન્યાલ થઈ જશો. આ વાત હું મારી બનાવટી નથી કહી રહ્યો. શ્રીમહાપ્રભુજી સર્વનિર્ણય નિબન્ધમાં આજ્ઞા કરે છે કે જો પ્રેમ પ્રગટ થવાનો હશે તો થઈ જશે અને જો ન થયો તો કાંઈ ખોટું કામ તો કર્યું નથી? ભગવત્સેવા જ તો કરી. તમે તમારી અહન્તા-મમતાનો સમનુપાતી વિનિયોગ પ્રભુમાં કર્યો છે. આમાં કદાચ બગડશે તો શું બગડશે? અત્યાર સુધી તમે તમારી અહન્તા-મમતાનો વિનિયોગ સાંસારિક વિષયોમાં કરતા હતા તેમાં તમે એક વિષય બીજો વધારી દીધો. આમાં તમારું શું બગડ્યું? પણ જો સુધર્યું તો શું થશે? તેની કોઈ ગણત્રી જ નથી થઈ શક્તી, કોઈ સરખામણી નથી થઈ શક્તી. આ કારણે શ્રીમહાપ્રભુજી અહન્તા-મમતા સમનુપાતી વિનિયોગની વાત કહી રહ્યા છે. તેના માટે જ આપશ્રીએ તનુવિત્તજાનો અને ગૃહસેવાનો ઉપદેશ આપ્યો છે. અને અહન્તા-મમતાના વિનિયોગમાં ક્યારેક તેનો અનુપાત બગડી ન જાય તેના માટે જ આપશ્રીએ **"ભાર્યાદિ: અનુકૂલ: ચેત્ કારયેદ્ ભગવત્ક્રિયામ્, ઉદાસીને સ્વયં કુર્યાત્ પ્રતિકૂલે ગૃહં ત્યજેત્"** જેવા ઉપદેશ આપ્યા છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પરિવારના બધાજ વ્યક્તિઓ હળીમળીને ભગવત્સેવા કરો, જો બધાય સેવામાં અનુકૂલ હોય. જો કોઈ ઉદાસીન છે તો તેની પાસે સેવા ન કરાવો, સેવા જાતે જ કરો. જો પરિવાર સેવામાં પ્રતિકૂલ છે અને તમારાથી સેવા છોડી નથી શકાતી તો ઘર છોડી દો. તો જુઓ વાત તે અહન્તા-મમતાના અનુપાતને જાળવી રાખવાની જ છે. એના માટે જ સેવા કરવાવાળાને કોઈક ઉપદેશની જરૂર છે.

વ્યક્તિને જો પોતાની અહન્તા - મમતાનો અનુપાત ખબર હોત તો આખી દુનિયા જ્ઞાની હોત. દુનિયામાં કોઈને સાઈકિઆટ્રિસ્ટ (મનોચિકિત્સક)ની જરૂર જ ન રહેત. મારા વચનને તમે શિલાલેખની જેમ લખી લ્યો કે દુનિયામાં જેટલા પર સાંસારિક ગરબડ થાય છે તે આપણી અહન્તા - મમતાના અનુપાતને બરાબર નહીં જાણી શકવાના કારણે જ થાય છે. હું જો આને અતિરંજીત (વધુ પડતું) કરીને કહું તો આપને આશ્ચર્ય થશે કે હાર્ટ એટેક આવવામાં પણ આ જ કારણ છે, છુટ્ટાછેડા થવામાં પણ આ જ કારણ છે, ધંધામાં ખોટ જવામાં પણ કારણ આ જ છે, ભાઈ - ભાઈની વચ્ચે ઝઘડા થવામાં પણ આ જ કારણ છે.... આપણે અહન્તા - મમતાને વાપરી જરૂર રહ્યા છીએ પરન્તુ તેના અનુપાત (માત્રા)ની ખબર આપણને નથી. જ્યાં સુધી માણસ ઈન્ટ્રોવર્ડ (અન્તર્મુખ) નથી થતો ત્યાં સુધી તે આ રહસ્યને જાણી નથી શકતો. અહન્તા - મમતાની આ રમત એટલી ખતરનાક છે કે જો ક્યારેક આપણી સામે કોઈ અરિસો આવી જાય ને તો આપણી અહન્તા - મમતા પાછી નારાજ પણ થઈ જાય છે!

શ્રીગુસાંઈજી જેવા તો કોઈક જ હોય છે કે જે દામોદરદાસના ટોકવાથી એમ કહી શકે કે તમારા મુખદ્વારા શ્રીમહાપ્રભુજી બોલ્યા! એમની જગ્યાએ આપણે હોત તો સીધું કહી દેત કે "તું કોણ કહેવાવાળો? અમે તો શ્રીવલ્લભના સાક્ષાત્ વંશજ છીએ. બધાજ વલ્લભરૂપ છીએ. તું તો દુષ્ટ અહઙ્કારી છો!" તો સમજ્યા ને કે આપણે આપણામાં કેટલી અહન્તા - મમતા છે તે જાણી શકતા નથી.

આજે જોશો તો મોટાભાગે, નેવું ટકા વૈષ્ણવોમાં આ ભાવ ઘર કરી ગયો છે કે "ઠાકોરજી શું મહારાજના બાપના છે કે



એને ઘરમાં બંધ કરીને રાખે છે!" અરે ભાઈ, ઠાકોરજી જો મહારાજના બાપના નથી તો શું તારા બાપના છે કે જેના માટે ઠાકોરજીના દર્શન - મનોરથ કરવા માગી રહ્યો છે? તેને તારા ઘરમાં શું કામ નથી પધરાવી જાતો? અહીંયા - ત્યાં રખડી શું કામ રહ્યો છે? મહારાજ સાથે ઝઘડવું એમ કહીને કે "ઠાકોરજી તમારા બાપના છે કે ઘરમાં સંતાડીને રાખ્યા છે!" જો ઠાકોરજીમાં એટલી જ મમતા છે તો નાલાયક તું ઠાકોરજીને તારા ઘરમાં પધરાવીને તેમની સેવા કેમ નથી કરતો! એવું આપણે કહીએ તો કહેશે કે "સેવા તો નથી થઈ શકતી".

આજે આપણી આ હાલત છે કે આપણી અહન્તા - મમતાનો અનુપાત ન મહારાજ જાણે છે, ન વૈષ્ણવ જાણે છે, ન શાસ્ત્રી જાણે છે, ન ટ્રસ્ટી - ભ્રષ્ટી જાણે છે અને ન મુખીયા જાણે છે ... બધા દીપક રાગની મહેફિલમાં એક બીજાને કુટી રહ્યા છે. આવો ભયઙ્કર ખેલ ચાલી રહ્યો છે.

આ ખેલ ભયઙ્કર એટલા માટે બહુ વધારે થઈ ગયો છે કે આમાં બધાની અહન્તા - મમતાના અનુપાત ખરાબ રીતે બગડેલા છે. શ્રીમહાપ્રભુજી આપણી અહન્તા - મમતાનો સમનુપાતી વિનિયોગ પ્રભુસેવામાં કરાવવા માગી રહ્યા છે. પરન્તુ આપણને તો આપણી પોતાની અહન્તા - મમતાના અનુપાતની જ જ્યારે ખબર નથી પડતી તો પછી બીજાને કેવી રીતે સમજાવી શકશું! શ્રીમહાપ્રભુજી સમજાવવા માગે છે કે તમે કોઈ બીજાની મદદ લ્યો. શ્રીમહાપ્રભુજી જેની મદદ લેવાની યોગ્યતા તપાસવાનું કહે છે તેમાં આપણે (ગોસ્વામીઓ) ખરા ઉતરવામાં એક બાજુ બચવા માગીએ છીએ બીજી બાજુ ગુરુપદના લાભ પણ છોડવા નથી માગતા. છળી ગઈ આપણી અહન્તા - મમતા આપણને જ પાછી!

હકીકતમાં આને તમે હાઈજમ્પના દ્રષ્ટાન્તથી સમજી શકશો. હાઈજમ્પમાં ઊંચાઈએ એક વાંસ રાખી દેવામાં આવે છે. તે વાંસને એટલી જ ઊંચાઈવાળા બીજા વાંસની મદદથી કુદવાનું હોય છે. કુદવાવાળો છેટેથી દોડીને આવે, વાંસની બાજુમાં આવીને પોતાનો વાંસ જમીનમાં ટેકાવે અને તેની મદદથી ઊંચો થઈને કુદી જાય. તો વિચારો કે આ પ્રક્રિયામાં કેટલા ફેક્ટર્સ (પરિબળો) કામ કરી હ્યા છે? વિચારો તો ખરા.

એક તો ઊંચાઈ ઉપર રાખેલો વાંસ છે. બીજો અગર કુદવાનો વાંસ એટલી જ ઊંચાઈનો નહીં હોય તો ખેલાડી તેના ઉપરથી કુદી નહીં શકે, હવે ધારો કે વાંસ તો જોઈએ તેટલો લાંબો છે છતાં જો ખેલાડી માપસર અન્તરથી દોડીને નહીં આવે તો તે કુદી નહીં શકે. તો જુઓ આમાં ઘણી વસ્તુઓ એક સાથે કામ કરી રહી છે. તે બધા ફેક્ટર્સ (પરિબળો) સાચા પોઈન્ટર ઉપર સિંક્રોનાઈજ (એક સૂત્રિત) થઈ ગયા તો તમે મમતાના બેરિયર્ (અડચણ)ને પાર કરી જશો. અહન્તાનો વાંસ, મમતાની બેરિયર્ અને "સેવાકૃતિર્ ગુરોરાજ્ઞા" ની ઝડપ આ બધા સમનુપાતિ બનશે તો તમે પાર કરી શકશો.

આ અનુપાત વ્યક્તિના અહન્તા - મમતાના અનુપાતના હિસાબથી અલગ - અલગ હશે. દાખલા તરીકે ઉંદરને બે હાથ ઉંચું કુદવું હશે તો તેને દોડવાની જરૂર નહીં પડે પરન્તુ માણસ પોતાના શરીરના અનુપાતના હિસાબે એટલું ઉંચું કુદવુ હશે તો તે કુદી નહીં શકે. માણસના શરીરના રિફ્લેક્સિસ્ (સાંધાઓની સ્થિતિસ્થાપકતા) જનાવરના જેવા શક્તિશાળી નથી હોતા. વ્હેલ માછલી જમીન ઉપર ચાલવાવાળુ પશુ હતું. જમીન ઉપર જ્યારે ભુખે મરવા લાગ્યું ત્યારે ખોરાકને માટે સમુદ્રમાં ઉતરવાનું શરૂ કર્યું. કાળક્રમે તે બદલાઈને પશુમાંથી



માછલી બની ગયું. ઉંદર જેવા જાનવરોએ આત્મરક્ષા માટે કુદવાનું ચાલુ કર્યું અને કાલાન્તરે ચામાચીડીયા બની ગયા. આ બધા દીપક રાગના ખેલ છે. કાચબો - મગર જલચર છે. તેનામાં માછલીની જેમ પોતાના શરીર ઉપર ઈંડા ચોંટાડી રાખવાની આવડત નથી હોતી. એટલા માટે કાચબાની માદા જમીન ઉપર ઈંડા મુકે છે. કિનારા ઉપર ઈંડા મુકી તેને રેતીથી ઢાંકી તે પાછી પાણીમાં ચાલી જાય છે. જ્યારે ઈંડામાંથી કાચબો બહાર આવે છે ત્યારે એના નીકળવાની રાહ જોઈને તેને ખાવા માટે સમડી આકાશમાં ચક્કર મારતી હોય છે. હવે આમાં નવાઈની વાત એ છે કે ઈંડામાંથી નીકળીને બચ્ચાને કયો ગુરુ એ શીખવવા જાય છે કે તેનું સ્થાન પાણીમાં છે! અને બીજી વાત કે જ્યારે બચ્ચું પાણીની તરફ જતું હોય છે તે વખતે તેને એ રહસ્યની પણ ખબર પડી જાય છે કે હું ચાલી રહ્યો છું એટલે સમડી મને જોઈ શકે છે. એટલા માટે સમડી ચક્કર મારતી હોય તે વખતે તે સ્થિર પડ્યો રહે છે. અને જ્યારે સમડી દૂર જતી રહે ત્યારે દરીયાની તરફ ફરીથી ભાગવા લાગે.

આવી આ દીપક રાગની રમત છે. કાચબાનું બચ્ચુ પહલાં સમુદ્રમાં જશે કે પહેલાં સમડી તેને ઝડપી લેશે. **"યદા બહિર્મુખા યૂયં ભવિષ્યથ કથઞ્ચન, તદા કાલપ્રવાહસ્થા દેહચિત્તાદયોપ્યુત, સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માન્ ઈતિ મતિર્ મમ"** તે રીતની જપટ ચાલી રહી છે. આ ઝપાઝપીમાં જે જીતે તે જીતે. આમાં ન તો ગુરુની જરૂર છે ન ચેલા થવાની. આ અહન્તા આ મમતાને "સમુદ્ર એવ શરણં મમ" ના આશ્રયનો બોધ તેના સેલ્ (કોશ)માં ક્યાંથી આવ્યો? જેનેટિકલી (આનુવંશિક) આવ્યો કે એન્વાયર્નમેટંલિ (વાતાવરણના પ્રભાવથી) આવ્યો? સાચી વાત તો એ છે કે અન્વાયર્નમેટં સેલ્માં પ્રવેશ્યો છે. આ દીપક રાગનું સ્ટ્રક્ચર (માળખું) છે. જે આપણને

બહારથી મળી રહ્યું છે તે આપણી અંદર કોડીફાય્ (સૂત્રિત) થઈને પછી બહાર પણ પ્રગટ થઈ રહ્યું છે. બહારથી અંદર જાવું અને અંદરથી બહાર આવવું આ રીતનું અહન્તા-મમતાનું જે ચક્ર છે તે જ રીતે આ ખેલ ચાલી રહ્યો છે.

દરેક પ્રાણીમાં તે પ્રેમ રહેલો છે શ્રુતિ કહે છે **"ન વા અરે સર્વસ્ય કામાય સર્વં પ્રિયં ભવતિ, આત્મનસ્તુ કામાય સર્વં પ્રિયં ભવતિ"** આત્માકામના લીધે બધી વસ્તુઓ પ્રિય હોય ચે. **"અહમ્ આત્મા આત્મના ધાતઃ પ્રેષ્ઠઃ સન્ પ્રેયસામપિ, અતો મયિ રતિં કુર્યાદ્ દેહાદિર્ યત્કૃતે પ્રિયઃ"** ભાગવતે અને શ્રીમહાપ્રભુજીએ અહન્તા-મમતાના કોડ અને એન્વાયર્નમેન્ટલ્ પ્રેશર (વાતાવરણનું દબાણ)ના સન્દર્ભમાં આ નિર્ધારિત કર્યું કે **"સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ"** અને **"કૃષ્ણ સેવા સદા કાર્યા માનસી સા પરા મતા, ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા"** અહન્તા-મમતાના જે જેનેટિક કોડ (આનુવંશિક સૂત્ર) આપણી અંદર છે જે પ્રેમને સર્વાયૂવલ્ (જીવન)ના માટે તક દેવા માગી રહ્યા છે. તેના માટે આ સેવા સમ્બન્ધી ઈન્સ્ટ્રકશન્સ્ (સૂચનો) છે. તેના માટે ગુરુની જરૂર છે. આપણી અંદર આ બધા એન્કોડેડ્ (સંકેતિત) છે. પરન્તુ આપણે તેને ડીકોડ (સંકેતને સુલઝાવવું) નથી કરી શકતા. તેથી આપણને કોઈ ગુરુની જરૂર પડશે.

એટલા માટે શ્રીમહાપ્રભુજીએ થોડીક સાવધાની અને થોડીક ગેમ્બલીંગવાળો ફેક્ટર (ખતરનાક અખતરો) વાપરીને કહ્યું કે તમે જે સંસારમાં જીવી રહ્યા છો તેમાંથી નીકળવાની વાત હું તમને નથી કહી રહ્યો. પરન્તુ તે સંસારમાં કૃષ્ણને પધરાવવાની વાત કહી રહ્યો છું. કૃષ્ણને સંસારમાં પધરાવીને તમે જીવવા માટે તૈયાર છો તો કદાચ તમારા રિફ્લેક્સ ઉંદર-વાંદરા જેટલા મજબુત નહીં હોય તો પણ તમને અહન્તાનો ડંડો મળી જશે કે જેની મદદથી તમે



મમતાની બાધાને સેવાની ક્રિયાના સહારે ઓળંગી જશો. તેથી **"સેવા કૃતિર્ ગુરોઃ આજ્ઞા બાધનં વા હરીચ્છયા, અતઃ સેવા પરં ચિતં વિધાય સ્થિયતાં સુખમ્"**. આ અહન્તા-મમતાનો આખો ખેલ શ્રીમહાપ્રભુજી આપણને સમજાવી રહ્યા છે. તેમાં ગુરુની આવશ્યકતા ક્યાં છે અને ક્યાં નથી એ બધા રહસ્યોને પણ આપણે સમજવા જોઈએ.

શ્રીમહાપ્રભુજીનો બધો પ્રોગ્રામ તે કૃષ્ણને શોધવાનો છે, ન તો શ્રીમહાપ્રભુજીને ખોજવાનો છે, ન શ્રીગુસાંઈજીને ખોજવાનો છે, ન શ્રીગોકુલનાથજીને ખોજવાનો છે અને ન અમે ગુસાંઈઓને ખોજવાનો છે. આ આખો પ્રોગ્રામ કૃષ્ણને ખોજવાનો છે. અને કૃષ્ણપ્રેમ અત્યારે કેવી રીતે વિદ્યમાન્ છે, તેમાં તમારી પાસે શું સુવિધા ઉપલબ્ધ છે તેની ન તમને ખબર છે ન અમને ખબર છે. આપણે બધા એક જાતની ગેમ્બ્લિંગ્ થોડી ઘણી ટ્રાયલ્-એરર્ (અખતરા) થી કાંઈક કામ કરી રહ્યા છીએ. સફળ થઈ જશે તો ઘણું બધું મળશે, સફળ નહીં થઈએ તો કાંઈ ગુમાવવાનું નથી. પરન્તુ શરત પાછી શ્રીમહાપ્રભુજીની એક છે કે શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું તે પ્રમાણે કરશો તો શ્રીમહાપ્રભુજી જવાબદાર છે. બાકી તો તૂં જાણે અને તારો રામ જાણે.

આ બધાની પાછળ મુદ્દો એ છે કે શ્રીમહાપ્રભુજી શાસ્ત્રોનું અવલોકન કરીને આપણને કહી રહ્યા છે કે મને શાસ્ત્રનું તાત્પર્ય આવી રીતથી સમજમાં આવ્યું છે કે **"શાસ્ત્રમ્ અવગત્ય મનો-વાગ્-દેહૈઃ કૃષ્ણઃ સેવ્યઃ"**. કાલે શ્રીનવનીતપ્રિયશાસ્ત્રીજીએ વચનના વિષયમાં કહ્યું હતું કે આમાં ફક્ત મન-વાણી અને દેહનું કહે છે તનુવિત્તજા ક્યાંય કીધી નથી. સાચી વાત છે. તનુવિત્તજા તો નથી કહી. પણ સમજો કે આ વચન સિદ્ધાન્ત વચન છે કર્તવ્યોપદેશ નથી. આ એટલી જનરલ્ પ્રિમાઈસ્ (સાધારણ માન્યતા) છે કે જેમાંથી

બધા કન્કલ્યુજન્ (નિર્ણયો) નિકળવાવાળા છે. જેમ "ઓલ મેન્ આર મોર્ટલ્" (બધા મનુષ્યો મરણશીલ હોય છે) વિધાનમાં આ નથી કહેવામાં આવી રહ્યું કે સોક્રેટીસ ઈઝ મેન ઓર નોટ્ (સોક્રેટીસ મનુષ્ય છે કે નહીં) ને તેમાં આ કહેવામાં આવી રહ્યું કે સોક્રેટિસ્ ઈઝ મોર્ટલ ઓર નોટ (સોક્રેટિસ્ મરણશીલ છે કે નથી) એવી જ રીતે "કૃષ્ણ સેવા સદા કાર્યા..... તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા" વચનમાં તો ધેર ફોર સોક્રેટિસ્ ઈઝ મોર્ટલ્ (તેથી સોક્રેટિસ્ મરણશીલ છે) વાળો નિર્ણય નીકળી રહ્યો છે. આ રહસ્યને સમજો. "શાસ્ત્રમ્ અવગત્ય... કૃષ્ણઃ સેવ્યઃ" તે જનરલ પ્રિન્સિપલ્ (સામાન્ય સિદ્ધાન્ત) છે કે શાસ્ત્રને સમજો, મન-વાણી-દેહથી કૃષ્ણની સેવા કરો... આ સિદ્ધાન્તની અનેક માયનર્ પ્રિમાઈસ્ (વિશેષ સિદ્ધાન્ત) છે. જેમ **"ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ" "કૌણ્ડિન્યો ગોપિકા પ્રોક્તા ગુરવઃ સાધનં ચ તદ્, ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદ્ ઈશ્યતે"** "તત્ **સિદ્ધ્યૈ તનુવિત્તજા"** વગેરે અને આ બધાનો કન્કલ્યુજન (નિર્ણય) છે: "કૃષ્ણસેવા સદા કાર્યા". આ નિષ્કર્ષ ઉપર આવવા માટે પહેલાં કહેલા માયનર પ્રિમાઈસ્ (વિશેષ સિદ્ધાન્ત) શ્રીમહાપ્રભુજી વાપરી રહ્યા છે. મેજર પ્રિમાઈસમાં માયનર પ્રિમાઈસ્ની બધી વાતોને કહેવી જરૂરી નથી. એટલા માટે ત્યાં **'તનુવિત્તજા'** નથી કહ્યું. કોઈ પણ લોજિક (તર્ક) આવી રીતે તો ઘડવામાં આવે છે. પહેલાં મેજર પ્રિમાઈસ્ ઘડવામાં આવે ત્યાર પછી તેની શૃઙ્ખલા (કડી)માં માયનર પ્રિમાઈસ્ ઘડવામાં આવે. પછી તેનો નિર્ણય કાઢવામાં આવે એવી રીતે જ શ્રીમહાપ્રભુજીએ સર્વ નિર્ણયમાં મેજર પ્રિમાઈસ્ આપી છે. ષોડશગ્રન્થોમાં માયનર પ્રિમાઈસ્ અને કન્કલ્યુજન્ બતાવ્યા છે. સ્વસિદ્ધાન્ત વિનિશ્ચય બતાવ્યો છે.

સમજી રાખો કે શ્રીમહાપ્રભુજી શ્રીગોપીનાથજી અને શ્રીપ્રભુચરણ ના ગ્રન્થોમાં કોઈ ભેદ નથી. તે ગ્રન્થોને અનુસરવાની અધિકારિતામાં



કોઈ ભેદ નથી. બસ એના પગથીયા અલગ-અલગ છે. ક્યા પગથીયા ઉપર કયો ગ્રન્થ આવ્યો છે તેને સમજવું જોઈએ. ગ્રન્થોને જો આપણે ઉંધા પગથીયાથી વાંચશું તો ગોટાળા થવાના જ છે. આ શ્રીમહાપ્રભુજીના વચનોને આધારવાક્ય, મધ્યવાક્યવ અને નિષ્કર્ષવાક્ય ના ક્રમથી જો ભણવામાં આવે તો બધી વાત સરળતાથી સમજમાં આવી શકશે. પરન્તુ જો આડા-અવળા ક્રમથી ભણવામાં આવે તો-તો શઙ્કા થવી સ્વાભાવિક છે. કેમ કે દીપક રાગ તો દુનિયામાં છેડાયેલો જ છે.

ગુરુ આજ્ઞાની આવશ્યક્તા શ્રીમહાપ્રભુજી સેવામાં કહી રહ્યા છે પ્રેમમાં નથી કહી રહ્યા. શ્રીમહાપ્રભુજી તહેદીલથી (અન્તઃકરણથી) આ વાત સ્વીકારે છે કે પ્રભુસેવા કેમ કરવી આ વાત શિષ્ય સમજી નથી શકતો એટલા માટે શરૂઆતમાં ગુરુની આવશ્યક્તા છે. જો કે બીજા સન્દર્ભમાં કહેવાયેલી છે પણ એક પ્રસિદ્ધ ઉકિત છે **"શાસ્ત્રાણામ્ ઉપયોગો હિ યાવન્મન્દરસાઃ જનાઃ, રતિચક્રે પ્રવૃત્તે તુ નૈવ શાસ્ત્રં ન ચ ક્રમઃ"**. માણસ જ્યારે મન્દરસ છે તો શાસ્ત્રનો ઉપયોગ છે. જો શાસ્ત્રનો ઉપયોગ છે તો ગુરુનો પણ ઉપયોગ છે. "રતિચક્રે પ્રવૃત્તે તુ નૈવ શાસ્ત્રં ન ચ ક્રમઃ".

આપણે કહીએ છીએ કે શ્રીમહાપ્રભુજી શ્રુતિકલ્પ છે, ગુરુ છે. એક વાત સમજો કે જો આપણી ભકિત વ્રજભાવની ભક્તિ છે તો વિચારો કે ગોપીજનોએ કયા ગુરુ કર્યા હતા? ગોપીજનોએ ક્યાં બ્રહ્મસમ્બન્ધ લીધું હતું? ગોપીજનો કોની પાસે ભણ્યા હતા? **"તે નાધિતશ્રુતિગણા નોપાસીત મહત્તમા, કેવલે ન હિ ભાવેન ગોપ્યો ગાવો ખગા મૃગાઃ, યોન્યે મૂઢધિયો નાગાઃ સિદ્ધા મામીયુરઞ્જસા"**. તેનામાં રતિચક્ર પ્રવૃત્ત હતો શરત ફક્ત આ છે "કેવલેન હિ ભાવેન" એમનો ભાવ નિર્દોષ હતો.

આજે તો જે સમજવા આવ્યો હોય તેનો ભાવ પણ દૂષિત છે અને જે સમજાવવા જઈ રહ્યો છે તેના ભાવ પણ દૂષિત છે! આવો દીપક રાગ ચાલી રહ્યો છે. આમાં ખૂબ જ સાવધાની વરતવાની જરૂરત છે. તે સાવધાની કેમ વરતી શકાય છે? શ્રીમહાપ્રભુજીના વચનોથી. કારણ કે આ રહસ્ય શ્રીમહાપ્રભુજીએ આપણને આપ્યું છે એટલા માટે આપણે શ્રીમહાપ્રભુજીને શ્રુતિકલ્પ માનીએ છીએ. શું આ રહસ્ય આપણી સમજણ છે? નથી.

હવે જવાબ આપો કે શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજી ગુરુ છે કે નથી? એક વાત સમજો કે જો ભુલથી પણ આપણે શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજી ના ગુરુત્વને ઈન્કાર કર્યો તો આજે આપણે જે ગ્રન્થોને શ્રીમહાપ્રભુજીના કહી રહ્યા છીએ તે શ્રીમહાપ્રભુજીના જ છે તેની શું ખાત્રી છે? આજે આપણે સારી રીતે જાણીએ છીએ કે 'સુદર્શનકવચ' ગ્રન્થ શ્રીમહાપ્રભુજીના નામ ઉપર ચઢાવી દેવામાં આવ્યો છે. આપણે જાણીએ છીએ કે 'અષ્ટાક્ષરનિરૂપણમ્' ગ્રન્થ શ્રીગુસાંઈજીના નામ ઉપર ચઢાવી દેવામાં આવ્યો છે. આ તો પાંચસો વરસમાં આટલા ગોટાળા થયા છે. આવતા પાંચસો વરસમાં બીજા પચાસ બનાવટી ગ્રન્થ આપણા આચાર્યના નામે ચઢી જઈ શકે છે. આ દીપક રાગની મહેફિલમાં શું-શું નથી થઈ શકતું? આપણે આજે જે ગ્રન્થોને શ્રીમહાપ્રભુજીના ગ્રન્થના રૂપમાં જાણી શક્યા છીએ તેમાં પ્રમાણ તે ગ્રન્થો ઉપર લખાયેલી શ્રીગુસાંઈજી વગેરે પૂર્વાચાર્યોની ટીકા જ તો છે. તેના સિવાય આપણી પાસે બીજું પ્રમાણ શું છે? તો સમજો કે આ ઓર્ડરના અનુસન્ધાનથી આપણે શ્રીમહાપ્રભુજીને શ્રુતિકલ્પ માની રહ્યા છીએ.

શ્રીમહાપ્રભુજીનો પોતાનો એવો દાવો નથી કે તેઓ શ્રુતિકલ્પ છે. આપશ્રીની અંદર તો એટલું દૈન્ય છે કે **''અર્થોऽયમેવ નિખિલૈરપિ**



**વેદવાક્યૈઃ રામાયણૈઃ સહિતભારત-પઞ્ચરાત્રૈઃ, અન્યૈશ્ચ શાસ્ત્રવચનૈઃ સહ તત્ત્વસૂત્રૈઃ નિર્ણીયતે સહૃદયં હરિણા સદૈવ''** કહી રહ્યા છે. પણ આપણી સાથે સમસ્યા એ છે કે જો શ્રીગુસાંઈજીના વચનોને આપણે શ્રુતિકલ્પ નહીં માનીએ અને ફક્ત શ્રીમહાપ્રભુજીને જ શ્રુતિકલ્પ માનશું તો બ્રહ્મસૂત્રનું ભાષ્ય આપણી પાસે અડધું જ રહી જશે. શ્રીગુસાંઈજી વિરચિત સાધન અને ફલાધ્યાય નું અડધું ભાષ્ય આપણી પાસેથી ગાયબ થઈ જશે. અને જો ભૂલે-ચૂકે ક્યારેક કોઈએ ષોડશગ્રન્થમાં ઉપદેશાયેલ આપણી સાધનાપ્રણાલી ઉપર પ્રશ્ન કરી દીધો કે પુષ્ટિભક્તિમાર્ગીય સાધનાપ્રણાલી વ્યાસસૂત્રથી સમર્થીત નથી તો આખો સમ્પ્રદાય ચૌપટ થઈ જશે. ગામમાં આપણે કોઈને મોઢું દેખાડવા જેવા નહીં રહીએ. શ્રીગુસાંઈજીએ સાધન-ફલાધ્યાયના સૂત્રો ઉપર ભાષ્ય લખ્યું છે તેથી આપણે આટલા દમ-ખમથી બોલી શકીએ છીએ. ષોડશગ્રન્થોને કાંઈક પ્રમાણનો આધાર મળી રહ્યો છે.

આ વાત આપણને શ્રીગુસાંઈજીથી મળી રહી છે. શ્રીગુસાંઈને આ પરમ્પરા શ્રીગોપીનાથજીથી મળી છે. શ્રીગુસાંઈજી શ્રીગોપીનાથજીને વન્દન કરતા મઙ્ગલાચરણમાં કહે છે

**યદનુગ્રહતો જન્તુઃ સર્વદુઃખાતિગો ભવેત્,**
**તમહં સર્વદા વન્દે શ્રીમદવલ્લભનન્દનમ્''**

જો શ્રીગુસાંઈજીના વચન આપણા માટે પ્રમાણ છે તો આ મઙ્ગલાચરણ પણ આપણા માટે પ્રમાણ છે. આ સ્થિતિમાં શ્રીગોપીનાથજીને આપણી પરમ્પરામાંથી કેવી રીતે માયનસ્ (બાદબાકી) કરી શકાય! જો કોઈ પરવર્તિ આચાર્ય શ્રીગોપીનાથજીને પુષ્ટિમાર્ગીય પરમ્પરામાંથી માયનસ્ કરવા માગશે તો પહેલાં તેને શ્રીગુસાંઈજીનો સામનો કરવો પડશે. કોઈ પરવર્તિ આચાર્ય કોઈ કારણથી શ્રીગુસાંઈજીથી ઝઘડી ન પડે એટલા માટે શ્રીપુરુષોત્તમજીએ લખ્યું:

**શ્રીવલ્લભપ્રતિનિધિં તેજોરાશીં દયાર્ણસમ્**

### ગુણાતીતં ગુણનિધિં શ્રીગોપીનાથમ્ આશ્રયે

શ્રીગોપીનાથજીને વાર્તામાં જે મર્યાદાસ્વરૂપ કહેવામાં આવ્યા છે તો સમજો કે આપણને મર્યાદાથી કોઈ દ્વેષ નથી. ઠાકોરજીનો એક ચરણ એક શ્રીહસ્ત આપણે મર્યાદા જ માનીએ છીએ. આપણે ત્યાં સેવામાં પુષ્ટિ છે તો પૂજામાં મર્યાદા સ્વીકારી જ છે. તો મર્યાદામાર્ગ દેખાતાં જ તેને કાપો એવું થોડું છે! તેની મજા લેવા માટે મર્યાદામાર્ગ છે. તો સમજી લો કે આપણે ત્યાં શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજી આ આચાર્યત્રયી છે, છે અને છે જ. અને આ ત્રણેય આચાર્યો આપણા માટે શ્રુતિકલ્પ જ છે. ઈન્કાર નહીં કરી શકાય. અને જે પરવર્તિ આચાર્યો એમના વચનોના આધાર ઉપર પ્રવૃત્ત થયા છે તે સ્મૃતિકલ્પ જ છે. એમના વચનોની પ્રમાણિકતા આચાર્યત્રયીના વચનોથી અવિરોધથી જ આવશે. આપ મેળે નહીં આવે. આવી જ રીતે પરમ્પરાનું પ્રામાણ્ય પણ એમના વચનોના અવિરોધથી જ આવશે. આપમેળે નહીં આવે. મને અને તમને જુદી-જુદી વાતો સારી લાગી રહી છે. તો તેમાં પરમ્પરાના આધારથી નિર્ણય કરવો જોઈએ. પરન્તુ કોઈ પણ સ્થિતિમાં પરમ્પરા પૂર્વાચાર્યોના વચનોથી વધારે પ્રમાણ નથી થઈ શકતી કેમ કે પરમ્પરામાં કેટલીય ભ્રષ્ટતાઓ ઘુસી ગયેલી છે. જેમ ગોસ્વામીઓને પુરુષોત્તમ માનવાની, ઠાકોરજીને મુકીને બાલકને કાંઈક-કાંઈક માનવાની... આવી કોઈ પણ પરમ્પરાઓ આચાર્યવચનોમાં ક્યાંય જોવામાં આવતી નથી. આવી બધી પરમ્પરાઓ અપ્રમાણ છે. આચાર્યવચનોથી અવિરુદ્ધ (સમ્મત) પરમ્પરા પ્રમાણ હોઈ શકે છે, વચન વિરુદ્ધ પરમ્પરા પ્રમાણ નથી હોઈ શકતી. હમણાં હું એક પુસ્તક પ્રકાશિત કરવા જઈ રહ્યો છું. તેમાં મેં લખ્યું છે કે જે મારું ખણ્ડન કરે છે એમના પણ વચન જો શ્રીમહાપ્રભુજીના વચનોથી અવિરુદ્ધ મળે ત્યારે હું નિત્યપાઠ એ વચનોનો કરું છું. અને જે એમના વચનો શ્રીમહાપ્રભુજીના વચનોથી વિરુદ્ધ છે તેનું હું ખણ્ડન કરું છું.



અહીંયા તો ભીષ્મની ભક્તિ છે. લડશું પણ, મરશું પણ અને પૂજશું પણ. આમાં ન કોઈ લાગ-લપેટ છે અને ન કોઈ રાગ-દ્વેષ છે. જે વાત સિદ્ધાન્તની છે તો છે અને જે ખોટું છે તો તે ખોટાને સ્વીકારવાની આપણામાં હિમ્મત હોવી જોઈએ. કેમ કે અહીંયા કોઈ પારકો નથી.

વૈષ્ણવ આપણા છે આપણે પણ વૈષ્ણવના છીએ. ભુલ તમારી વૈષ્ણવોની પણ છે, ભુલ અમે ગુસાંઈઓની પણ છે. ભુલ કોઈ પણ કરી શકે છે. ક્રાઈસ્ટની વાત યાદ કરો. ક્રાઈસ્ટે કહ્યું હતું કે જેણે ભુલ ન કરી હોય તે પથ્થર મારે.

શાસ્ત્રના તાત્પર્યનું સૌપ્રથમ જ્ઞાન આપણને આચાર્યત્રયીએ આપ્યું છે તેથી આપણે તેઓને શ્રુતિ કલ્પ માનીએ છીએ. તે જ્ઞાન આપણને જેના દ્વારા મળ્યું છે તેને આપણે સ્મૃતિકલ્પ માની રહ્યા છીએ. અને જે પરમ્પરાએ તે જ્ઞાનને વ્યવહારમાં સંભાળીને રાખ્યું છે તેને પણ આપણે પ્રમાણમાનીએ છીએ. પરન્તુ સ્મૃતિકલ્પથી અવિરોધી (સમ્મત) હોય તો જ. એવી જ રીતે મને-તમને જે સારું લાગે છે તે પણ પ્રમાણ હોઈ શકે છે. પરન્તુ ક્યારે કે જ્યારે તે પરમ્પરાથી વિરુદ્ધ ન હોય, કેવી પરમ્પરા કે જે સ્મૃતિથી વિરુદ્ધ ન હોય, કેવી સ્મૃતિ કે જે શ્રુતિથી વિરુદ્ધ ન હોય!

આ શ્રુતિ શું છે કે જેનું તાત્પર્ય કૃષ્ણ સિવાય બીજા કોઈમાં નથી. આ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોનો સેટપ(પ્રારૂપ) છે. આને સમજશો તો આપણા ઘણા બધા પ્રશ્નો પોતાની મેળે સમાહિત થઈ જશે.

બીજા જે પ્રશ્ન આપણા મનમાં પેદા થાય છે તે અહન્તા-મમતાના દીપક રાગનો ખેલ છે. ક્યાંકને ક્યાંક આપણી અહન્તાનું અંધારું

છે જેના કારણે આપણે એક બીજાને તે અંધારામાં કુટી હ્યા છીએ. દીપક રાગ ચાલી રહ્યો છે તેમાં કાંઈ ખરાબ વાત નથી. પરન્તુ પકડો એને કે જે આની મહેફિલ સજાવીને બેઠો છે. જે કુટાઈ રહ્યો છે તેને પકડવામાં કાંઈ ફાયદો નથી.

તીર્થયાત્રાનો પણ પ્રશ્ન ઉપસ્થિત થયો તો તેના વિશે પણ સમજી લ્યો કે શ્રીમહાપ્રભુજીના અનુસાર તીર્થયાત્રામાં મુખ્ય તાત્પર્ય નથી. ત્યાં પણ તાત્પર્ય તો શ્રીકૃષ્ણમાં જ છે.

સેવાના વિષયમાં પણ ગુરુની આજ્ઞાના પાલનમાં મુખ્ય તાત્પર્ય નથી પરન્તુ કૃષ્ણપરાયણ કેમ રહી શકાય તેમાં જ તાત્પર્ય છે.

સેવા છોડવાના પ્રશ્નના વિષયમાં પણ શ્રીમહાપ્રભુજી આજ વાત ઉપર કાયમ છે કે તાત્પર્ય જો કૃષ્ણમાં હોય તો કૃષ્ણની સેવા છોડી પણ શકાય છે.

આવી રીતે દરેક વાતમાં આપણું તાત્પર્ય કૃષ્ણમાં સ્પષ્ટ હોવું જોઈએ. કૃષ્ણમાં જ્યારે તાત્પર્ય નથી તો બધી વાત ખોટી છે.

વેદસ્તુતિની સુબોધિનીમાં શ્રીમહાપ્રભુજીએ ત્યાં સુધી આજ્ઞા કરી છે કે શુદ્ધાદ્વૈત મત પણ જો કૃષ્ણથી વિરુદ્ધ જતો હોય તો તે શુદ્ધાદ્વૈત ખોટો અને તેને બદલે ભગવાન્ બુદ્ધનો શૂન્યવાદ સાચો. કેમ કે તાત્પર્ય કૃષ્ણમાં છે શુદ્ધાદ્વૈતમાં નથી. ભાડમાં ગયો શુદ્ધાદ્વૈત.

શ્રીમહાપ્રભુજીમાં આ કહેવાની હિમ્મત છે કે કૃષ્ણમાં તાત્પર્ય છે તો સેવા સાચી છે અને જો કૃષ્ણમાં તાત્પર્ય નથી તો સેવા ખોટી છે.



શ્રીમહાપ્રભુજીમાં આ હિમ્મત છે કે કૃષ્ણમાં તાત્પર્ય છે તો ભાગવત કથા સાચી અને જો કૃષ્ણમાં તાત્પર્ય નથી તો શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે **"અન્યથા કથાર્થમેવ તૈઃ યત્નઃ કૃતઃ સ્યાત્"**. રાસપઞ્ચાધ્યાયીમાં આ પ્રશ્ન જાગ્યો છે કે ભગવાન્ જ્યારે છુપાઈ ગયા ત્યારે ગોપીજનોએ ત્યાં ભાગવત કથા કેમ ન બેસાડી. જો ભાગવતથી કૃષ્ણ મળી જતા હોત તો માંડવા નાખીને, ભાગવત વ્યાસને બોલાવીને કથા કરાવી લેવી જોઈતી હતી! કોઈએ એવું ન કર્યું. **"રુરુદુઃ સુસ્વરં રાજન્! કૃષ્ણદર્શનલાલસા"** પોતે રડ્યાં છે, કથા નથી કરાવી. કેમ? "કૃષ્ણે એવ તાત્પર્યમ્". તાત્પર્ય કૃષ્ણમાં છે તો કથા પણ ચાલશે નહિતો કથા પણ નકકામી છે.

કૃષ્ણકથા ક્યારે નકકામી બની જાય? શ્રીમહાપ્રભુજીએ આખો જલભેદ ગ્રન્થ તેના માટે લખ્યો છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે કૃષ્ણની જ કથા તેને સાંભળવાવાળા માટે એટલી ગંદી બની શકે છે કે જેટલું ગંદુ ગટરનું પાણી હોય છે, જો કથા આજીવિકા માટે (કમાણીના સાધન તરીકે) કરવામાં આવતી હોય: **"જલાર્થમેવ ગર્તાસ્તુ નીચાઃ ગાનોપજીવિનઃ"**. જે ભાગવતને માટે શ્રીમહાપ્રભુજી કહે છે કે તે ભગવાનનું રૂપ છે તે જ ભાગવતની કથા ગટરના પાણી જેટલી ગંદી પણ બની શકે છે. કેમ બની શકે છે? શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે **"પરમ્ અત્ર એકો મહાન્ દોષ.... વૃત્યર્થં યત્નો ન કર્તવ્યઃ"** ભાગવતને પૈસા કમાવવા માટેનું સાધન બનાવ્યું તેથી તે કથા ગંદી થઈ ગઈ. ભાગવત કથાનું તાત્પર્ય જો કૃષ્ણમાં છે તો તેનાથી વધારે પવિત્ર બીજું કોઈ સાધન નથી બની શકતું. **"પ્રેમ્ણો અન્યત્ સાધનં લોકે નાસ્તિ મુખ્યં પરં મહત્, શ્રીભાગવતમેવ અત્ર પરં તસ્ય હિ સાધનમ્"** ભાગવતથી ઉત્તમ કોઈ સાધન છે નહીં પણ કૃષ્ણમાંથી તાત્પર્ય હટ્યું નહીં કે ભાગવત કથા ગટર બની જશે. કૃષ્ણમાંથી તાત્પર્ય હટ્યું તો ભાગવત કથા

જ્યારે ગટર બની તો કૃષ્ણસેવાનું ન જાણે શું થશે! સેસ્પોલ્ (બધી ગટરો જેમાં ઠલવાતી હોય તે ખાડો) જ બની ગયું બધું.

આજે અમે ગુંસાઈ લોકો કહેવા માંડ્યા છીએ કે ભગવત્સેવાનું પ્રદર્શન કરી શકાય છે. કેમ કે જે વૈષ્ણવ ઘરમાં સેવા નથી કરી શકતા તેનો ઉદ્ધાર નહિતો કેવી રીતે થઈ શકશે! જો આ વાત ઉપર અડગ છો તો જેમ આજે શેરીએ-શેરીએ ગણપતિ બાપા મોરિયા થઈ રહ્યું છે એવી રીતે સેવા કરવાવાળા દરેક વ્યક્તિને કૃષ્ણસેવાનું પ્રદર્શન કરવાની છૂટ આપો. તે તો છૂટ દેવી નથી. સેવાના પ્રદર્શનમાં પાછી પોતાની મોનોપોલી (એકાધિકાર) રાખવી છે. તેથી તમારી પોલ ખુલી ગઈને કે તાત્પર્ય તમારું કૃષ્ણમાં નથી. તાત્પર્ય તમારું કૃષ્ણસેવાના પ્રદર્શનથી મળતી પ્રતિષ્ઠા, પદ કે આર્થિક લાભના એકાધિકારમાં છે. તો સમજી જાઓ કે જ્યારે તમારું તાત્પર્ય કૃષ્ણમાં નથી તો કૃષ્ણસેવા ગટરથી પણ વધારે ગંદી બની ગઈ. ''કૃષ્ણસેવા ત્યક્તવ્યા'' જો કૃષ્ણમાં તાત્પર્ય નથી તો.

જો કૃષ્ણમાં તાત્પર્ય છે તો ઝઘડો પણ સારો બની શકે છે. જ્યાં શ્રીમહાપ્રભુજીએ આ વાત કહી છે કે **''ગૃહસ્થિતેર્ ઉત્કૃષ્ટત્વં ન ભગવદીયત્વમાત્રેણ, ભગવતા સહ સ્થિત્વા ભગવત્કાર્યાર્થં વા''** ત્યાં ઝઘડાની વાત છે. તમે ઘેર જઈને સુબોધિની જોજો. કૃષ્ણમાં તાત્પર્ય છે તો ઝઘડાથી પણ ઉદ્ધાર થઈ જશે. અને તાત્પર્ય જો કૃષ્ણમાં નથી તો પ્રેમ પણ તમને લઈને ડૂબી જશે. તેથી આપણે ન તો પ્રેમવાદી છીએ, ન ઝઘડાવાદી છીએ આપણે કૃષ્ણવાદી છીએ. **''પ્રાકૃતાઃ સકલા દેવાઃ ગણિતાનન્દકં બૃહત્, પૂર્ણાનન્દો હરિસ્તસ્માત્ કૃષ્ણએવ ગતિર્મમ''** આ શ્રીમહાપ્રભુજીનો અડગ સિદ્ધાન્ત છે. આ સૂત્રને તમે પકડશો તો શ્રીમહાપ્રભુજીની બધી વાત સમજમાં આવી જશે. આ સૂત્ર જો ખોવાઈ ગયું તો તમારી પતંગ ઢીલમાં કપાઈ



જશે. તાત્પર્ય જો કૃષ્ણમાં નથી તો બધી વાત ખોટી થઈ શકે છે. અને તાત્પર્ય કૃષ્ણમાં છે તો એવી વાતો પણ સારી બની શકે છે કે જેને કબુલ કરવામાં પણ આપણને સઙ્કોચ થતો હોય. હું એ વાર્તાની ડીટેઇલ્સ્ (ઉંડાણ)માં નહીં જાઉં પરન્તુ તમે ક્યારેક વાર્તાઓને આ દ્રષ્ટિથી વાંચીને જોઈ લેજો.

કૃષ્ણમાં તાત્પર્ય છે તો ગમે તે વાત સારી થઈ શકે છે. અને કૃષ્ણમાં તાત્પર્ય નથી તો જપ પણ ખોટો છે, તપ પણ ખોટું છે, વૈરાગ્ય, તીર્થ, યોગ બધું જ ખોટું છે. જો કૃષ્ણમાં તાત્પર્ય છે તો **''સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ, અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ''** ગીતાનો ચરમ-ઉપદેશ છે કે કૃષ્ણમાં તાત્પર્ય છે તો ધર્મનો ત્યાગ પણ બરાબર છે. આ શ્રીમહાપ્રભુજીનો મત છે: આ સૂત્રને નહીં પકડો તો ડગલેને પગલે ઠોકર ખાતા જ રહેશો. કોઈ પ્રશ્નનો જવાબ ક્યારે પણ મળી શકશે નહીં. આપણા સમ્પ્રદાયની બધી વિકૃતિઓ, સમ્પ્રદાયના બધા મિસઈન્ટર્પ્રિટેશન્સ્ (ખોટું અર્થઘટન) સમ્પ્રદાયના બધા કૌભાણ્ડો કૃષ્ણમાં તાત્પર્ય ન રહેવાના કારણે થાય છે. નહિતો આપણો સમ્પ્રદાય અત્યન્ત ઉજ્જવળ છે. એક વાર કૃષ્ણમાં તાત્પર્ય રાખીને ચાલશો તો સમ્પ્રદાયને આપણે વધુ ઉજ્જવલતમ્ બનાવી શકીશું. શરત માત્ર એક છે: તાત્પર્ય કૃષ્ણમાં લાવો, કૃષ્ણમાં લાવો, કૃષ્ણમાં લાવો!

આપણે અહીંયા બેસીને ગમે તેટલા અર્થો પંક્તિઓના વિચારતા રહીએ, ગમે તેટલી ચર્ચા કરી લઈએ, ગમે તેટલા સન્દર્ભ વિચારી લઈએ, પણ જો કૃષ્ણમાં તાત્પર્ય નથી તો બધું નકામું છે. અને જો તાત્પર્ય કૃષ્ણમાં છે તો પંક્તિઓનું પણ તાત્પર્ય મળી ગયું, ગ્રન્થનું પણ તાત્પર્ય મળી ગયું, વિવાદનું, સંવાદનું, અનુવાદનું બધાનું તાત્પર્ય હાથમાં આવી ગયું આ સમજી લ્યો.

તાત્પર્ય કૃષ્ણમાં છે ગુરુમાં નથી આ વાત ઉપર ધ્યાન દોરવા માટે શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે **"તદભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરે ક્વચિત્"**. આ વાત એટલા માટે નથી કહી કે ગુરુ આવશ્યક છે કે અનાવશ્યક. તાત્પર્ય કૃષ્ણમાં છે તો ગુરુને પકડવા પણ સારા છે અને તાત્પર્ય કૃષ્ણમાં છે તો ગુરુને છોડવા પણ સારા છે. તાત્પર્ય કૃષ્ણમાં નથી તો ગુરુને પકડવા પણ ખોટા છે કેમ કે તમારે કારણે તમે ગુરુને પણ ડૂબાડી રહ્યા છો **"અન્ધાનુગાન્ધવદ્ ઉભાવપિ પતેતામ્"**. આવી જ રીતે તાત્પર્ય જો શિષ્યમાં છે તો બ્રહ્મસમ્બન્ધ દેવાવાળો અને લેવાવાળો બન્ને ડૂબશે. અને જો બ્રહ્મસમ્બન્ધ દેવાવાળાનું તાત્પર્ય કૃષ્ણમાં છે તો બન્ને તરી ગયા. આ બધી વાતોમાં રહસ્ય કૃષ્ણમાં તાત્પર્ય નિભાવવાનું છે. આ વાતને સમજાવવા માટે શ્રીમહાપ્રભુજીએ ગુરુના લક્ષણમાં **"કૃષ્ણસેવા પરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરં, શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેદ્ જિજ્ઞાસુઃ આદરાત્"** કહ્યું. તાત્પર્ય કૃષ્ણમાં છે નહિકે ગુરુમાં. નહિતો **"તદભાવે સ્વયં વાપિ મુર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્ પરિચર્યાં સદા કુર્યાત્ તદ્રૂપં તત્ર ચ સ્થિતમ્"**. શું કામ કહેત? હવે તમે કહો કે તાત્પર્ય શેમાં છે? કૃષ્ણમાં છે. શ્રીમહાપ્રભુજીનું તાત્પર્ય ન તો ગુરુ હોવોજ જોઈએ એમાં છે કે ન તો ગુરુ ન જ હોવો જોઈએ એમાં છે. શ્રીમહાપ્રભુજીનું તાત્પર્ય કૃષ્ણમાં છે. "બાપ દેખાડ નહિતો શ્રાદ્ધ કર" એવો એકદમ રોકડો વેપાર છે. કૃષ્ણમાં તાત્પર્ય છે તો ગુરુ કરવા પણ વ્યાજબી છે. કૃષ્ણમાં તાત્પર્ય નથી તો ગુરુ કરવા પણ નાલાયકી છે. આ પછી ગોસ્વામીઓની કથા હોય કે પછી વૈષ્ણવની હોય, કે પછી શાસ્ત્રીની કથા હોય, કે પછી બાપા-બાપીની કથા હોય. અહીંયા તો બસ એક જ કથા છે કૃષ્ણકથા કૃષ્ણકથા અને કૃષ્ણની જ કથા, બીજી કોઈ પણ કથા અહીંયા છે જ નહીં. **"કૃષ્ણએવ તાત્પર્ય ન તુ તીર્થપર્યટનાદૌ"**.

જ્યાં વૈદિક કર્મની વાત આવી હતી ત્યાં પણ શ્રીમહાપ્રભુજીએ



આ જ વાત બતાવી છે કે **"શ્રીગોપીજનવલ્લભપ્રીત્યર્થમ્ એતત્કર્માનુષ્ઠાનમ્ અહં કરિષ્યે"**. પનુઃ કૃષ્ણએવ તાત્પર્યં સિદ્ધ્યયતિ નવા?

જ્ઞાનની વાત છે તો ત્યાં પણ આપ આજ્ઞા કરે છે **"માહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢઃ સર્વતોઽધિકઃ સ્નેહો ભક્તિઃ..."**. પ્રભુના માહાત્મ્યનું જ્ઞાન આપવાવાળા બધા શાસ્ત્રોનું તાત્પર્ય કૃષ્ણમાં છે. જો તમે માહાત્મ્યજ્ઞાનનું તાત્પર્ય કૃષ્ણમાં સમજ્યું તો તમે જ્ઞાની છો નહિતો અજ્ઞાની છો. શ્રીમહાપ્રભુજીનો મૂડ઼ સમજો. સમજશો તો બધી વાત સમજમાં આવી જશે અને ન સમજ્યા તો સ્વયં શ્રીમહાપ્રભુજીની પંક્તિ જ તમને ભ્રમિત કરવાવાળી બની જશે.

તમારે ભ્રમિત થવા માટે ન કુરાનની જરૂરત છે, ન બાઈબલની, જો કે શ્રીમહાપ્રભુજીએ એવું કોઈ વચન લખ્યું નથી પરન્તુ, જો મુખરતા દોષ ન થતો હોય તો, શ્રીમહાપ્રભુજીના તરફથી મારામાં તો આ કહેવાની પણ હિમ્મત છે કે જો તાત્પર્ય કૃષ્ણમાં છે તો બાઈબલ અને કુરાન પણ તમને ભ્રમિત નથી કરી શકતા. કેમ કે શ્રીમહાપ્રભુજીનો સ્પષ્ટ અભિપ્રાય છે કે જેટલા પણ વાચ્ય અર્થ અને જેટલા પણ વાચક શાસ્ત્ર છે, તે બધાનો અર્થ મૂલમાં કૃષ્ણ જ છે. બાઈબલ-કુરાન નવા શબ્દ લાવશે ક્યાંથી! **"અથવા સર્વરૂપત્વાત્ નામલીલાવિભેદતઃ, વિરુદ્ધાંશપરિત્યાગાત્ પ્રમાણં સર્વમેવ હિ"** કહેવાવાળો જો કોઈ આચાર્ય હોય તો તે આપણો મહાપ્રભુ છે. મહાપ્રભુએ કહ્યું છે કે કૃષ્ણમાં તાત્પર્ય છે તો એકે-એક વચન પ્રમાણ છે. અને કૃષ્ણમાંથી તાત્પર્ય ખણ્ડીત થયું તો કૃષ્ણ કથા પણ અપ્રમાણ છે. ગટરના પાણી જેવી થઈ જાય છે કૃષ્ણ કથા, જો કૃષ્ણમાં તાત્પર્ય નથી તો.

કાલે એક બીજો પ્રશ્ન આપણી સામે આવ્યો હતો કે મ્લેચ્છ

ભાષા બોલવી કે નહીં? ફરીથી સમજો કે જો કૃષ્ણમાં તાત્પર્ય છે તો મ્લેચ્છ ભાષામાં પણ કૃષ્ણ બોલી શકાય છે. *"સંસ્કૃતવાણી દેવેં કીધી તર પ્રાકૃત કાય ચોરા પાસૂની ઝાલી!, અતા તૂ યા અભિમાન ભૂલી વૃથા બોલી કાય કાજ, અતા સંસ્કૃતાત કિંવા પ્રાકૃતાત જ્યાં ભાષાન્ત ઝાલી કૃષ્ણ કથા તો ચ પાવનતાચી તત્ત્વ કથા જણાવી".* કૃષ્ણ કથામાં તાત્પર્ય છે તો બધી ભાષા પવિત્ર છે. અને જો નથી તો સંસ્કૃતભાષા પણ અપવિત્ર છે.

હું એ શ્રીમહાપ્રભુજીના વચન બતાવી શકું છું જેમાં આપશ્રીએ આ કહ્યું છે કે જે વેદના વચનનો અર્થ શ્રીકૃષ્ણ ન નિકળતો ન હોય તે વેદ વચન અપ્રમાણ છે. અને કૃષ્ણ અર્થ નિકળતો હોય તો બાઈબલનું વચન પણ પ્રમાણ છે. બાઈબલનું વચન પ્રમાણ છે એ બહુ મોટી વાત નથી, શ્રીમહાપ્રભુજી તો એવી વાત કહે છે કે જે સાંભળીને માણસની બુદ્ધિ જ બહેર મારી જાય. શ્રીમહાપ્રભુજી કહે છે કે " **'અગ્નિઃ અનુષ્ણઃ' ઈત્યપિ પ્રમાણમ્**". 'આગ ઠંડી છે' આ વચન પણ પ્રમાણ છે જો કૃષ્ણમાં તાત્પર્ય છે. કેમ કે આગ કોણ બન્યો છે? કૃષ્ણ. ઠંડો પદાર્થ કોણ બન્યો છે? કૃષ્ણ. આવું કહીને શ્રીમહાપ્રભુજી બધા જ જ્ઞાનનું દેવાળિયું ફૂંકી રહ્યા છે.

જ્ઞાનની વાત એક તરફ મુકો, અહીં તો બુદ્ધિનું જ દીવાળું નીકળી રહ્યું છે. કોઈ જઈને આ વાત શ્રીમહાપ્રભુજીને કહેશે તો શ્રીમહાપ્રભુજી નક્કિ આ જ વાત કહેશે કે જો કૃષ્ણમાં તાત્પર્ય છે તો બુદ્ધિનું દેવાળું નિકળી જાય તો તે પણ સારી વાત છે. રાવણ મહાન પણ્ડિત હતો. આપણે તેના જોડાંની બરાબરી પણ ન કરી શકીએ એટલો મોટો પણ્ડિત હતો. બધા જ શાસ્ત્રનો નિષ્ણાત હતો. પરન્તુ તેનું તાત્પર્ય સીતામાં હતું, સીતાપતિમાં નહોતું.



તાત્પર્ય શ્રીમાં હતું શ્રીનાથમાં ન હતું તેથી તેનો સંહાર શ્રીરામને કરવો પડ્યો. તો સમજી લ્યો કે આ કાંઈક બેજિક મૂડસ (મનઃસ્થિતિ) છે શ્રીમહાપ્રભુજીના. આને સમજીને જો શ્રીમહાપ્રભુજીના વચનોનું વ્યાખ્યાન આપણે કરીશું તો તો કાંઈક અર્થ હાથમાં આવશે નહિતો શ્રીમહાપ્રભુજીના તો શું પરવર્તી વ્યાખ્યાકારોના ગ્રન્થોનો અભિપ્રાય પણ સમજમાં નહીં આવી શકે.

શ્રીમહાપ્રભુજીના વ્યાખ્યાકારોમાં પણ શ્રીમહાપ્રભુજીના અભિપ્રાયને લીધે મતભેદ થયા છે. પરન્તુ વાત સમજો કે તે મતભેદ કૃષ્ણમાં તાત્પર્ય રાખીને જ થયા છે. એમના મતભેદ આજની જેમ એક - બીજાની સૃષ્ટિ તોડવા માટેના હોય છે તેવા મતભેદ ન હતા. તેથી તેઓની વચ્ચેના વિવાદ પણ પ્રમાણ છે. અને આપણા જેવાના સંવાદ પણ અપ્રમાણ હોઈ શકે છે, જો કૃષ્ણમાં તાત્પર્ય નથી તો.

આપણે અહીં સેમિનાર કરી રહ્યા છીએ. ભગવાન્ ન કરે આપણી વચ્ચે કોઈ એવી રીતનો સંવાદ સ્થાપિત થઈ જાય કે જેનું તાત્પર્ય કૃષ્ણમાં ન હોય. એવું થાય તો સમજો કે આપણા કરમ ફૂટ્યા. અને જો આપણે એકબીજાથી સહમત ન થયા, અને આપણો વિવાદ ચાલુ જ રહ્યો પરન્તુ તાત્પર્ય જો આપણો કૃષ્ણમાં છે તો શ્રીમહાપ્રભુજી આપણી બધાની પીઠ થાબડી દેશે બેટા! ખૂબ જ સારી વાત કરી તમે! મારા ખૂબ આશિર્વાદ છે તમને. સો વર્ષ જીવો!

શ્રીમહાપ્રભુજીનો એક મૂડ છે. જો આ સારું લાગતું હોય તો શ્રીમહાપ્રભુજીનું માનો, ન લાગતું હોય તો ન માનો. શ્રીમહાપ્રભુજી કોઈને બોલાવી નથી રહ્યા (શ્રીમહાપ્રભુજીના સ્વરૂપના તરફ ધ્યાનાકર્ષણ કરતાં - કરતાં) જોઈલો શ્રીમહાપ્રભુજીના શ્રીહસ્તની મુદ્રાને. બસ પોતાની

આ જ વાત સમજાવી રહ્યા છે. સમજમાં આવતી હોય તો પાસે આવો. આપણા આચાર્ય તો શ્રીકૃષ્ણાસ્ય છે. શ્રીકૃષ્ણની જ વાત જે આપશ્રીના દિલમાં છે તે મુખમાં આવીને બહાર આવવા માગી રહી છે **"અહમ્ આત્મા આત્મના ધાતઃ પ્રેષ્ઠઃ સન્ પ્રેયસામપિ અતો મયિ રતિં કુર્યાદ્ દેહાદિઃ યત્કૃતે પ્રિયઃ".**

આ એક ફ્રેમવર્ક (ચોકઠું) છે. આના અનુસન્ધાનમાં વર્ણાશ્રમધર્મની અનુષ્ઠેયતા પણ જો કૃષ્ણમાં તાત્પર્ય છે તો ખૂબ જ સારી વસ્તુ છે. કૃષ્ણમાંથી તાત્પર્ય ખણ્ડિત થયું તો એ જ મહાન ખરાબ ચીજ બની જશે, પાપ બની જશે. ઉદાહરણથી સમજાવું તો કાલે જે પ્રશ્ન ઉપસ્થિત થયો હતો કે કોણે તિલક કરવું અને કોણે બિન્દી કરવી? તો સમજો કે બધા વિષય વર્ણાશ્રમધર્મના છે, શાસ્ત્રના છે. શાસ્ત્ર પોતે એક મર્યાદા છે. મર્યાદાની વાત જ્યાં આવશે ત્યાં ધાક-ધામકી તો આવશે જ. તેના વગર તો મર્યાદા નભી જ નથી શકતી.

કાલે ભૂષણબાવાએ જે પોતાનો આલેખપત્ર વાંચ્યો તેમાં, હું સમજું છું ત્યાં સુધી, ૬૦-૭૦ પ્રતિશત્ વચનો ધાક-ધમકીના જ હતા. આમ કરશો તો નરકમાં જશો, આ કરશો તો આમ થઈ જશે... જેમ કોઈ તાલીબાનના લોકો કહેતા હોય એવા શાસ્ત્રના વચન લાગી રહ્યા હતા. આનો અભિપ્રાય સમજો કે મર્યાદાનું નિરૂપણ આવી રીતે જ થાય છે. નહિતો મર્યાદા સમજમાં નહીં આવે. કાયદામાં પણ એમ જ હોય છે. દરેક કાયદાની સાથે એક પીનલકોડ હોય જ છે. મતલબ, જો આ કાયદા પ્રમાણે ન ચાલ્યા તો આ દંડ થશે. જેમ હમણાં સરકારે કહ્યું છે કે સસ્તા ઉપર થુંકશે તેને ૧૦૦૦ રૂપીયા દંડ ભરવો પડશે. હવે વિચાર કરો કે કોઈ ૧૦૦૦ રૂપીયા જેટલું થુંકે છે કે જેની સફાઈમાં ૧૦૦૦ રૂપીયા લાગે?



નહીં. પરન્તુ મર્યાદા જો કઠોર હોય તો જ માણસો સીધા ચાલે.

હું જ્યારે ભારતીય વિદ્યાભવનમાં ભણતો હતો ત્યારે એક દિવસ હું અને મારો મિત્ર ઓસરીમાં બહાર ઉભા હતા. એટલામાં અમારો એક સહપાઠી આવ્યો અને ઓસરીમાં પાનની પિચકારી મારી દીધી. મારા મોઢામાંથી નિકળી ગયું કે જુઓ, કેટલી ખરાબ વાત છે, આ સાંભળીને મારો મિત્ર તેની પાસે ગયો અને એકદમ વિનયથી તેને પૂછ્યું શું તમારી પાસે રૂમાલ છે. તેણે કહ્યું કે હા છે. મિત્રએ કહ્યું મને જરા રૂમાલ આપશો, પ્લીઝ! એટલા વિનયથી તેણે રૂમાલ માગ્યો તો તેણે તુરત રૂમાલ કાઢીને મારા મિત્રને આપી દીધો. મિત્ર પાછો આવ્યો. જ્યાં અમારા સહપાઠીએ પાનની પિચકારી મારી હતી તેને રૂમાલથી સાફ કરી અને થેંક્સ્ કહીને રૂમાલ તેને પાછો આપી દીધો! અમે બન્ને તે વખતે તંદુરસ્ત-તગડા હતા. અને થુંકવાળો બિચારો દુબળો-પાતળો હતો તેથી વાત બગડી નહીં. પણ વિચાર કરો કે આવી નરમાઈથી પ્રેમથી શું મર્યાદા નભી શકે? નહીં. મર્યાદા તો *"સ્વચ્છ મુંબઈ રહેવા નહિતર ૧૦૦૦ રૂપિયા ભરા"* આવી રીતે જ નભી શકે. નહિતો તો બધા અમર્યાદ થઈ જાય.

આપણે ત્યાં વાર્તામાં આના ખૂબ જ સારા ખુલાસા છે. આપણે વાર્તાને ગંભીરતાથી નથી વાંચતા તે આપણું દુર્ભાગ્ય છે. પરન્તુ વાર્તા કેટલી ગંભીર છે તેનું હું આપને પ્રમાણ બતાવું. વાર્તામાં અભણ રજોબાઈએ શ્રીમહાપ્રભુજી જેવા પુષ્ટિમાર્ગીય સર્વજ્ઞની બોલતી બંધ કરી દીધી. આપશ્રીએ કહેવડાવ્યું કે મારા પીતાજીનું શ્રાદ્ધ છે, ઘી મોકલજે. તેણે કહ્યું નહીં મોકલાવું. આપશ્રીએ પાછું કહેવાડાવ્યું કે જઈને કહેજે કે શ્રીમહાપ્રભુજી એ મંગાવ્યુ છે. તેણે પાછો જવાબ આપ્યો કે જઈને કહી દો કે નહીં મોકલાવું. ત્રીજી

વખત કહેવડાવ્યું કે ખીજાઈ રહ્યા છે તો પણ ઘી ન મોકલાવ્યું. હવે શું કરવું. શ્રીમહાપ્રભુજીએ શ્રીલક્ષ્મણભટ્ટજીનું શ્રાદ્ધ પોતાના ઘરના ઘી થી કર્યું. સાંજે જ્યારે રજોબાઈ આવી તો આપ પીઠ દઈને બિરાજ્યા. તેણે પુછ્યું કે મારો શો અપરાધ થયો. આપશ્રીએ કહ્યું તારી પાસેથી ઘી જેવી વસ્તુ મંગાવીએ તે પણ તું મોકલાવી ન શકે, કેવી સેવક છો! રજોએ કેવી વિલક્ષણ વાત કહી દીધી! દસ હજાર શાસ્ત્રના પાના વાંચો તો પણ સમજવામાં ન આવી શકે એવી વાત કહી છે. તેણે કહ્યું કે આપને ત્યાં ઘી ની શું ખોટ હતી કે આપને મારી પાસેથી ઘી મંગાવવું પડ્યું? આપે કહ્યું કે ઘી મારી પાસે હતું પણ તે શ્રીઠાકોરજીનું હતું. તેણે કહ્યું કે આપને ત્યાં ઠાકોરજીનું હતું તો મારે ત્યાં કોનું હતું? તમારે ત્યાંનું ઘી જો તમે પિતાના શ્રાદ્ધમાં ન વાપરી શકો તો મારે ત્યાંનું કેવી રીતે વાપરી શકો? એટલું જ નહીં, રજોબાઈએ એક વાત બીજી કહી કે આપે એમ કેમ ન કહેવડાવ્યું કે ઘી મોકલવાથી મારા પુષ્ટિધર્મને બાધ નહીં થાય! આવું કહેવડાવ્યું હોત તો હું ઘી મોકલી દેત. અને આપ તો પાછા ગુસ્સે થઈ રહ્યા છો એવું કહેવડાવ્યું. તો ગુસ્સાની તો પુષ્ટિમાર્ગમાં આવશ્યકતા જ નથી. આપ ગુસ્સે થયા તો હું સમજી કે આપ કોઈ પ્રવાહમાર્ગીય કે મર્યાદામાર્ગીય આજ્ઞા કરી રહ્યા હશો. કારણ કે પુષ્ટિમાર્ગમાં ગુસ્સાને શું સ્થાન! એટલા માટે ઘી ન મોકલાવ્યું. શ્રીમહાપ્રભુજીની પાસે તેની વાતનો કોઈ જવાબ ન હતો. આપશ્રીએ એની વાત સિદ્ધાન્ત તરીકે સ્વીકારી છે.

અમારી સાથે એક વખત એવી ઘટના ઘટી. અમારે ફ્લેટ ખરીદવો હતો. અમે ફ્લેટ જોવા ગયા. તે બિલ્ડીંગનો બિલ્ડર વૈષ્ણવ હતો. તેણે અમને જોઈને જ ના પાડી દીધી કે અમારે મહારાજો સાથે સોદો નથી કરવો. અમે વીલું મોઢું લઈને પાછા આવ્યા. અહીં ગુસ્સે થવાનું કોઈ કારણ નથી. કેમ કે આ લૌકિક સમ્બન્ધ



છે પુષ્ટિમાર્ગીય સમ્બન્ધ નથી. જો ગુસ્સો આવે તો મર્યાદામાર્ગીય વાત થઈ ગઈ. એક બીજો પ્રસઙ્ગ બતાવું, અમારે ત્યાં એક વૈષ્ણવ આવતો. તેને વિચિત્ર રીતે ભેટ ધરવાની ટેવ હતી. જ્યારે આવે ત્યારે આવીને પોતાના ખિસ્સામાં હાથ નાખતો અને મુઠ્ઠીમાં પૈસા ભરીને કહેતો "કૃપાનાથ એકી કે બેકી?" બાલક જો એકી કહેતા અને એકી સંખ્યામાં રૂપીયા મુઠીમાં હોય તો ભેટ ધરી દેતો અને બેકી હોય તો પાછા ખિસ્સામાં રાખી લેતો. મને તેની સાથે આવી એકી બેકીની રમત રમવામાં બહુ શરમ આવતી, હું તેની રમતમાં ક્યારેય ભાગ ન લેતો. તે પણ મને ક્યારેય પણ ભેટ ન ધરતો. એક વખત મારે ૧૦૦૦ રૂપિયાની જરૂર પડી. મેં વિચાર્યું બધા બાલકો સાથે એકી-બેકી રમે છે આજે હું પણ ટ્રાય કરી જોઉં. મેં તેને ખૂબ દીનતાથી કહ્યું કે મારે ૧૦૦૦ રૂપિયાની જરૂર છે. આ સાંભળીને તેણે મને ઘણું મોટું બ્રહ્મજ્ઞાન આપ્યું કે મહારાજ તમે મારી સાથે એકી-બેકી તો રમતા નથી તો રૂપિયા શા માટે ઉધાર માંગી રહ્યા છો? હું આપને રૂપીયા ઉધાર નહીં આપી શકું. તેની વાત સાચી હતી. તેમાં ગુસ્સે થવાની કોઈ વાત ન હતી. હું જ્યારે એની સાથે એવા સમ્બન્ધ નિભાવી નથી રહ્યો તો તે પણ મારી સાથે મન માન્યો સમ્બન્ધ નિભાવવામાં સ્વતન્ત્ર છે. હવે આમાં હું તેના ઉપર ગુસ્સે થાઉં તો પ્રવાહમાર્ગ થઈ ગયો, પુષ્ટિમાર્ગ ન રહ્યો. આ વાતને સમજો.

તિલક કોણે કરવું આના ઉપર આપણે વિચાર કરી રહ્યા હતા. આ બાબતમાં વ્યવસ્થા એવી છે કે તિલક બ્રાહ્મણે (દ્વિજ) કરવું જોઈએ. હવે પ્રશ્ન અહીં ઉભો થાય છે કે બ્રાહ્મણત્વનું (દ્વિજત્વ) નિર્ધારણ કેમ કરવું? જે ત્રિકાલ સન્ધ્યા કરતો હોય, અગ્નિહોત્ર કરતો હોય, સ્વવર્ણાશ્રમાનુસાર આજીવિકા કમાતો હોય, વેદનો સ્વાધ્યાય કરતો હોય, શાસ્ત્રાનુસાર શુદ્ધિ જીવનમાં નિભાવતો હોય વગેરે-વગેરે

નિયમથી રહેતો હોય તો દ્વિજ છે. હવે વિચાર કરો કે આજે ત્રિકાલ સન્ધ્યા, અગ્નિહોત્ર કોણ કરે છે? સ્વાર્ણાશ્રમાનુસાર આજીવિકા કોણ કમાય છે? તો વિચારો કે દ્વિજ આજે કોણ છે? જો દ્વિજ નથી તો આપણે પણ તિલક કરવું કે બિન્દી લગાવવી? અને અમારા જેવા ગોસ્વામીઓ જે દેવલકવૃત્તિ કરી રહ્યા છે તે તો શૂદ્રથી પણ નીચા ગયા છે. હવે આપણે કયું તિલક કરવું? કેમ કે શાસ્ત્ર તો સ્પષ્ટ કહે છે કે દેવલકનું કપાળ તો ચાણ્ડાલ જેવું થઈ ગયું. હવે તો આપણે તિલક કરવું જ ન જોઈએ. કેમ કે શાસ્ત્રની મર્યાદા મુજબ તો હવે આપણે તિલક કરવામાં પાપ છે, ન કરીએ તો કોઈ અપરાધ નથી. તો સમજો કે મર્યાદાની સ્થિતિ કેટલી જટિલ છે.

મર્યાદામાં એક આજ્ઞા છે તો એની સાથે જોડાયેલો એક અપરાધ છે. અપરાધ છે તો તેની સામે એક દંડ છે. મર્યાદાની આજ્ઞા બધી જગ્યાએ આવી જ હોય છે. પછી તે ચિકિત્સા પદ્ધતિ હોય, શિક્ષાવ્યવસ્થા હોય, ટેક્સેશન લો (કર સમ્બન્ધી કાયદો) હોય અથવા ધર્મ હોય..... ડોક્ટરની પાસે જાવ તો ડાયાબીટીઝના દર્દીને તે શું કહેશે. શું એમ કહેશે કે "કાંઈ વાંધો નહીં ખાંડ ખાઓ ચિન્તા ન કરો" કે પછી એમ કહેશે કે "ખાંડ ખાશો તો મરશો". મર્યાદાની આજ્ઞા તો આવી રીતે જ આપવામાં આવશે. તે આજ્ઞાઓને પાળવી એ આપણી પણ મર્યાદા છે. એ આજ્ઞાની પાછળનું રહસ્ય પણ આપણે વિચારવું જોઈએ. જેમ ગોપાલે સમજાવ્યું હતું કે દરેક મર્યાદાનો એક આન્તરપક્ષ પણ હોય છે. દરેક આન્તરપક્ષ કોઈ મર્યાદાથી રક્ષાયેલો હોય છે. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું આન્તર રહસ્ય છે - "એકમેવાદ્વિતીયં બ્રહ્મ". અને બાહ્ય મર્યાદા શું છે "એકોઽહં બહુસ્યાં પ્રજાયેય". 'પ્રજાયેય' નો અર્થ શું? "ઉચ્ચનીચ ભાવેન જાયેયમ્". "ઉચ્ચનીચ ભાવેન જાયેયમ્" નો અર્થ શો? કોઈ પુષ્ટિજીવ



બની જાય, કોઈ મર્યાદા બની જાય, કોઈ પ્રવાહી બની જાય, કોઈ કૃત્ય ધર્મ થઈ જાય, કોઈ અધર્મ થઈ જાય. આ પ્રકારની વિવિધતા તે આન્તર પક્ષમાંથી પ્રગટ થઈ છે કે જેમાં કોઈ ભેદ છે જ નહીં. જે કાંઈક બહાર પ્રગટ થયું છે તે મર્યાદા છે. આ ભેદવાળી મર્યાદામાં જ તે અભેદનું રહસ્ય સુરક્ષિત છે. આંખ-મિચોલી મર્યાદામાં જ તો રમી શકાય ને! જેને શોધવાનો છે તે આપણી મર્યાદાની બહાર નિકળીને છુપાઈ જાય ત્યારે તો રમત ઠપ્પ થઈ જશે. તે શોધી શકવાની મર્યાદાની અંદર છુપાયેલો છે તો જ રમત ચાલે છે. આ સૃષ્ટિની રમતનું રહસ્ય પાછું એ છે કે જે શોધી રહ્યો છે અને જે સંતાઈ રહેલો છે તે એક જ છે.

આ રહસ્ય આપણને ઉપનિષદે સમજાવ્યું છે. જો તમે શોધી કાઢ્યો છે તો મર્યાદાનો કોઈ મતલબ નથી. પરન્તુ શોધી નથી શક્યા ત્યારે તો મર્યાદા નિભાવવી પડશે. જે સંતાયો છે તે સંતાયેલો રહે તેમાં રમતની મર્યાદા છે અને જે શોધી રહ્યો છે તે શોધતો રહે તેમાં રમતની મર્યાદા છે. જો તે મર્યાદા છોડી દેવામાં આવશે તો બધાનો લોપ થઈ જશે. તેથી આપણે ત્યાં કહેવામાં આવ્યું છે કે **"લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્ તેષુ નાન્યથા, વૈષ્ણવત્વં હિ સહજં તતોઽન્યત્ર વિપર્યયઃ"**. લૌકિકત્વ અને વૈદિકત્વ આપણે ત્યાં કાપટ્યથી છે. 'કાપટ્ય'નો અર્થ ગામને છેતરવું તેવો નથી. 'કાપટ્ય'નો અર્થ છે કે આપણી જે સહજ વૈષ્ણવતા છે તેને નિભાવવા માટે જેટલું લૌકિક અને વૈદિક જરૂરી છે એટલું તો લૌકિક - વૈદિક આપણે કરીશું. બાકી હવે આજની તારીખમાં કોને કેટલું લૌકિક - વૈદિક જરૂરી છે એ કોણ કહી શકે છે?

હું આ વાત રસિકભાઈના પેપર સમ્બન્ધમાં કહી રહ્યો છું. તાત્પર્ય લૌકિકતા કે વૈદિકતામાં નથી પણ વૈષ્ણવતાને જાળવી રાખવામાં

છે. એટલા માટે જ આપણે છાપા - તિલક - કણ્ઠી ધારણ કરીએ છીએ, વેશભૂષાનો પણ આગ્રહ રાખીએ છીએ. કાલે શરદબાવા કહી રહ્યા હતા કે શ્રીપુરુષોત્તમજીએ મોગલનો વેશ ધારણ કર્યો હતો. કન્હૈયાબાવા કહી રહ્યા હતા કે તે મોગલ વેશ ન હતો. વાત સમજો કે વેશ મોગલનો હોય, બ્રાહ્મણનો હોય કે કોઈનો પણ હોય સવાલ ફક્ત એ છે કે તે વખતે વૈષ્ણવતાને જાળવી રાખવા માટે તે વેશ જરૂરી હતો. ... અમારા શ્રીગોકુલનાથજી તાતજી મહારાજ બહુ સારી વાત કહેતા કે ઠાકોરજીને સંભાળવા માટે સાડી પહેરવી જરૂરી હોય તો પહેરી લેવી. પોતાની મૂછની શરમ ન રાખવી. તો વાત સમજો કે બધી વાત જરૂરી છે કૃષ્ણમાં તાત્પર્ય હોય તો.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે ''પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ'' તમે લગ્ન કરી રહ્યા છો. સ્ત્રીની સાથે સંભોગ કરી રહ્યા છો શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે ''કૃષ્ણ એવ તાત્પર્યમ્''. આ શ્રીમહાપ્રભુજીનો એક દષ્ટિકોણ છે. શ્રીમહાપ્રભુજીની આ કૃષ્ણતન્મયતા છે કે અહીંયાં સુધી પણ તે કૃષ્ણને શોધી રહ્યા છે કે **''પાયોઃ મલાંશત્યાગેન શેષભાગં તનૌ નયેત્''** જે વાતને કહેવામાં આપણે બીભત્સતાનો અનુભવ કરીએ તેને કહેવામાં શ્રીમહાપ્રભુજીને શરમ પણ નથી આવી રહી. જુઓ! શરમ પણ નથી આવી રહી. નિરોધલક્ષણ ગ્રન્થમાં એવી વાત કરી શકાય? કરી શકાય, કૃષ્ણએવ તાત્પર્યમ્, ''વૈષ્ણવત્વં હિ સહજમ્'' વૈષ્ણવતાના નિર્વાહ ઉપયોગી બધી લૌકિકતા અને વૈદિકતા સારી છે. પરન્તુ વૈષ્ણવતાની વિરોધી બધી લૌકિકતા અને વૈદિકતા પાપ પાપ અને શુદ્ધ પાપ છે.

બસ આ શ્રીમહાપ્રભુજીનો અભિપ્રાય છે. આ વાત સમજશો ત્યારે તમને **''અઙ્ગીકૃત્યૈવ ગોપીશ વલ્લભકીકૃતમાનવઃ, અઙ્ગીકૃતૌ સમર્યાદઃ''**નો



અર્થ પણ સમજમાં આવી જશે. માનવના ગોપીશવલ્લભીકરણમાં શ્રીમહાપ્રભુજી સમર્યાદ નથી અમર્યાદ છે. આ બે નામોના વચ્ચેનો થોડો વિરોધાભાસ છે તેની ખુબસુરતી ઉપર ધ્યાન આપો! જો શ્રીમહાપ્રભુજી અઙ્ગીકૃતિમાં સમર્યાદ છે તે જ ગોપીશને પ્રિય બનાવવામાં અમર્યાદ થઈ જાય છે. વલ્લભીકૃતમાનવમાં જે આપ અમર્યાદ છે તેનું જ નિદર્શન અહીં એ કહીને કરવામાં આવ્યું છે કે **''સેવાકૃતિઃ ગુરોઃ આજ્ઞા બાધન વા હરિચ્છયા, અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્''** ગુરુની આજ્ઞાનું જરા પણ સઙ્કોચ રાખ્યા વગર ઉલઙ્ઘન કરી શકાય છે. ગોપીશના વલ્લભીકરણમાં મર્યાદાનું ઉલ્લઙ્ઘન છે. અને આપણે જ્યારે માનવનો અઙ્ગીકાર કરીએ છીએ, ગુરુત્વેન, તેમાં મર્યાદાનો અઙ્ગીકાર છે. આ આખી ફ્રેમવર્ક છે. તે અઙ્ગીકરણ શું છે? લૌકિકતા વૈદિકાતા નું કાપટ્ય. ઉદાહરણથી તમને સમજમાં આવશે. જેમ બ્રહ્મસમ્બન્ધ દેવું, ગુરુ બનાવવા, સમ્પ્રદાયનું પ્રવર્તન કરવું એ બધી મર્યાદા છે. આ બધામાં ધાક - ધમકી છે. આ અમર્યાદ વિષય ન હોઈ શકે. પરન્તુ ભગવત્પ્રેમમાં ન કોઈ ગુરુની આવશ્યકતા છે ન કોઈ સમ્પ્રદાયની આવશ્યકતા છે. આ તો પુષ્ટિજીવ અને પુષ્ટિપ્રભુનો આપસી વિષય છે. મહાપ્રભુજીનો 'અઙ્ગીકૃતૌ સમર્યાદઃ' નામ છે તેનો જો કોઈ મેટાફર (રૂપક) તમારે જોઈતો હોય તો હું તમને આ રીતે આપી શકું છું કે જેમ વધૂનો હસ્તમેળાપ વરની સાથે થયા પહેલાં વધૂનો હાથ બ્રાહ્મણ પકડી લેતો હોય છે પરન્તુ પકડે છે પકડી રાખવા માટે નહીં પણ તેને વરના હાથમાં સોંપવા માટે. તો સમજો કે એવો હાથ પકડવો 'અઙ્ગીકૃતૌ સમર્યાદ' છે. અને જો વરના હાથમાંથી ઝુંટવી લેવા માટે વધૂનો હાથ પકડે તો પછી તે 'અઙ્ગીકૃતૌ અમર્યાદ' થઈ ગયું. ત્યારે તો પછી પ્રવાહી લીલા થઈ ગઈ. આ બધાનું રહસ્ય એ છે કે જે જીવ આવે છે તેને ભગવાને પ્રિય બનાવવો છે. ગમે તેમ પ્રિય બને, મર્યાદા પાળીને બને, તોડીને બને, જેમ પણ બને એમ. શ્રીમહાપ્રભુજીનું

મિશન (લક્ષ્ય) બસ એક છે કે જીવ અને ભગવાનની વચ્ચે જે દીપક રાગ છેડાયેલો છે તેની મહેફિલ જમાવવાવાળાને પકડો. હવે તેને કેવી રીતે પકડી શકાય તેના બધા ઓપ્શન્ (વિકલ્પો) ખુલ્લા પડ્યા છે. શ્રીમહાપ્રભુજી ક્યારેય એમ નથી કહેતા કે ભક્તિમાર્ગથી જ મુક્તિ મળશે અથવા જ્ઞાનમાર્ગથી જ મુક્તિ મળશે. આપ તો કહે છે કે મુક્તિ કર્મથી પણ મળશે, ભક્તિથી પણ મળશે, શિવથી પણ મળશે, ગણપતિથી પણ મળશે. પરન્તુ શ્રીમહાપ્રભુજી કહે છે કે તમારે જો મારા પ્રોગ્રામના અનુસાર આપણી અહન્તા - મમતાનો સમનુપાત વિનિયોગ કરવો છે તો મારા હૃદયમાં તો કૃષ્ણના સિવાય બીજે ક્યાંય તાત્પર્ય છે નહીં. તમે શિવને પણ ભજવાઈ ઇચ્છતા હો તો "કૃષ્ણએવ તાત્પર્યં" હોવું જોઈએ. જ્ઞાન કરવા માગતા હો તો "કૃષ્ણએવ તાત્પર્યં" હોવું જોઈએ. આટલી સાફ - સુથરી વાત આપણા મનમાં હોવી જોઈએ. આ 'અઙ્ગીકૃતૌ સમર્યાદં'ની વાત છે. તે મર્યાદાને શ્રીમહાપ્રભુજી નભાવવા માગી રહ્યા છે, તોડવા નથી માગતા, અઙ્ગીકારમાં. એટલા માટે જ શ્રીમહાપ્રભુજી પોતાને પણ ઈમ્પોઝ (ઠોકી બેસાડવું) નથી કરી રહ્યા પરન્તુ "**કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરં શ્રીભાગવતત્ત્વજ્ઞં ભજેદ્ જિજ્ઞાસુઃ આદરાત્**" કહી રહ્યા છે. પરવર્તી ટીકાકાર પણ એટલા માટે જ કહી રહ્યા છે કે "**કલેઃ બલિષ્ઠત્વેન અગ્રિમેષુ ગુરુત્વાભાવમ્ આલોચ્ય એતન્માર્ગીયગુરુત્વં સ્વસ્મિન્નેવ નિયચ્છન્ત આહુઃ**" કલિકાળને લઈને ગુરુના લક્ષણ આગળ થવાવાળાઓમાં ઘટિત ન થતા હોય તો ગુરુના લક્ષણ શ્રીમહાપ્રભુજી પોતાનામાં જ કન્ફાઈન્ડ્ (સીમિત) કરી લઈ રહ્યા છે. તાત્પર્ય ત્યાં પણ શ્રીમહાપ્રભુજીમાં ગુરુપણું સ્થાપિત કરવાનું નથી. પરન્તુ કૃષ્ણએવ તાત્પર્યમ્ છે.

આ મર્યાદા શ્રીમહાપ્રભુજીએ સ્વીકારી છે. તેથી "**જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિકૃત્**" બન્યા છે. આ મર્યાદા છે આચાર્યની "**આચિનોતિ**



**હિ શાસ્ત્રાણિ આચારે સ્થાપયત્યપિ, ઉપદેશયતિ અન્યાંશ્ચ તમ્ આચાર્યઃ પ્રચક્ષતે**". શું જરૂરત હતી આચાર્યમર્યાદાને પાળવાની મહાપ્રભુજીને? પરન્તુ આપે એ વાત સ્વીકારી છે કે હું કોઈ પણ વાત અમર્યાદિત નથી કહેવા માગતો. હું અમર્યાદિત સમ્બન્ધ કૃષ્ણ અને કૃષ્ણાર્થીની વચ્ચે સ્થાપિત કરવા માગી રહ્યો છું. મારા અને તમારા વચ્ચે અમર્યાદિત સમ્બન્ધ સ્થાપિત નથી કરવા માગી રહ્યો. એટલે જ મહાપ્રભુજી ત્યાં "આચિનોતિ હિ શાસ્ત્રાણિ" નો આગ્રહ રાખી રહ્યા છે. એટલે "કૃષ્ણસેવા પરં વીક્ષ્ય.... આદરાત્" ને મહાપ્રભુજી ગુરુત્વને સ્થાપિત કરી રહ્યા છે. કેમ કે કૃષ્ણ એવ તાત્પર્યમ્.

એક મજેદાર વાતઉપર ધ્યાન આપો કે ગુરુના લક્ષણ બતાવતી વખતે મહાપ્રભુજીને ગુરુ યાદ નથી આવી રહ્યા. યાદ આવી રહ્યું છે 'કૃષ્ણસેવાપરમ્'. પરબ્રહ્મ પરમાત્મા ભગવાન્ કૃષ્ણ શ્રીમહાપ્રભુજીની વીકનેસ્ (નબળાઈ) છે. સમજો તો ખરા કે તેઓ શું બતાવવા જઈ રહ્યા છે? "**તત્ર આદિતઃ સાધનાનિ આહ**". તો સાધનનાનિ આહ કે કૃષ્ણમ્ આહ? "આદિતઃ સાધનાનિ"માં પણ પાછો કૃષ્ણ યાદ આવી ગયો. જુઓ આ મહાપ્રભુજીની લાક્ષણિકતા છે. ગુરુના લક્ષણ બતાવવા જઈ રહ્યા છે તેમાં એમને દમ્ભાદિરહિતતા પહેલા વિચારમાં નથી આવી રહી. ભાગવતતત્ત્વજ્ઞતા ખ્યાલમાં નથી આવી રહી. સૌથી પહેલા ખ્યાલ આવી રહ્યો છે "કૃષ્ણસેવાપરં વીક્ષ્ય" કૃષ્ણએવ તાત્પર્યમ્. આનાથી હવે તો સમજો કે ગુરુ કૃષ્ણના માટે છે, કૃષ્ણ ગુરુના માટે નથી. કેમ કે ગુરુ નહીં હોય તો પણ કૃષ્ણ તો હોવો જ જોઈએ.

વર્ણાશ્રમ છે તો કૃષ્ણના માટે છે, વર્ણાશ્રમ તોડશું તો કૃષ્ણના માટે તોડશું, કમાઈ રહ્યા છીએ તો કૃષ્ણના માટે કમાઈ રહ્યા છીએ, ભીખ પણ માંગી રહ્યા છીએ તો કૃષ્ણના માટે માંગશું.

પરન્તુ કૃષ્ણના નામ ઉપર કદી ભીખ નહીં માંગીએ. કેમ કે કૃષ્ણના નામ ઉપર ભીખ માંગી તો તાત્પર્ય કૃષ્ણમાં નહીં રહીને ભીખમાં થઈ જશે. કૃષ્ણને માટે ભીખ માંગશું પણ કૃષ્ણના નામ ઉપર ભીખ નહીં માંગીએ. આ બે વાતોના ભેદ આપણને સમજમાં આવવો જોઈએ ત્યારે મહાપ્રભુજીનો મૂડ આપણે સમજી શકશું.

અહીં સુધી પ્રતીકના પેપરમાં ચોથા પેજનું નિરૂપણ આપણે જોયું. પાંચમાં પેજ ઉપર શ્રીમહાપ્રભુજીની "સાકારવ્યાપકત્વાચ્ચ મન્ત્રસ્યાપિ વિધાનત" કારિકાનું વિવરણ તેણે આપ્યું છે. આ બધા જ નિરૂપણથી હું જે વાત સમજાવવા માગી રહ્યો હતો તે એ હતી કે આમ તો આ જગતના યાથાર્થ્યની વ્યાખ્યામાં બધા દર્શનો એકબીજાના માથા ખૂબ જ ખરાબ રીતે દીપક રાગની મહેફિલની જેમ ફોડતા રહ્યા છે. તે કેવી રીતે ?

એક સામાન્ય ઉદાહરણ દ્વારા બતાવું કે આકારવાદી કહે છે કે આકાર પરમાર્થ છે, દ્રવ્ય અપરમાર્થ છે. દ્રવ્યવાદી કહે છે કે દ્રવ્ય જ પરમાર્થ છે આકાર અપરમાર્થ હોય છે. કર્મવાદી કર્મને પરમાર્થ અને દ્રવ્યને અપરમાર્થ માને છે. દ્રવ્યવાદી કર્મને પરમાર્થ નથી માનતા. વ્યાપકતાવાદી વ્યાપકતાને જ પરમાર્થ માને છે અને પરિછિન્નતાને અપરમાર્થ માને છે. પરિછિન્નતાવાદી બૌદ્ધ પરિછિન્ન વસ્તુને જ પરમાર્થ માને છે વ્યાપક જેમકે ઈશ્વર, જાતિ, આત્મા વગેરેને અપરમાર્થ માને છે. આ બહુ લાંબો દીપક રાગ ગવાઈ રહ્યો છે, ૨૫૦૦ વર્ષથી, પણ હજી સુધી ખતમ નથી થયો.

એક આપણા મહાપ્રભુજી છે કે જેમણે પરમાર્થની બાજુમાં બેસીને તેને પકડ્યો છે કે 'સાકારવ્યાપકત્વાચ્ચ' તે જ સાકાર છે અને તે જ વ્યાપક પણ છે. ઝઘડો કરવાવાળા અંદરો-અંદર એકબીજાને



પીટી રહ્યા છે. સાકારને પકડે તો વ્યાપક છટકી જાય અને વ્યાપકને પકડે તો આકાર દેખાતો જ બંધ થઈ જાય છે. શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે દીપક રાગ ગાવો હોય તો ગાઓ પરન્તુ શ્રુતિએ કહ્યું છે કે **"દ્વે વાવ બ્રહ્મણો રૂપે મૂર્તઞ્ચૈવ અમૂર્તઞ્ચ સ્થિતં ચ યચ્ચ સચ્ચ ત્યચ્ચ"** બન્ને તેના જ રૂપો છે, સાકાર પણ તે છે, વ્યાપક પણ તે છે. એવી સાકારતામાં ન ભટકો જેમાં વ્યાપકતાને ભુલી જાઓ. વ્યાપકતાની પાછળ એવા ગાંડા ન થઈ જાઓ કે જેમાં તમે આકારને સ્વીકારી ન શકો. આ જ શ્રીમહાપ્રભુજીના દર્શનનો મુખ્ય તાત્પર્ય છે.

પ્રેમનું એવા પ્રકારનું પ્રદર્શન ન કરો જેથી કે તે નિષિદ્ધ પ્રકારનું કર્મકાણ્ડ થઈ જાય. અને સેવાનું ક્રિયાની જેમ અનુષ્ઠાન ન કરો કે જે પ્રેમ વગરની લુખ્ખી કર્મકાણ્ડ માત્ર રહી જાય. આ બધી વાતોને સન્તુલિત કરવા માટે શ્રીમહાપ્રભુજીએ **"સાકરવ્યાપકત્વાચ્ચ મન્ત્રસ્યાપિ વિધાનતઃ, શ્રીકૃષ્ણં પૂજયેદ્ ભક્ત્યા યથાલબ્ધોપચારકૈઃ"**. વાત કહી છે. અહીં આપ સ્પષ્ટ આજ્ઞા કરે છે કે પ્રેમ વિરુદ્ધ કર્મકાણ્ડ, આકાર વિરુદ્ધ વ્યાકતા આ બધા ઝઘડાઓ ચાલી રહ્યા છે પણ એમાં તમે શું સમજશો. આકાર છે તો કૃષ્ણ એવ તાત્પર્ય, વ્યાપક છે તો પણ કૃષ્ણએવ તાત્પર્ય, પ્રેમ છે તો કૃષ્ણએવ તાત્પર્ય અને કર્મકાણ્ડ છે તો પણ કૃષ્ણએવ તાત્પર્યમ્. આ વાતને શ્રીમહાપ્રભુજી અહીંયા લાવવા માગી રહ્યા છે.

આને પ્રતીકે કેવી રીતે ટેકલ (સંભાળવું) કર્યું છે તે હું તમને બતાવી રહ્યો છું - *વી કન્સીડર્ ગોડ્ ટુ બિ* (આપણે ઈશ્વરને સર્વવ્યાપક માનીએ છીએ.) સર્વવ્યાપક....શાસ્ત્રવિધિ અને પૂજામન્ત્ર *આર નોટ પોસિબલ ફોર શેપલેસ્ એન્ટિટિ.* (નિરાકારની પૂજા વગેરે કરવી સમ્ભવ નથી) કેમ પૂજા કરશો? નિરાકાર વસ્તુની પૂજા

તમે ક્યાં કરશો. જ્યાં કરશો ત્યાં તકલીફ છે. આની ઠેકડી હું દર વખતે આવી રીતે ઉડાવું છું. મેં એક વખત કાઉન્ટ ડ્રાકુલા વાંચી. તો મનમાં ખૂબ જ શઙ્કાઓ ઠસાઈ ગઈ. પુસ્તક વાંચતા બીક લાગવા માંડી. હવે ક્યાં વાંચવી. બધી જગ્યાએ બીક લાગતી હતી. છેલ્લે મેં દીવાલ ઉપર વાંસો ટેકાવીને વાંચવાની શરૂ કરી. કેમ કે આજુ - બાજુ અને સામે તો બધું દેખાઈ રહ્યું હતું અને પાછળ તો ભીંત હતી, વાંચતા - વાંચતા તેમાં પ્રસઙ્ગ આવ્યો કે ડ્રાકુલા કબરમાં ધુસે છે. અચાનક જોરદાર આંધી આવે છે. આંધીથી કબરનો દરવાજો ધમાક કરતો બંધ થઈ જાય છે. આટલું વાંચતા જ ઓચિન્તાનો મારા રૂમનો દરવાજો પણ હવાથી ધમાક દઈને બંધ થઈ ગયો. બીકના માર્યા મારા રૂંવાડા ઉભા થઈ ગયા. તો સમજો કે જ્યાં પૂજા કરશો ત્યાં આકાર ખડો થઈ જ જશે. તો સમજો કે કોઈને આકારથી તો કોઈને વ્યાપકતાથી ભય લાગી રહ્યો છે. આ ભયને આપણે કૃષ્ણની વ્યાપકતા સ્વીકારીને દૂર કરી શકીએ છીએ.

પ્રેમને કારણે જેને સ્વચ્છન્દતાનો ભય લાગી રહ્યો છે અને કર્મકાણ્ડને કારણે જેને શુષ્કતાનો ભય લાગી રહ્યો છે એના ભયનો પણ ઉપાય **"સાકારવ્યાપકત્વાચ્ચ મન્ત્રસ્યાપિ વિધાનતઃ, શ્રીકૃષ્ણં પૂજયેદ્ ભક્ત્યા યથાલબ્ધોપચારકૈઃ"** છે. 'યથાલબ્ધોપચાર'માં પણ એ જ અહન્તા - મમતાના સમનુપાતિ વિનિયોગનો સિદ્ધાન્ત બોલી રહ્યો છે. જે તમને ઉપલબ્ધ છે તેના ઉપભોગથી કૃષ્ણ સન્તુષ્ટ છે, કૃષ્ણની પોતાની કોઈ આવશ્યકતા નથી. હવે એક વાત ઉપર ધ્યાન આપો - કૃષ્ણની આવશ્યકતાને માટે સેવા કરવી અને આપણી આવશ્યકતાને માટે સેવા કરવી આવી રીતે બે પક્ષો થઈ જશે. કૃષ્ણની આવશ્યકતા માટે સેવા કરવી એવો સિદ્ધાન્ત માનવાવાળો સેવા કરશે ત્યારે પોતાની પાસે નહીં હોય તો ગામથી ભીખ માંગશે, છાપાઓમાં મનોરથની જાહેરાત છપાવશે, મઠડી - મોહનથાળના સમાધાનની લાલચથી



શેઠીયાઓને લલચાવશે. બધા ધમ-પછાડા કરશે. અને જો મારી આવશ્યકતા માટે સેવા કરવી હશે તો જો મને આવશ્યક જ નહીં લાગતી હોય તો હું સેવા જ નહીં કરું. અથવા તો પછી "ફૂલ નહીં તો ફૂલની પાંખડી" ખુદ ભગવાને ગીતામાં કહ્યું છે કે **"પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ"** એક પાંદડું ધરો, એક ફૂલ રાખો, એક પાણીનો કળશો રાખો બસ સેવા થઈ ગઈ. ભગવાન્ જ્યારે આટલામાં સન્તુષ્ટ છે ત્યારે વધારે ખટપટ કરવાની જરૂર શું છે! તો જુઓ દીપક રાગનું માથા ફોડવાનું ચક્કર કેવું છે?

જો ભગવાન પત્ર - પુષ્પ - ફલથી સન્તુષ્ટ છે તો વધારે સેવાની શું આવશ્યકતા છે અને જો આપણા હિસાબથી સેવા કરવી છે ત્યારે તો મોટા જથ્થામાં બધી ચીજ - વસ્તુ મેળવવી પડશે. ત્યારે સેવા કર્મકાણ્ડમાં વિકૃત થયા વિના રહેશે નહીં. કોઈને પણ જુલાબ દેવો હોય તો આપણે ત્યાંની સેવાની રીતની ચોપડી વંચાવી દો. બિચારો ખોડ ભૂલી જશે. પછી ક્યારેય સેવા કરવાનું નામ નહીં લે. દરેક કર્મકાણ્ડની સાથે આ તકલીફ છે. આપણે કહેશું કે મર્યાદામાર્ગ ખૂબ જ અટપટો છે અને પુષ્ટિમાર્ગ ખૂબ જ સરળ છે. પણ જો સેવાની રીત વાંચશો તો લાગશે કે મર્યાદામાર્ગ એટલો અઘરો નથી. મર્યાદા માર્ગ કેટલો સહેલો છે? **"સર્વોપચારાર્થે ગન્ધાક્ષતપુષ્પાણિ સમર્પયામિ, નમસ્કરોમિ"** ચાલો છુટ્યા. પૂજા થઈ ગઈ પૂરી. હવે આની વચ્ચેનું સમતોલપણુ કેવી રીતે સધાશે. શ્રીમહાપ્રભુજીનું "શ્રીકૃષ્ણં પૂજયેદ્ ભક્ત્યા યથાલબ્ધોપચારકૈઃ" આ વચન જુઓ. શ્રીમહાપ્રભુજીએ કેવી રીતે પ્રેમ અને કર્મકાણ્ડની વચ્ચે સમતોલપણુ બનાવ્યું છે. હવે ન પ્રેમમાં વિકાર આવી શકે છે અને ન કર્મકાણ્ડમાં વિકાર આવી શકે છે કેમ કે મારી પાસે જે ઉપલબ્ધ (હાજર) નથી તેનાથી કૃષ્ણ સન્તુષ્ટ થવાનો નથી. એકવાર હું પદ્મનાભદાસજી વાળા કન્વિકશન (નિષ્ઠા) ની સાથે સેવા કરૂં કે મારી પાસે છોલાના

સીવાય બીજું કાંઈ નથી તો મારો મથુરાધિશ છપ્પન ભોગથી રાજી નહીં થાય. અને જો મારી પાસે છપ્પનભોગ છે તો મારો ઠાકુર છોલાથી રાજી નહીં થઈ શકે. ઠાકુરજી કહેશે કે નાલાયક, તું મને છેતરે છે! આ ''યથાપલબ્ધોપચારકૈ:'' પાછળની ભાવના છે. આ મહાપ્રભુજીની અન્તર્દષ્ટિ છે.

એવી જ રીતે આકાર અને વ્યાપક ને લઈને બૌદ્ધ અને બ્રાહ્મણ ધર્મના, બૌદ્ધ અને ચાર્વાક ના બૌદ્ધ અને જૈન ની વચ્ચે ૨૫૦૦ વર્ષોથી ચાલતા આવેલા વિવાદ ઉપર શ્રીમહાપ્રભુજીની સમગ્રતાવાદી એક દષ્ટિ છે, હોલસ્ટિક્ એપ્રોચ છે. તેના અનુસન્ધાનમાં આપ કહે છે કે ''સાકારવ્યાપકત્વાચ્ચ.....યથાલબ્ધોપચારકૈ:''.

**''લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્ તેષુ નાન્યથા, વૈષ્ણવત્વં હિ સહજં તતોઽન્યત્ર વિપર્યય:''** દ્વારા શ્રીમહાપ્રભુજી આપણને આ સમજાવવા માગી રહ્યા છે કે વૈષ્ણવતા પણ નિભાવો, વૈદિકતા પણ નિભાવો અને લૌકિકતા પણ નિભાવો. આની કંડીશન્ (શરત) શ્રીમહાપ્રભુજીએ આ બતાવી કે લૌકિકતા-વૈદિકતા કપટથી નિભાવો અને વૈષ્ણવતા સહજતાથી નિભાવો. શ્રીમહાપ્રભુજીને ખબર છે કે માણસ એવી રીતે પણ ગિલિંદરી (છેતરપિંડી) કરી શકે છે કે ''લૌકિકત્વં વૈદિકત્વં સહજં, વૈષ્ણવત્વં હિ કાપટ્યાત્'' હવે કેમ ખબર પડે કે લૌકિકતા સહજતાથી છે કે વૈદિકતા સહજતાથી છે અને કપટથી વૈષ્ણવતા છે!

શ્રીમહાપ્રભુજી ''જોભી હો તુમ ખુદાકી કસમ લાજવાબ હો'' એવા છે. મહાપ્રભુજી તેના માટે કહી રહ્યા છે કે **''યથાલાભસન્તોષ: કરિષ્યતિ''** સેવામાં જ નહીં આપણી લાઈફસ્ટાઈલ્ (જીવનશૈલી) પણ એવી બનાવીને બતાવો જેનો નિર્ણય મહાપ્રભુજીએ આમ બતાવ્યો **''પ્રાપ્તં સેવેત નિર્મમ''**. એટલે કે પ્રાપ્તં મમતયા ન સેવેત, પ્રાપ્તસ્ય



નિર્મમતયા ત્યાગમપિ ન કુર્યાત્. જીવનશૈલી જ્યારે તમે પોતાની પહેલા આવી બનાવશો ત્યારે તમને તે પ્રોગ્રામની ખબર પડશે કે ''લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્'' અને ''વૈષ્ણવત્વં હિ સહજં'' કેવું હશે. પ્રાપ્તં સેવેત નિર્મમનો પ્રોગ્રામ જો તમારા જીવનમાં નથી તો તમારાથી વૈષ્ણવતાનો નિર્વાહ સહજતાથી થઈ નહીં શકે. કાંઈકને કાંઈક તમારે વૈષ્ણવતામાં ગડબડ કરવી પડશે. આ જ વાત અહીં આવી રહી છે *''શ્રીકૃષ્ણ ઈઝ દ મોસ્ટ એપ્રોપ્રિએટ્ ઓબ્જેક્ટ ઓફ વર્શિપ્ .....પરફોર્મીંગ કૃષ્ણસેવા વિથ્ પ્રોસીડ્સ ઓફ અ ચેરિટી ઈઝ નોટ એટ-ઑલ્ એડવાઈઝ્ડ* (જુઓ પેજ નં. ૪૦૯, સાધનાપ્રણાલી) કેમ કે જ્યારે તમે ચેરિટી (સખાવત) ઉપર સેવા નભાવી રહ્યા છો ત્યારે વાર્તામાં આવે છે કે **''તુ સેવા કરનો ચાહે હૈ કે તાંતીકે વ્યાજપે મોંકો નિભાનો ચાહે હૈ''** અસ્વભાવિકતા ઉપર જ્યાં સુધી તમે તમારો કાબુ નહીં મેળવો ત્યાં સુધી તમે વૈષ્ણવતાને સહજતાથી નિભાવી નહીં શકો.

હવે વ્યક્તિને માટે જીવનમાં સ્વાભાવિકતા શું છે તે કોઈ નથી કહી શકતું. અને જે સ્વભાવિકતાને તમે આ સમાજમાં રહીને જીવવા માગી રહ્યા છો તેમાં દરેક માણસને તમારાથી સવાલ કરવાનો અધિકાર છે કે તમે મારી સાથે સ્વાભાવિકતયા વર્તી રહ્યા છો કે અસ્વાભાવિકતયા. તો બીજાની સાથે વર્તવાની વાત આવશે ત્યારે મર્યાદા આવશે અને તે મર્યાદાઓને આપણે નિભાવવી છે. પણ વૈષ્ણવતાને સહજતાથી નિભાવવી છે એ આની અંદર રહેલો રહસ્ય છે.

આની આગળ પેપરમાં સાધનપ્રકરણમાં વર્ણિત દેશ-કાલ-સાધનની વિફલતાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ વૈદિકતા કાપટ્યના સમ્બન્ધમાં આવતી વાત છે. એક સાચી વાત કહું કે હું તહેદિલથી માનું છું આ રહસ્યને કેમકે જ્યારે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરી રહ્યા

છે તે જમાનામાં **"વર્ણાશ્રમવતાં ધર્મે મુખ્યે નષ્ટે છલેન તુ ક્રિયમાણે ન ધર્મઃ સ્યાદ્ અતસ્ તસ્માન્ ન મોચનમ્"** તો મારું મન શ્રીમહાપ્રભુજીના આ વચનથી આશ્વસ્ત છે. બ્રાહ્મણોચિત શાસ્ત્રીય કર્મ જે મારે કરવા જોઈએ તે આજ હું કરી નથી રહ્યો. તેનું મારી પાસે સારું સ્પષ્ટીકરણ છે કે બધું જ નષ્ટ થઈ ગયું છે તો હવે શું કરું! પણ અચાનક કોઈ મને કહે કે તું બ્રાહ્મણ નથી શૂદ્ર છો તો મારા કાન આવુ સાંભળવા તૈયાર નથી. આ મનના દીપક રાગના ખેલ છે. જ્યાં કર્તવ્યનો સવાલ છે ત્યાં હું આ વિચારું છું કે દેશ કાલ દ્રવ્ય કર્મ કર્તા બધા છિન્ન-ભિન્ન થઈ ગયા છે. પણ જ્યારે મારો પ્રશ્ન આવ્યો તો મને લાગશે કે નહીં કાંઈક હજી પણ બચ્યું છે. એટલા માટે સન્ધ્યા થઈ શકે કે નહીં જનોઈ પહેરું છું, બ્રાહ્મણ હોંઉ કે નહીં ધોતી-ઉપરણા પહેરું છું, બ્રાહ્મણ હોઉં કે નહી પણ જે બ્રાહ્મણ ન હોય તેની સામે મારું બ્રાહ્મણત્વ નિભાવવાનો પ્રયાસ કરૂં છું. આ અહન્તા છે, આ મમતા છે જુઓ!

તો વૈદિકતાનું કાપટ્ય બે રીતે હોઈ શકે છે. એક તો હું કાપટ્યનો પ્રયોગ કરીને મારા બ્રાહ્મણત્વને વધારું. શ્રીમહાપ્રભુજી કહેશે કે કૃષ્ણમાં તાત્પર્ય નથી તો એવો વર્ણાશ્રમધર્મ તમને નરકગામી બનાવશે. અને આ કાપટ્યથી કૃષ્ણમાં તાત્પર્ય છે તો મહાપ્રભુજી કહે છે કે ચિન્તાની કોઈ વાત નથી.

અજગર રૂપ યક્ષે દ્વાપર વખતે જ્યારે યુધિષ્ઠિરને પુછ્યું હતું કે બ્રાહ્મણત્વની બાબતમાં તમારો શું વિચાર છે ત્યારે યુધિષ્ઠિરે દ્વાપર વખતે આ જવાબ આપ્યો હતો કે

**"જાતિરત્ર મહાસર્પ મનુષ્યત્વે મહામતિઃ**
**સઙ્કરાત્ સર્વવાર્ણાનાં દુષ્પરીક્ષ્યેતિ મે મતિઃ"**

યુધિષ્ઠિર કહી રહ્યા છે બધા વાર્ણોમાં શાઙ્કર્યને કારણે કોણ



બ્રાહ્મણ છે અને કોણ ક્ષત્રિય છે, વૈશ્ય યા શુદ્ર છે એ હું સમજી નથી શકતો. તો વિચારો કે જ્યારે વર્ણવ્યવસ્થા તે વખતે ખતમ થઈ ગઈ તો તેના ૫૦૦૦ વર્ષ પછી શું-શું ગોટાળા નહીં થયા હોય! ઘણા બધા થયા હશે. હવે એ ગોટાળામાં કેમ ખબર પડે કે કોણ બ્રાહ્મણ છે અને કોણ શૂદ્ર! કર્મણા બ્રાહ્મણ, જન્મના બ્રાહ્મણ, વૃત્યા બ્રાહ્મણ ... શાસ્ત્રની મર્યાદાઓ જોઈએ તો દીલ દહેલી જાય *"બન્દ કર શકીલ દાસ્તા અપની સુનનેવાલેકે દિલ દહલતે હૈં"* વેદનો સ્વાધ્યાય ન કર્યો તો તમે બ્રાહ્મણ ન રહ્યા, ગાયની કતલ થતી હોય તે પ્રદેશમાં રહો તો બ્રહ્મણત્વ કેન્સલ, કાં તો તમે કપાઓ કાં ગાયને બચાવો. તો જુઓ આ બધી વિકટ પરિસ્થિતીઓ છે.

ઘણા વર્ષો પહેલાં એક પ્રોબ્લેમેટિક (સમસ્યાવાળી) અમેરીકન ફિલ્મ આવી હતી. આપણે ત્યાં તો તે પ્રક્રિયા હવે શરૂ થઈ છે પણ અમેરીકામાં ડેટીંગની પરમ્પરા ખૂબ જૂની છે. આમાં અવિવાહિત નવયુવક અને નવયુવતિ એક બીજાને ડેટ (નિમન્ત્રણ) કરે છે, સથે ઘૂમે-ફરે જેથી કોની સાથે લગ્ન કરવા તેનો નિર્ણય થઈ શકે. તે ચક્કરમાં એક કન્યા સગર્ભા થઈ ગઈ. હું "અઙ્ગીકૃતૌ સમયાદો મહાકારૂણિકઃ" સમજાવી રહ્યો છું હોં! હવે કાયદો ત્યાંનો એ છે કે અવિવાહિતનું બાળક ઈલ્લેજિટિમેટ્ (અનૈતિક) માનવામાં આવે છે. છોકરો-છોકરી બન્ને મા-બાપની પાસે ગયા. તેમણે વિચાર્યું કે હવે તો લગ્ન એક સમાધાન છે. લગ્નની તૈયારીઓ શરૂ થઈ. તૈયારી કરતા-કરતા બાળકને જન્મવાનો સમય આવી ગયો. બધા લોકો પાદરીને કહેવા લાગ્યા કે લગ્ન જલ્દી કરાવો નહિતો બાળક નાજાયઝ (બીનવારસી) કહેવાશે. ત્યાંના કાનૂન મુજબ સરકારમાં રજીસ્ટ્રેશન ત્યાં સુધી ન થઈ શકે કે જ્યાં સુધી ચર્ચમાં લગ્ન ન થઈ જાય. પાદરીને પરિસ્થિતિ જોઈને ગભરાહટને લીધે પરસેવો છૂટી રહ્યા હતો. અને જેવું પાદરીએ કહ્યું કે વેડિંગ ઈસ્

સોલોમનાઈઝ્ડ (લગ્ન સંપન્ન થયા) તેવો જ બાળક ઉંવાઉંવા કરતો જન્મી જાય છે.

જો આપણે શાસ્ત્રની સામે ઉભા થઈએ તો આપણી પણ પરિસ્થિતિ આના કરતાં સારી નથી. પસીના છૂટી જાશે, એક વખત શાસ્ત્ર વાંચીને જોશો તો. ખરા હાલની ખબર પડશે કે જેનું શ્રીમહાપ્રભુજી દુઃખ સાથે નિરૂપણ કરી રહ્યા છે

**વર્ણાશ્રમવતાં ધર્મે મુખ્ય નષ્ટે છલેન તુ**
**ક્રિયમાણે ન ધર્મઃ સ્યાદ્ અતસ્ તસ્માન્ ન મોચનમ્**
**અથાપિ ધર્મમાર્ગેણ સ્થિત્વા કૃષ્ણં ભજેત્ સદા**
**શ્રીભાગવતમાર્ગેણ સ કથંચિત્ તરિષ્યતિ**

આ એક પોલીસી (નીતિ) છે, આ શ્રીમહાપ્રભુજીની મહાકારૂણિકતા છે. આપણો બધો વ્યવહાર ઈલ્લેજિટિમેટ્ (અનૈતિક) ન બની જાય તેના માટે શ્રીમહાપ્રભુજી આપણને ભાગવન્માર્ગ દેખાડી રહ્યા છે કે આ વિકટ સમયમાં પણ જો તમે ચાહો તો કાંઈક લેજિટિમેટ્ (નૈતિક) થઈ શકે છે. ફિલ્મની કલાઈમેક્સ (ચરમાવસ્થા) માં જેમ મિનિટનો ખેલ હતો તેમ અહીં પણ મિનિટનો જ ખેલ છે. આજની પરિસ્થિતિમાં શાસ્ત્રની જેટલી સાધનાઓ છે તે બધી ઈલ્લેજિમિટ્ થવા જઈ રહી છે. શ્રીમહાપ્રભુજીને પણ આ બધુ જોઈને પરસેવો છૂટી રહ્યો છે કે આ ડેટીંગ (નિમન્ત્રણ) કરવાવાળાઓનું શું કરવું. પણ શ્રીમહાપ્રભુજી પણ કોઈ રીતે સોલોમનાઈઝ્ (સમ્પન્ન) કરી રહ્યા છે. **"અઙ્ગીકૃતૌ સમર્યાદો મહાકારૂણિકો વિભુઃ અદેયદાનદક્ષશ્ચ મહોદારચરિત્રવાન્."**

શું થવા જઈ રહ્યું છે તેમાં શ્રીમહાપ્રભુજીએ શું કર્યું છે? જે વખતે કર્મ-જ્ઞાન-ભક્તિ બધા ખતમ થવા જઈ રહ્યા છે તે વખતે શ્રીમહાપ્રભુજી કૃષ્ણાશ્રયથી તેને કાંઈક લેજિટિમેટ્ બનાવી રહ્યા



છે- **"નાનાવાદવિનષ્ટેષુ સર્વકર્મવ્રતાદિષુ પાષણ્ડૈકપ્રયત્નેષુ કૃષ્ણએવ ગતિર્મમ"** પરિસ્થિતિની ગંભીરતા તમે સમજો કે જે સ્થિતિમાં શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણાશ્રયનો એક માર્ગ કાઢીને આપણને બતાવ્યો છે તેને પણ જ્યારે આપણે ઈલ્લેજિટિમેટ બનાવીએ તો તેનાથી મોટી વિપત્તિ બીજી શું હોઈ શકે છે!

ઓછામાં ઓછું તે કૃષ્ણને તો લેજિટિમેટ્ રહેવા દ્યો. તે આપણા સેવ્યને, આપણા સેવ્યની સેવાને, તે ભજનીયની કથાને, તે આપણા સેવ્યના લીલાસ્થળોને, આપણા સેવ્યની સેવાની દીક્ષાને, તે સેવ્યની સેવાના ઉપદેશને તો ઈલ્લેજિટિમેટ્ ન થવા દો. તેને લેજિટિમેટ્ રાખો!!!

એક વાત ધ્યાનથી સમજો કે કૃષ્ણનું સ્વરૂપ ઉપનિષદ સમજાવે છે કે તે આત્મારામ છે, આપ્તકામ છે, આત્મકામ છે. તેને કોઈની ગરજ જ નથી. તેના સિવાય બીજું કોઈ છે નહીં કે જેથી તે કોઈની ગરજ રાખી શકે. સર્વસમર્થ હોવા છતાં પણ કૃષ્ણ આ વિષયમાં અસમર્થ છે. જે કંઈ બીજું છે તે પણ તેની સર્વભવનસામર્થ્યનું પ્રોડક્ટ (પરિપાક) છે. એટલા માટે જ જ્યારે તે કોઈ બીજા સાથે રમણ કરી રહ્યો છે ત્યારે પણ તે આત્મરમણ જ કરી રહ્યો છે, જ્યાં સુધી કૃષ્ણનો સવાલ છે. જ્યારે તે આત્મરમણ કરી રહ્યો છે ત્યારે સખ્યલીલાનું રમણ, કાન્તલીલાનું રમણ, સ્વામિલીલાનું રમણ, કંસની સાથે ભયલીલાનું રમણ જે પણ રમણ કૃષ્ણ જે પણ ભક્ત સાથે કરી રહ્યો છે તેમાં તેના કાઉન્ટર પાર્ટસ્ (સામા પક્ષવાળા) ગોપબાલક, ગોપી, જશોદા, પૂતના, કંસ, નન્દ કોઈ પણ લઈ લો; કૃષ્ણના માટે તે કોઈ પણ પોતાનાથી અલગ નથી. તેમ છતાં પણ જો કૃષ્ણ તેમનાથી કોઈ અપેક્ષા કરી રહ્યો છે.... એટલે કે જન્મથી જ જોઈએ તો ઠાકોરજીને છોડીને યશોદાજી મહેમાનોની

આગતા-સ્વાગતા માટે ગયા ત્યારે ઠાકોરજીએ પોતાની અપેક્ષાનું એટલું ભારે પ્રદર્શન કર્યું કે આખું બળદગાડું ઉથલાવી નાખ્યું, માખણના હાંડલા ફોડી નાખ્યાં ... બધાજ તોફાનો કર્યા. કૃષ્ણનું આ વિષય અપેક્ષાનું પ્રદર્શન શું તેનું સ્વરૂપ છે કે તેનું કાપટ્ય છે? હવે ધ્યાનથી સમજો કે જો આપણે કૃષ્ણના સ્વરૂપની મર્યાદાથી જોઈ રહ્યા છીએ તો કાપટ્ય છે. કાપટ્ય કહેતાં જ શઙ્કરાચાર્યના મતવાળા બધા કહેશે કે બધું જ માયીક છે. લીલાની મર્યાદાથી જોઈએ તો આ તેની ભક્તવશ્યતા છે. ભક્તવશ્યતા આવતાં જ તેનું કાપટ્ય નથી લાગતું યથાર્થતા લાગે છે. યથાર્થતા આવતાં જ કૃષ્ણનું સ્વરૂપ ખણ્ડિત થઈ રહ્યું છે. તે જ દીપક રાગ પાછો અહીં પણ છેડાઈ ગયો. આમાં જે સિરફુટવ્વલ (માથાફોડી) થઈ રહી છે કે કૃષ્ણે યશોદાજીથી માખણની અપેક્ષા કરી, કંસને મારવાની અપેક્ષા કરી, સખાઓની સાથે ગાય ચરાવવાની અપેક્ષા કરી, ગોપીઓની સાથે રાસની અપેક્ષા કરી તે જે-જે અપેક્ષાઓ કૃષ્ણે જેની સાથે કરી તે અપેક્ષા જો તેનું કપટ છે તો માયા શા માટે નથી, અને જો યથાર્થ છે તો તેનું સ્વરૂપ ખણ્ડિત થઈ રહ્યું છે. તો જુઓ ભારે ખેમાબન્દી ( ગુટબંદી ) થઈ રહી છે.

એક મહાપ્રભુજી આ ખેમાબન્દીનું સમાધાન કાઢી રહ્યા છે કે સ્વરૂપ અખણ્ડિત રહેતો હોવા છતાં લીલામાં ખણ્ડ પ્રકટ થઈ શકે છે. લીલામાં મર્યાદા પ્રકટ થઈ રહી છે, સ્વરૂપ અમર્યાદ છે. કાપટ્ય પણ પરમાત્માના સ્વરૂપમાંથી પ્રકટ થયું હોવાથી સ્વરૂપાત્મક કાપટ્ય છે. હવે કૃષ્ણે જ્યારે કાપટ્ય કર્યું ત્યારે 'કાપટ્ય' નથી કહેવાતું 'લીલા' કહેવાય છે; આપણે કરશું તો 'કાપટ્ય' કહેવાશે.

આમાં અહીં સાધનાના સ્તર ઉપર બહુ મોટો વિવાદ ઉભો થઈ રહ્યો છે જે થિયોલોજી અને રિલિજન ( ધર્મશાસ્ત્ર-ધર્મસમ્પ્રદાય )



માટે એક પ્રોબ્લેમેટિક્ સબ્જેક્ટ (તકલીફ આપનાર વિષય) છે. તે આ કે શું આપણી સાધના પરમાત્માની સાથે કરવામાં આવતું કાપટ્ય છે કે લીલા છે. આવો શ્રીમહાપ્રભુજીનું સ્ટેન્ડ( મત ) જોઈએ.

એક તરફ આપ કહી રહ્યા છે

**કિમાસનં તે ગરૂડાસનાય,**
**કિં ભૂષણં કૌસ્તુભભૂષણાય,**
**લક્ષ્મીકલત્રાય કિમસ્તિ દેયં,**
**વાગીશ કિં તે વચનીયમસ્તિ''**

ભગવાનને આપણે શું આપી શકીએ છીએ? કાંઈ નહીં. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે **''ભગવતિ જીવૈઃ નમનમેવ કર્તવ્યં, નાધિકં કર્તુ શકયમ્ ઈતિ સિદ્ધાન્તઃ''** જીવ ભગવાનને માત્ર નમન કરી શકે છે એ પણ થોડા કન્શેશનલ એપ્રોચ ( ઉદારદષ્ટિ ) થી કહેવામાં આવેલી વાત છે. સાચું કહો તો નમન પણ કેમ કરી શકાય? ભગવાનથી અલગ કોઈ હોય તો તે ભગવાનને નમન કરી શકે. ભગવાનથી વ્યતિરિક્ત અહીંયા છે કોણ? કોણ કોને નમન કરશે? ભગવાનના અખણ્ડ શુદ્ધાદ્વૈતમાં ''સર્વં ખલ્વિદં બ્રહ્મ''માં કોણ કોને નમસ્કાર કરશે. આટલા માટે જ યમુનાષ્ટકમાં ટીકાકારોએ કહ્યું કે જીવ નમન પણ નથી કરી શકતો. ભાગવત પણ આને કહે છે કે **''સોઽહં તવાંઙ્ઘ્ર્યુપગતોઽસ્મ્યસતાં દુરાપં તચ્ચાપ્યહં ભવદનુગ્રહ ઈશમન્યે''**. અને ખરેખર તો આ પણ કોઈ જાતનું કપટ છે. વિચારો કે જ્યાં આત્માની અખણ્ડિતતા છે ત્યાં કોણ કોના ઉપર અનુગ્રહ કરશે! તો પણ એક લીલા પ્રગટ થઈ રહી છે. સ્વરૂપથી અલગ પ્રકારની અપેક્ષા અને કર્મ પ્રગટ થઈ રહ્યા છે આને કપટ-નાટક કહેવું કે લીલાવિલાસ કહેવો?

ફિનોમીના ( ઘટના ) એકજ છે પણ 'બાપની બાયડી' કહેવું

કે 'માં' કહેવું એ નક્કિ કરો. કપટ - નાટક પણ કહી શકાય છે અને તેને જ ભગવાનના ચિદાનન્દનો લીલાવિલાસ પણ કહી શકાય છે. મહાપ્રભુજી કહે છે ભગવાનને જગતનું કારણ માની લેવાથી ભક્તિ કપટ નહીં રહી જાય. ભગવાનની આ કૃતિને લીલા માનશો તો ભક્તિ પ્રગટ થશે. કેમકે તમે કપટ - નાટકના કપટથી છૂટીને લીલાવિલાસમાં વિહાર કરતા થઈ જશો. ત્યારે તમારી સાધના પણ કપટ - નાટક ન રહીને ભગવાનની સાથે રમવામાં આવતી રમત થઈ જશે. ભગવાન્ આપણાથી રમી રહ્યો છે. તે આપ્તકામ છે તો પણ આપણી સામે અપેક્ષા દેખાડી રહ્યો છે. આપણે ભગવાનને કાંઈ આપી શકીએ નહીં તો પણ ભગવાનને કહીએ છીએ *"રહીએ મેરે હી મહલ અનત ન જૈયે, શૈયા - સામગ્રી વસન - આભૂષણ સબવિધ કર રાખોંગી પહલ."* આ શું છે? કપટ - નાટક છે કે સેવા - ભક્તિ છે? સાચું પુછો તો તેને આપવા લાયક કાંઈ છે જ નહીં. કેમ કે સ્તુતિથી તેની અનિર્વચનીયતા ખણ્ડિત થાય છે, તીર્થયાત્રાથી તેની વ્યાપકતા ખણ્ડિત થાય છે, ભોગ ધરશો તો તેનું અભોક્તૃત્વ - શાક્ષિત્વ ખણ્ડિત થાય છે. પરમાત્મા બિચારો પરેશાન છે. *"જાયેં તો જાયેં કહાં સમજેગા કૌન યહાં દર્દભરે દિલકી ઝુબાં."* આવી પરમાત્માની સ્થિતિ છે. આમાં જે એક લીલા તે પ્રગટ કરી રહ્યો છે તેને લીલાત્મક રિસ્પોન્સ (પ્રતિભાવ) આપવો છે કે કપટ - નાટ્યાત્મક જવાબ દેવો છે એ તમે નક્કિ કરી લ્યો. બન્ને કામ કરી શકાય છે. જો કપટ નાટ્યાત્મક રિસ્પોન્સ દેવો છે તો તનુવિત્તજાના ભાગલા કરી દો, અહન્તા અને મમતાનો અનુપાત્ત ઘટાડી - વધારી દ્યો, પોતાના ઘરમાં સેવા કરવાને બદલે હવેલી-મન્દિરોમાં રખડવા મંડી જાવ, આજીવિકા માટે ભગવત્કથા કરો.... તાત્પર્ય તમારું કૃષ્ણમાં નહીં રહી જાય. ભક્તિ તમારું કપટ - નાટક બની જશે. અને તેને જ જો અગર લીલાત્મક રિસ્પોન્સ દેવો છે તો મહાપ્રભુજીએ એક મર્યાદા બતાવી દીધી છે



**"બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મત:**
**અવ્યાવૃતો ભજેત્ કૃષ્ણં પૂજ્યા શ્રવણાદિભિ:"**

તમે એની લીલાનો જવાબ લીલાથી આપ્યો તો એક ખેલ શરૂ થઈ ગયો, એવો ખેલ કે જેમાં આનન્દના સિવાય બીજુ કાંઈ પ્રગટ થઈ શકશે નહીં. હવે કોઈ પ્રકારની કુણ્ઠા (અભાવ-ઓછપની લાગણી) રહી નહીં. આપણે ત્યાં કહેવાય છે કે ભક્ત વ્યાપિવૈકુણ્ઠમાં જાય છે. 'વૈકુણ્ઠ' નો અર્થ થાય છે - "કુણ્ઠાયા: અભાવો વિકુણ્ઠ:, વિકુણ્ઠસ્ય ભાવ: વૈકુણ્ઠ:". અને 'વ્યાપિવૈકુણ્ઠ' એટલે જે બધી જગ્યાએ હાજર હોય. તેથી તમારું ઘર પણ નિત્યલીલામાં હાજર છે. તો તે બધા દેશ બધા કાળમાં મૌજૂદ છે. વ્યાપિવૈકુણ્ઠમાં ચાલતી લીલાને આપણા ઘરમાં પ્રગટ કરવાનો આ એક ખેલ છે. શરૂ કરી દ્યો તો તમે પણ રમી શકો છો.

બસ તમારી એટલી ભાવના હોવી જોઈએ કે આવ ચાલ આપણે બન્ને મળીને ખેલીએ. તું મારો સ્વામિ થઈજા અને હું તારો દાસ. અથવા તું મારો બાળક બનીજા હું તારો પિતા. બસ ખેલ શરૂ થઈ ગયો. આ ખેલ તમારું કપટ - નાટક પણ હોઈ શકે છે પણ ત્યારે કે જ્યારે તમે આ ખેલ તેની સાથે ખેલવા માટે નથી ખેલતા પણ ગામને દેખાડવા માટે ખેલી રહ્યા હો. અને જો તમે તેની સાથે ખેલવા માટે જ આ ખેલ ખેલી રહ્યા છો તો આ તમારો તેની સાથે લીલાવિલાસ થઈ ગયો. તે અમર્યાદિ કોઈ પ્રકારની મર્યાદાઓ પ્રગટ કરી છે જે પ્રકારની મર્યાદા ક્રીકેટની હોય છે. દડો પગમાં લાગી જાયતો લેગબિફોર આઉટ થઈ જવાય, દડો ત્યાં ચાલ્યો ગયો તો બાઉન્ડ્રી લાગી ગઈ. તે મર્યાદાઓને તોડવાથી ખેલ બગડી શકે છે અને તેના પાલનથી ખેલનો આનન્દ પ્રગટ થઈ શકે છે. બસ આટલીજ તો વાત છે તેનાથી કોઈ વધારે ગંભીર વાત નથી. આઉટ થઈ ગયો મતલબ કોઈ દુનિયાથી

આઉટ નથી થઈ ગયો. ડોબાઓ કેટલાક એવા પણ હોય છે કે જો તેંડુલકર આઉટ થઈ જાય તો હાર્ટ-એટેક આવી જાય. એવા ડોબાઓનો કોઈ ઈલાજ નથી. કેમ કે તે દીપક રાગનો વિષય છે. માણસના અહન્તા-મમતાના અનુપાત બગડી જવાથી આ પ્રકારના રસાભાસ પણ પ્રગટ થઈ શકે છે. એટલે મહાપ્રભુજીએ કહ્યું કે જે મર્યાદામાં આ લીલાઓ પ્રગટ થઈ છે તે મર્યાદામાં રહીને તમે બધા કામ કરો. મર્યાદાઓથી તમે આક્રાન્ત (ઘેરાઈ જવું) ન થઈ જાવ *"યા તો મર જાઈયે યા માર દીજીયે, જો ભી હો આજ ફૈસલા કીજીયે"* આવી કોઈ વાત નથી આ લીલાની વાત છે.

આપણે ત્યાં પ્રેમ અને મર્યાદાનો એક વિવેક છે. આ ઉત્તમ માર્ગમાં આ સમજણ અને આ ભાવની સાથે, આ "અઙ્ગીકૃતૌ સમર્યાદ:"ની સાથે, લૌકિક-વૈદિકને કાપટ્યથી નિભાવતા, સહજ વૈષ્ણવતાને નિભાવતા સાથે તમે ચાલી શક્યા તો

**"માર્ગો અયં સર્વમાર્ગાણામ્ ઉત્તમઃ પરિકીર્તિતઃ,**
**યસ્મિન્ પાતભયં નાસ્તિ મોચકઃ સર્વથા યતઃ".**

આ જ વાત પ્રતીક પણ કહી રહ્યો છે કે *"દ ભિસ્ટ્ ઓફ ધ અબાઉ ડિસ્કશન્.... ઈઝ દ બેસ્ટ પાથ અમઙ્ગ ધ અધર્સ"* કૃષ્ણમાં તાત્પર્ય છે તો ભટકી ગયા તો પણ સારું છે અને તાત્પર્ય કૃષ્ણમાં નથી તો વૈકુણ્ઠમાં પહોંચીને પણ કોઈ ફાયદો થઈ શકતો નથી. કેટલાય અસુરો પણ વૈકુણ્ઠમાં પહોંચી ગયા હતા, દુર્વાસા પણ પહોંચી ગયા હતા.

કૃષ્ણમાં તાત્પર્ય છે તો છૂટા પડી ગયા તો પણ "આન્તરન્તુ પરં ફલમ્" થઈ જશે. અને તાત્પર્ય નથી તો કદાચ કૃષ્ણ મળી પણ ગયો તો પણ તમે પૂતનાની જેમ તેને ઝેર પાવા માંડશો.



તો કૃષ્ણના મળી જવાથી સમસ્યાનું સમાધાન નહીં થાય, જો તાત્પર્ય કૃષ્ણમાં નહીં હોય તો. પણ તાત્પર્ય જો કૃષ્ણમાં છે તો કૃષ્ણ ન મળ્યો તો પણ તમારી સમસ્યાનું સમાધાન થઈ જશે.

આ વાત શ્રીમહાપ્રભુજી આપણને સમજાવવા માગી રહ્યા છે, સહસ્ત્ર પરિવત્સરથી આજ સુધી સમજાવવા માગી રહ્યા છે. આને સમજશો તો મહાપ્રભુજીનો સિદ્ધાન્ત સમજમાં આવશે. નહીં સમજો તો દીપક રાગ તો ચાલી જ રહ્યો છે અને ચાલતો રહેશે. શ્રીમહાપ્રભુજી આપણને સામર્થ્ય આપે કે કૃષ્ણમાં તાત્પર્ય કેવું હોય તે આપણને સમજમાં આવે.